પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ

RNI NO GUJGUJ/2008/34329

arham publications RAJKOT

RAJKOT/639/2025-2027 RMS-RJT

POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨

તા. ૧૪-૨-૨૦૨૬, શનિવાર

વર્ષઃ ૧૪, અંક : ૨૮૮

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

પોતાનો માઈનસ પોઈન્ટ જાણી લેવું જીવનનો સૌતી મોટો પલ્સ પોઈન્ટ છે...

**“ગ્રેઈન એટીએમ”: માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો સુધી અનાજ મળશે**

(વાંચો છેલ્લા પાને)

### રાજકોષીય ખાધ અને વિકાસનું રિઝર્વ બેન્ક ઉપર જબરદસ્ત દબાણ ઉભું થશે ?

# બજારમાંથી રૂ.30 લાખ કરોડ ‘ઉઠાવવા’નો કેન્દ્ર અને રાજ્યોનો મનસુબો રૂપિયાને પાડીને પાદર કરી દેશે

### દેવાના પહાડને કારણે બજારમાં નાણાંની તંગી સર્જાઈ શકે છે અને વ્યાજદરો ઉપર જઈ શકે છેઃ આરબીઆઇ તમામ મોરચે લડી શકે તેમ ન હોવાથી ના છૂટકે રૂપિયાને ગગડવા દેવો પડશે

**રૂપિયો ‘બલિનો બકરો’ બનશે**

આર્થિક નિષ્ણાતોના મતે, વ્યાજદરો નીચા રાખવા અને વિકાસદર જાળવી રાખવા માટે આરબીઆઇ એ વિનિમય દરની સ્થિરતા સાથે સમાધાન કરવું પડશે. જ્યાં સુધી વિદેશી રોકાણકારોનો પ્રવાહ ફરીથી ભારતમાં ન આવે ત્યાં સુધી આરબીઆઈએ રૂપિયાને ધીરે-ધીરે નબળો પડવા દેશે તેવી પ્રબળ શક્યતા છે. આ ’ટ્રાઈલેમા’ માં રૂપિયો જ સૌથી સરળ અને ઓછો નુકસાનકારક વિકલ્પ હોવાથી, તેને “બલિનો બકરો“ બનાવવામાં આવશે તેમ માનવામાં આવે છે.

**દેવાનો ડુંગરઃ 30 લાખ કરોડ**

વર્ષ ૨૦૨૬-૨૭ માં કેન્દ્ર અને રાજ્ય સરકારોનું કુલ દેવું 30 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચવાનો અંદાજ છે. જેમાં કેન્દ્ર સરકાર ૧૭.૨ લાખ કરોડ રૂપિયાનું નવું દેવું કરશે. આશ્ચર્યની વાત એ છે કે, કુલ દેવામાંથી ૫.૫ લાખ કરોડ રૂપિયા તો માત્ર જૂના દેવાની ચૂકવણી માટે વપરાશે.

**વિદેશી ભંડોળનો આઉટફ્લો**

નીચા વ્યાજદરો અને નબળા અર્નિંગ્સને કારણે વિદેશી રોકાણકારો ભારત છોડી રહ્યા છે. ચાલુ નાણાકીય વર્ષમાં એપ્રિલથી જાન્યુઆરી સુધીમાં શેર અને ડેટ માર્કેટમાંથી ૬૪,૭૫૯ કરોડ રૂપિયા પરત ખેંચાયા છે. જેના કારણે RBI નું વિદેશી મુદ્રા ભંડોળ જૂન ૨૦૨૫ ના ૫૯૫ અબજ ડોલરથી ઘટીને ૫૬૩ અબજ ડોલર થઈ ગયું છે.

**આરબીઆઈનું ‘ત્રિશંકુ’**

અર્થશાસ્ત્રના નિયમ મુજબ કોઈપણ દેશ એક સાથે ૧) સ્વતંત્ર વ્યાજદર, ૨) મુક્ત મૂડી પ્રવાહ અને ૩) સ્થિર વિનિમય દર જાળવી શકતો નથી. ભારત હાલમાં વિકાસ માટે વ્યાજદરો નીચા રાખવા માંગે છે અને વિદેશી મૂડી પણ ઈચ્છે છે, તેથી તેણે સ્થિર રૂપિયાની જીદ છોડવી પડશે અને રૂપિયાને નબળો પડવા દેવો પડશે.

**ટેક્સની ધીમી રફતાર**

સરકારની આવક ધારણા મુજબ વધી રહી નથી. ૨૦૨૫-૨૬ માટે ટેક્સની આવકમાં ૧૦.૮% નો વધારો અપેક્ષિત હતો, પરંતુ તે માત્ર ૭.૪% રહેવાનો અંદાજ છે. આગામી વર્ષ ૨૦૨૬-૨૭ માટે પણ ટેક્સ ગ્રોથનો અંદાજ ૮% જેવો સામાન્ય રાખવામાં આવ્યો છે, જે સરકારને દેવું વધારવા મજબૂર કરે છે.

**વિદેશી મૂડી પર નિર્ભરતાનું જોખમ**

ભારતનું વિદેશી મુદ્રા ભંડોળ વેપારના નફામાંથી નહીં, પરંતુ વિદેશી દેવા અને રોકાણ થી બનેલું છે. ભારત આયાત વધુ કરે છે. તેથી જ્યારે એફઆઈઆઈ નાણાં પાછા ખેંચે છે ત્યારે રૂપિયા પર સીધું જોખમ ઊભું થાય છે. એપ્રિલ-નવેમ્બર ૨૦૨૫ દરમિયાન આરબીઆઇ એ રૂપિયાને બચાવવા ૪૩.૩ અબજ ડોલર વેચવા પડ્યા હતા.

**અબતક, નવી દિલ્હી**

વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટ બાદ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. એક તરફ સરકારના જંગી દેવાનો બોજ અને બીજી તરફ વિદેશી રોકાણકારો દ્વારા કરવામાં આવી રહેલું વેચાણ, આ બેવડા ફટકા વચ્ચે રૂપિયો “બલિનો બકરો“ બને તેવી શકયતા છે. આર્થિક નિષ્ણાતોના મતે, આરબીઆઈ હાલમાં ’ટ્રાઈલેમા’એટલે કે આર્થિક ધર્મસંકટનો સામનો કરી રહી છે, જેના કારણે આગામી સમયમાં રૂપિયો વધુ ગગડી શકે છે. (અનુ. આઠમા પાને)

# ફક્ત ૧૨ મહિનાની અંદર જ એઆઈ દેશ-દુનિયાની શકલ બદલાવી નાખશે

### ભારતીય આઈટી સેક્ટર માટે ‘રેડ એલર્ટઃ ક્રિએટીવિટી વગરના ક્ષેત્રોમાં એઆઈ લાખો નોકરીઓ ખાઈ જશે

**માઈક્રોસોફ્ટ એઆઈની ચેતવણી “૧૨ થી ૧૮ મહિનામાં મોટો બદલાવ”**

માઈક્રોસોફ્ટ એઆઈના સીઈઓ મુસ્તફા સુલેમાને ‘ધ ફાઈનાન્શિયલ ટાઈમ્સ’ ને આપેલા ઈન્ટરવ્યુમાં ચોંકાવનારો દાવો કર્યો છે. તેમણે જણાવ્યું કે ઓફિસમાં કમ્પ્યુટર પર થતાં કામો જેવા કે વકીલો, એકાઉન્ટન્ટ્સ અને પ્રોજેક્ટ મેનેજરોની કામગીરી આગામી ૧૨ થી ૧૮ મહિનામાં ઓટોમેટ થઈ શકે છે. હાલના એઆઈ મોડલ્સ માનવ પ્રોગ્રામરો કરતાં વધુ સારું કોડિંગ કરી રહ્યા છે. સુલેમાને ભવિષ્યવાણી કરી છે કે જેમ આજે બ્લોગ લખવો કે પોડકાસ્ટ બનાવવું સરળ છે, તેમ ભવિષ્યમાં એઆઈ મોડલ બનાવવું સામાન્ય બની જશે. સંસ્થાઓ પોતાની જરૂરિયાત મુજબ એઆઈ જાતે જ ડિઝાઈન કરી શકશે. આગામી ૨-૩ વર્ષમાં જટિલ વર્કફ્લો મેનેજ કરવા માટે માણસોની ટીમને બદલે ‘એઆઈ એજન્ટ્સ’ કામ કરશે.



**કોર્પોરેટ જગતમાં છટણીનો દોર આવશે**

ક્લાઉડ સર્વિસ કંપનીએ ૩આઈ પર ફોકસ કરવા માટે હાલમાં જ ૧,૦૦૦ કર્મચારીઓની છટણી કરી છે. ભારતનું અર્થતંત્ર આઈટી સર્વિસિસ અને આઉટસોર્સિંગ પર મોટો આધાર રાખે છે. જો એઆઈ સ્વતંત્ર રીતે કોડિંગ અને મેનેજમેન્ટ કરી શકશે, તો ભારતના પરંપરાગત આઉટસોર્સિંગ મોડલ પર મોટો ફટકો પડી શકે છે. રોકાણકારોને ડર છે કે ઓટોમેશન લેબર માર્કેટ કરતાં વધુ ઝડપથી વધી રહ્યું છે.

**સોફ્ટવેર એન્જિનિયરિંગ ખતમ થઈ જશે?**

વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં એન્થ્રોપિકના સીઈઓ ડારિયો એમોડેઈએ વધુ ગંભીર ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે સોફ્ટવેર એન્જિનિયરિંગ એક વ્યવસાય તરીકે આગામી ૧૨ મહિનામાં અપ્રસ્તુત બની શકે છે. બે વર્ષ પહેલા એઆઈ એક લાઈનનો કોડ લખવા સંઘર્ષ કરતું હતું, આજે તે આખા પ્રોગ્રામ લખી રહ્યું છે. કંપનીના જણાવ્યા અનુસાર, તેમનું એઆઈ મોડલ ‘ક્લોડ’ હવે પોતાના અપડેટ્સ જાતે જ લખી રહ્યું છે. આ દર્શાવે છે કે સોફ્ટવેર ડેવલપમેન્ટ માટે હવે માણસોની જરૂરિયાત ઘટી રહી છે.

**અબતક, નવી દિલ્હી**

ભારતીય આઈટી ક્ષેત્ર હાલમાં તેના સૌથી મુશ્કેલ તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે. ટેકનોલોજી શેરોમાં થયેલા મોટા ઘટાડા પાછળનું મુખ્ય કારણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વધતો ડર છે. રોકાણકારો અને નિષ્ણાતોને ભય છે કે એઆઈ કોર ટેકનોલોજી રોલ્સને બિનજરૂરી બનાવી શકે છે. આ ચિંતાના કેન્દ્રમાં વૈશ્વિક એઆઈ લીડર્સ દ્વારા આપવામાં આવેલી ચેતવણી છે, જે મુજબ આગામી ૧૨ મહિનામાં વ્હાઈટ-કોલર (ઓફિસ વર્ક) નોકરીઓ પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે.

આગામી ૧૨ થી ૧૮ મહિના ભારતીય આઈટી પ્રોફેશનલ્સ માટે નિર્ણાયક સાબિત થશે. એક તરફ એઆઈ દ્વારા વ્હાઈટ-કોલર જોબ્સના સફાયાનો ડર છે, તો બીજી તરફ કામકાજના સ્વરૂપમાં પરિવર્તનની શક્યતા છે. ૨૦૨૬ નું વર્ષ નક્કી કરશે કે એઆઈ માણસોનું સ્થાન લેશે કે પછી માણસોને વધુ શકિતશાળી બનાવશે. (અનુ. આઠમા પાને)

# અમેરિકા-યુરોપ સાથેની ટ્રેડ ડીલ ૬૦ ટ્રિલિયન ડોલરથી વિકાસ આસમાને આંબી જશેઃ પિયુષ ગોયલ

### ૨૦૪૭ સુધીમાં ભારતના 30 ટ્રિલિયન ડોલરના અર્થતંત્રમાં એઆઈનો મહત્વનો ફાળો તેમજ વિશ્વને એઆઈ અપનાવવામાં ભારતીય કંપનીઓ અને નિષ્ણાંતો પથપ્રદર્શક બનશે

**અબતક, રાજકોટ**

ભારતના આર્થિક વિકાસને નવી ઊંચાઈએ લઈ જવા અને વૈશ્વિક બજારમાં ભારતીય ઉત્પાદનોની મજબૂત પકડ બનાવવા માટે કેન્દ્ર સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે. ગ્લોબલ બિઝનેસ સમિટમાં સંબોધન કરતા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે, અમેરિકા અને યુરોપિયન યુનિયન (ઊઅ) સાથેના વ્યાપારિક સંબંધો અને નવા કરારોને કારણે ભારતીય નિકાસકારો માટે અંદાજે ૫૫ થી ૬૦ ટ્રિલિયન ડોલરનું વિશાળ બજાર ઉપલબ્ધ થયું છે. આ આંકડો ભારતની ભવિષ્યની આર્થિક મહાસત્તા બનવાની ક્ષમતા અને વૈશ્વિક સ્તરે વધતા પ્રભુત્વને દર્શાવે છે. મંત્રીએ સ્પષ્ટ કર્યું હતું કે આંતરરાષ્ટ્રીય કરારો કરતી વખતે ભારતે પોતાના હિતો સાથે કોઈ બાંધછોડ કરી નથી. અમેરિકા સાથેના વ્યાપાર સોદામાં ૯૫% થી વધુ કૃષિ પેદાશોને સુરક્ષિત રાખવામાં આવી છે. ચોખા, ઘઉં, મકાઈ, સોયાબીન, બાજરી, મસાલા અને બટાકા જેવી જીવનજરૂરી ચીજોને ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટથી બહાર રખાઈ છે, જેથી ભારતીય ખેડૂતોના હિતોને કોઈ નુકસાન ન પહોંચે.

ટેકનોલોજીના યુગમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) થી નોકરીઓ જશે તેવા ડરને નકારતા મંત્રીએ કહ્યું કે એઆઈ માનવીનું સ્થાન નહીં લે, પરંતુ કામ કરવાની પદ્ધતિમાં હકારાત્મક બદલાવ લાવશે. ડેટા ક્લિનિંગ, સાયબર સિક્યુરિટી અને ડેટા એનાલિસિસ જેવા ક્ષેત્રોમાં નવી રોજગારીની તકો ઊભી થશે. જોકે, તેમણે સાવચેત કર્યા હતા કે એઆઈ દ્વારા મળતા પરિણામોની માનવીય સ્તરે ચકાસણી કરવી હંમેશા અનિવાર્ય રહેશે. ભારતે છેલ્લા કેટલાક સમયમાં બ્રિટન, ઓમાન, ન્યુઝીલેન્ડ અને યુરોપિયન ફ્રી ટ્રેડ એસોસિએશન સાથે મહત્વના કરારો કર્યા છે. આ કરારની વિશેષતા એ છે કે સ્વિટ્ઝર્લેન્ડ અને નોર્વે જેવા દેશોએ ભારતમાં ૧૦૦ બિલિયન ડોલરના રોકાણની લેખિત ખાતરી આપી છે. જો આ રોકાણ નિર્ધારિત સમયમાં નહીં થાય, તો ભારત આપેલી છૂટછાટો પાછી ખેંચી શકશે - જે વિશ્વમાં આ પ્રકારનો પ્રથમ કરાર છે.

(અનુ. આઠમા પાને)

### બ્રિક્સનું ગઠબંધન વધુ મજબૂત બનશે

## આગામી સપ્તાહે બ્રાઝિલ સાથેની ટ્રેડ ડીલ ખનીજ, ફાર્મા અને વેપાર માટેના દ્વાર ઉઘાડશે

વૈશ્વિક રાજનીતિ અને અર્થતંત્રમાં ભારતની ભૂમિકા સતત વધી રહી છે, ત્યારે બ્રિક્સ (BRICS) - એટલે કે બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચીન અને સાઉથ આફ્રિકા - સાથેનું ગઠબંધન હવે નવા આયામો સર કરી રહ્યું છે. ભારત આ તમામ પ્રભાવશાળી દેશો સાથે સંતુલિત અને મજબૂત રાજદ્વારી સંબંધો ધરાવે છે, જે આંતરરાષ્ટ્રીય સ્તરે ’ગ્લોબલ સાઉથ’ની તાકાત વધારી રહ્યા છે. આ પરિપ્રેક્ષ્યમાં, આગામી સપ્તાહે બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દ સિલ્વાની ભારત મુલાકાત બ્રિક્સના બે મોટા સ્તંભો વચ્ચેના આર્થિક અને વ્યૂહાત્મક જોડાણને વધુ પ્રગાઢ બનાવશે.



રાષ્ટ્રપતિ લુલાની ૧૮ થી ૨૨ ફેબ્રુઆરી દરમિયાનની આ મુલાકાત દરમિયાન ભારત માટે અનેક આર્થિક તકોના દરવાજા ખુલશે બ્રાઝિલમાં રહેલા લિથિયમ જેવા દુર્લભ ખનિજોના ભંડાર ભારતની ટેકનોલોજી અને ઉર્જા ક્ષેત્રની જરૂરિયાતો પૂરી કરવામાં મદદરૂપ થશે. આ અંગે મહત્વના એમઓયુ (MoU) થવાની પૂરેપૂરી શક્યતા છે.

બ્રાઝિલની વિશાળ આરોગ્ય વ્યવસ્થા માટે ભારતની સસ્તી અને ગુણવત્તાયુક્ત દવાઓ આશીર્વાદરૂપ સાબિત થશે, જેનાથી ભારતીય નિકાસકારોને મોટું બજાર મળશે. સંરક્ષણ અને ઉડ્ડયન ક્ષેત્રે ’મેક ઇન ઈન્ડિયા’ના વિઝન હેઠળ અદાણી ડિફેન્સ અને બ્રાઝિલની એમ્બ્રેર કંપની વચ્ચે વિમાનોના ઉત્પાદન માટેની મહત્વની ભાગીદારીને આખરી ઓપ આપવામાં આવશે.

બંને દેશો વચ્ચે વેપાર અને પર્યટનને વેગ આપવા માટે બ્રાઝિલે ભારતીયો માટે ૧૦ વર્ષના મલ્ટીપલ એન્ટ્રી વિઝાની જાહેરાત કરી છે. આ પગલાથી ભારતીય વ્યાવસાયિકો અને પ્રવાસીઓ માટે બ્રાઝિલના પ્રવાસની પ્રક્રિયા અત્યંત સરળ બનશે, જે દ્વિપક્ષીય સંબંધોમાં નવા પ્રાણ ફૂંકશે.



## અદભૂત ઘટનાઃ બ્લેક પેન્થર અને દીપડો સાથે પાણી પીતા પ્રકૃતિ પ્રેમીઓ રોમાંચિત થયા

કહેવાય છે કે પ્રકૃતિ ક્યારેય સ્થિર નથી હોતી, તે સતત પોતાનું સ્વરૂપ બદલતી રહે છે. વન્યજીવ જગતમાં સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે શિકારી પ્રાણીઓ એકલા રહેવાનું પસંદ કરે છે, પરંતુ હાલમાં જે દ્રશ્યો સામે આવી રહ્યા છે તે નિષ્ણાતોને પણ વિચારતા કરી દે તેવા છે. કર્ણાટકના ભદ્રા ટાઈગર રિઝર્વમાંથી એક એવો જ રોમાંચક નજારો સામે આવ્યો છે, જ્યાં એક બ્લેક પેન્થર અને દીપડો સાથે બેસીને પાણી પીતા જોવા મળ્યા છે.

વન્યજીવ પ્રેમીઓને સાસણ ગીરની એ પ્રખ્યાત ’જય અને વીરુ’ સિંહની જોડી યાદ હશે, જેમની અતૂટ મિત્રતાએ આખા વિશ્વનું ધ્યાન ખેંચ્યું હતું. સામાન્ય રીતે સિંહના ટોળા નથી હોતા એવું કહેવાય છે, પરંતુ પ્રકૃતિ જે રીતે બદલાઈ રહી છે તેમ હવે સિંહ પણ ટોળામાં અને આવી અતૂટ જોડીઓમાં જોવા મળી રહ્યા છે.સાસણના એ ’જય-વીરુ’ના કિસ્સા બાદ હવે કર્ણાટકમાં આ બ્લેક પેન્થર અને દીપડો - જે ક્યારેય સાથે ન હોય - તેમને એક જ ઘાટે પાણી પીતા જોઈને પ્રકૃતિ પ્રેમીઓ રોમાંચિત થઈ ગયા છે.

જાણકારોના મતે આ બ્લેક પેન્થર અને તેની માતા છે. જંગલના અટપટા નિયમો વચ્ચે આ દ્રશ્ય “શાંતિપૂર્ણ સહઅસ્તિત્વ“નું શ્રેષ્ઠ ઉદાહરણ પૂરું પાડે છે.પ્રકૃતિના ખોળે સર્જાયેલો આ અદભૂત નજારો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેને લોકો ’સદીની સૌથી દુર્લભ ઘટના’ ગણાવી રહ્યા છે.

### “હરામીઓ” કયારે સુધરશે?

## કાશ્મીરમાં ડ્રોન દ્વારા ડ્રગ્સ સપ્લાય કરતા ૨ પાકિસ્તાની ઝડપાયા

**પોલીસે પઠાણકોટના જતિનને પકડ્યો, ત્યારબાદ તેની પૂછપરછમાં કઠુઆના દાનિશ ડોગરાનું નામ ખુલતા તેની પણ ધરપકડ કરવામાં આવી**

જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં પોલીસે પાકિસ્તાન સાથે જોડાયેલા એક ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. પાકિસ્તાનથી ડ્રોન દ્વારા મોકલવામાં આવેલ ૧૫૦ ગ્રામ હેરોઈન સાથે પોલીસે બે શખ્સોની ધરપકડ કરી (અનુ. આઠમા પાને)


ન્યુ રીનોવેટેડ A/C. લગ્નહોલ

A/C. હોલ તેમજ જમણ સાથે

હોટેલ ભાભા

આલ્ફ્રેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

**કોમર્શિયલ લાયક જગ્યા વેચવાની છે**

ધારી-તુલસીશ્યામ ડબલ પટ્ટી હાઈવે ઉપર (દુધાળા ધામ) આશરે એક વીઘો, ૪૦૦ ફુટનો રોડ ફ્રન્ટ, થ્રી ફેસ કોમર્શિયલ લાઈટ કનેકશન, પાણીનો બોર, 3300 ફુટનો શેડ, ત્રણ રૂમનું પાકુ મકાન, માણસોને રહેવા માટેની ઓરડીઓ, ટાઈટલ ક્લિયર.

વેચાણ કિંમત ૬૦ લાખ.

સંપર્ક : મો. ૯૯૨૪૩ ૩૨૦૪૨

# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ (અ,લ,ઈ)

જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલા જાતક એવમ સ્ટાર સેલેબલ પર્શન માટે આ સપ્તાહ હળવું કષ્ટદાયક અથવા પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના. વાણી-બોલીથી નિકટના સંબંધો બગડી જવાની સંભાવના. નાના તથા કુટિર ઔધોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ અનેક નવી તકો વાળુ તથા લાભદાયક નીવડશે. આ સિવાય, અન્ય ઔધોગિક એકમના જાતક વ્યાપાર-વણિજ તથા વ્યવસાય જોડે સંકળાયેલ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સખત પરિશ્રમ વાળા ધંધા વ્યાપાર ના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ગૃહિણી તથા મહિલા કર્મી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સારું રહેશે. કેવળ ૨૦ ફેબ્રુઆરી અર્ધ-પ્રતિકુળ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ (બ,વ,ઉ)

આ સપ્તાહે, જેટલી આવક થશે તેટલી જ જાવક રહેવાના સંયોગ, આથી, યથા મતિ ખર્ચા કરવા. સર્વિસ બિઝનેસ એવમ કન્સલ્ટિંગ ફર્મસના જાતક માટે આ સપ્તાહ ભારે દોડધામ વાળું એવમ લાભકારી પણ નીવડશે. પ્રવાહી જવલનશીલ પદાર્થ સંબંધિત ઔધોગિક એકમ તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી સંભાવના. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. આ સિવાયના અન્ય, ઔધોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ તથા લાભકારી રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૧૫ તથા ૧૭ ફેબ્રુઆરી સામાન્ય જણાશે.

### મિથુન (ક,છ,ઘ)

કુટુંબ પરિવારમાં હળવાં મનદુઃખ જણાશે આ સપ્તાહે ધંધા વ્યવસાયમાં અણધાર્યા પણ મોટા લાભ થવાના સંયોગો. રિયાલ્ટી ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે. પ્લાસ્ટિક, સ્પોંજ તથા અન્ય ફોર્મ તથા કૃત્રિમ લેધર જેવા મટીરીયલ્સના ઉત્પાદક જાતક તથા વિક્રેતા જાતક માટે આ સપ્તાહ અર્ધ-પ્રતિકૂળ નીવડશે. આ સિવાયના, અન્ય, ઔધોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. જ્યારે, વ્યાપાર-વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ હળવું મધ્યમ રહેશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સરેરાશ નીવડશે. ધાર્મિક ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતાં વિદ્યાર્થી માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. ૧૭ તથા ૧૯ ફેબ્રુઆરી મધ્યમ નીવડશે.

### કર્ક (ડ,હ)

અધૂરા કે લટકતા ધંધા વ્યવસાયના કાર્ય પૂર્ણ થઈ જવાના સંયોગ. ઈલેક્ટ્રીસીટી સંબંધિત ઉત્પાદના ઔધોગિક એકમના જાતક તેમજ તેના વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડે તેવી પૂર્ણ સંભાવના. સાથે ભાગદોડ કે લાંબા પ્રવાસ થવાના પણ સંયોગ. આ સિવાયના, અન્ય, ઔધોગિક એકમ તથા વાણિજયના એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે. ધંધા ઉધોગમાં નવી તક મળવાના સંયોગો. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયક તથા બઢતી વાળું નીવડશે. મિત્ર સાથે તણાવ વાળું વાતાવરણ રહેવા સંભવ. મહિલા-કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું લાભદાયક રહેશે. ૧૮ ફેબ્રુઆરી સરેરાશ રહેશે.

### સિંહ (મ,ટ)

આ સપ્તાહે નિરાંત, રાહત તથા શાંતિની અનુભૂતિ સંયોગ એવમ સંભાવના. પોલી ક્લોથ્સ એવમ રેડીમેઈડ ગારમેન્ટ, ફેશન એસેસરીઝ સંબંધિત તમામ ઔધોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. નાના નાના ઔધોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર વણિજ કે જથ્થાબંધ માલના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ પણ હળવું હળવું લાભદાયક નીવડશે, સાથોસાથ આ સપ્તાહ દરમિયાન પરિશ્રમ વધી જવાના સંયોગ. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડવાની સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૦ ફેબ્રુઆરી સાધારણ જણાશે.

### કન્યા (પ,ઠ,ણ)

આ સપ્તાહે કોઈ પણ નવા કામકાજ શરૂ ન કરવા, સાથોસાથ અગત્યના નિર્ણયને મુલતવી રાખવા. મરીન રીલેટેડ ઔધોગિક એકમના જાતક એવમ ધંધાના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. કોઈ પણ કદના ઔધોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ સંઘર્ષ વાળું નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. છૂટક તથા નાના તથા ફેરી વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા મધ્યમ નીવડશે આથી, કાર્યક્ષેત્ર, નોકરીમાં વિશેષ તકેદારી રાખવી. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૯ ફેબ્રુઆરી સાવ સામાન્ય નીવડશે.

### તુલા (ર,ત)

ઉચ્ચસ્થ બુધ એવમ શનિ પ્રધાન જાતક એવમ સંત, મહંત, કથાકારોએ સપ્તાહે વિશેષ કાળજી રાખવી, અન્યથા, નાની બાબતમાં વાયરલ થવા ના સંયોગ અને સંભાવના. તમામ પ્રકારના એંજીનીયરીંગ એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. તમામ કદના ઔધોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના તમામ એકમના જાતક માટે દોડધામ વાળુ તથા સાનુકુળ સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ હળવું પ્રતિકૂળ અથવા મધ્યમ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું નીવડશે. કુટુંબીજન કે સગા દ્વારા સાથ સહકાર અકબંધ ને પૂર્વવત જ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. ૧૭ ફેબ્રુઆરી મધ્યમ જણાશે.

### વૃશ્ચિક (ન,ય)

ધંધા વ્યવસાય હેતુ લાંબો પ્રવાસ થઈ શકે તેવી પૂરી શક્યતા. વૈધ શેરબજારના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. મશીનરીઝ ઔધોગિક એકમના જાતક સમેત મોટા ઉધોગ-વ્યાપાર- વણિજ ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ અથવા મધ્યમ નીવડશે. શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે. ખાનગી સંસ્થા સાથે જોડાયેલ જાતક માટે આ સપ્તાહ સરેરાશ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સપ્તાહે, કુટુંબીજન સાથે થયેલ વિખવાદનો સુખદ અંત આવશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત એવમ વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૨૦ ફેબ્રુઆરી અર્ધ-સામાન્ય નીવડશે.

### ધન (ભ,ફ,ધ,ઢ)

સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે. અગ્નિ તત્વ સંબંધિત ઉધોગ ધંધા કે વ્યવસાયથી કોઈ ને કોઈ લાભ મળવાની પૂર્ણ સંભાવના. કુટિર એવમ નાના ઔધોગિક એકમના જાતક થી લઈને મોટા ઔધોગિક એકમના જાતક સુધીના તમામ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ તથા લાભદાયક નીવડશે. રંગ તેમજ રસાયણના જથ્થાબંધ વ્યાપારના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર વાળું નીવડશે. આ સિવાયના, તમામ વ્યાપારી જાતક માટે આ સપ્તાહ પણ હળવું લાભકારક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. મેડિકલ ક્ષેત્રના વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે. ૨૦ તથા ૨૧ ફેબ્રુઆરી સાવ સામાન્ય રહેશે.

### મકર (ખ,જ)

જાહેર ક્ષેત્રની વ્યક્તિ તેમજ રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ મધ્યમ અથવા પ્રતિકૂળ નીવડશે તેવી પૂરી શક્યતા. સૌંદર્ય પ્રસાધન એવમ ફેશન, પેકીંગ ફૂડ, કેનિંગ ફૂડ તથા ફાસ્ટ ફૂડ તેમજ તેને સંબંધિત ઉધોગ-ધંધા વ્યવસાય એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડશે. આ સિવાયના, અન્ય, ઔધોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અણધાર્યા લાભ વાળું જણાશે, મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. પરિવાર સાથે સુમેળ અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતાં વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૭ ફેબ્રુઆરી સાધારણ નીવડશે.

### કુંભ (ગ,શ,ષ)

દૂષિત તથા નીચસ્થ મંગળ વાળા જાતકે આ સપ્તાહ દરમિયાન વિશેષ કાળજી લેવી વિશેષ વાહન હંકારવા બાબતે. સરકારી તેમજ ખાનગી શૈક્ષણિક સંસ્થા તથા ટ્રસ્ટની શૈક્ષણિક સંસ્થા, શાળા, વિધાલય, કોલેજ સાથે જોડાયેલા જાતક માટે આ સપ્તાહ સાવ સામાન્ય અથવા આંશિક પ્રતિકૂળ નીવડશે, આ સિવાયના અન્ય, સરકારી કર્મચારી એવમ ખાનગી કર્મચારી માટે આ સપ્તાહ પૂર્ણ રૂપે પ્રતિકૂળ નીવડશે. ઔધોગિક તથા વ્યાપાર-વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નાના વ્યાપાર વણિજ તથા છૂટક વ્યાપાર કે ફેરી કરતા જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. સગા તથા સ્નેહીજન વચ્ચે હળવો ખટરાગ થઈ શકે તેવી શક્યતા. વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભકારી રહેશે. ૧૭ ફેબ્રુઆરી મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન.)

### મીન (દ,ચ,ઝ,થ)

તમામ પ્રકારના સર્વિસ બિઝનેસ તથા કન્સ્લ્ટીંગ ફર્મસના જાતક તથા વિવિધ પ્રકારના વૈધ સર્વિસ બિઝનેસ માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. ફાર્મા-કેમિકલ તથા હર્બલ ફાર્મા ના જાતક માટે આ સપ્તાહ આંશિક પ્રતિકૂળ નીવડે તેવી પૂરી શક્યતા. આ સિવાયના, અન્ય, ઔધોગિક એકમના જાતક તથા વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડે તેવી શક્યતા.નાના તથા છૂટક, ફેરી કરતા, જેમાં કઠિન પરિશ્રમ હોય તેવા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ અર્ધ-લાભદાયી નીવડશે. જીવનમાં સંવાદિતા તથા સુમેળ પ્રગાઢ બને તેવી શક્યતા. નિવૃત્ત, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે સાનુકૂળ સપ્તાહ. ૧૮ ફેબ્રુઆરી સરેરાશ નીવડશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

---

શબ્દોનું દાન, ભવિષ્યનું નિર્માણ

# પુસ્તકોને કબાટમાંથી આઝાદ કરો, કોઈના જીવનમાં ઉજાસ ભરો: વિશ્વ પુસ્તક દાન દિવસ

## આ દિવસ વેલેન્ટાઈન ડે સાથે આવે છે, જે સાહિત્યની ભેટ વહેંચીને પ્રેમ અને સ્નેહ દર્શાવવાનો એક ઉત્તમ અવસર બને છે: વિદ્યા દાનમ્ પરમં દાનમ્ ગણાય છે, ત્યારે પુસ્તક દાન કરીને જ્ઞાનને વહેંચો

નોલેજ કોર્નર




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે ૧૪ ફેબ્રુઆરીના રોજ સમગ્ર વિશ્વમાં વેલેન્ટાઈન ડે ની ઉજવણી થઈ રહી છે, ત્યારે જ્ઞાન જ્ઞાન પ્રેમની વાત સાથે આંતરરાષ્ટ્રીય પુસ્તક દાન દિવસ પણ ઉજવાય રહ્યો છે. વાંચન પ્રત્યેના પ્રેમને પ્રોત્સાહન આપવા અને બાળકોમાં પુસ્તકોની પહોંચ વધારવા માટે સમર્પિત એક વૈશ્વિક પહેલ છે. વિશ્વના ભારત સહિત સો થી વધુ દેશોમાં આ ઉજવણી થકી લોકોમાં વાંચન પ્રેમ જગાવે છે. આજે પુસ્તક પરબ, થેલી પ્રોજેક્ટની સાથે લોકોને મફત પુસ્તકો વાંચવા અપાય છે. કાર્યક્રમોમાં પણ બુકે નહીં મહેમાનોનું બુકથી સ્વાગત કરવામાં આવે છે, જે એક સારી પહેલ છે. જે પુસ્તકે તમને વિચારતા કર્યા, તે હવે બીજાને શીખવવા તૈયાર છે, તો આ 'પુસ્તક દાન દિવસ' પર જ્ઞાનના દીવડા પ્રગટાવો, પુસ્તકોની આપલે કરો.

શાળા કોલેજમાં પણ વર્ષ પૂર્ણ થાય ત્યારે જુના પુસ્તકો આગલા ધોરણના છાત્રોને અપાય છે. વિવિધ પુસ્તકાલયો અને સ્ટડી સેન્ટરમાં પણ આ સેવા ચાલુ થઈ છે. આ ઉજવણી વિશ્વભરમાં વ્યક્તિઓ, શાળાઓ, પુસ્તકાલયો અને સંગઠનોને એવા બાળકોને પુસ્તકોનું દાન કરવા પ્રેરણા આપે છે જેમને અન્યથા પુસ્તકો રાખવાની કે વાંચવાની તક ન હોય. આ દિવસ એક સરળ પણ શક્તિશાળી વિચાર પર પ્રકાશ પાડે છે. એક પુસ્તક કલ્પના, જ્ઞાન અને તકના દરવાજા ખોલી શકે છે.

પુસ્તકોમાં અનંત શક્તિ રહેલી છે. તે આપણને નવી દુનિયામાં લઈ જઈ શકે છે, નવી વસ્તુઓ શીખવી શકે છે, પ્રેરણા આપી શકે છે, હસાવી શકે છે, રડાવી શકે છે અને આપણને આવશ્યક યાદો પ્રદાન કરી શકે છે. બાળપણમાં, તમારી સૌથી પ્રિય યાદોમાંની કેટલીક તમે સૂતા પહેલા વાંચેલી વાર્તાઓ કે મોટા થતાં વાંચેલા પુસ્તકો હોઈ શકે છે. કિશોરાવસ્થામાં તમે વાંચવાનું ચાલુ રાખ્યું હશે અને પુસ્તકો માટે પ્રેમ મેળવ્યો હશે.ડિજિટલ યુગમાં જ્યાં સ્ક્રીનો ઘણીવાર ધ્યાન પર પ્રભુત્વ ધરાવે છે, ભૌતિક પુસ્તક આપવાની ક્રિયા ખાસ અર્થ ધરાવે છે. તે સમય, કાળજી અને માન્યતાનું પ્રતિનિધિત્વ કરે છે કે વાર્તાઓ યુવાન મનને આકાર આપવાની શક્તિ ધરાવે છે.

વિશ્વના ઘણા પ્રદેશોમાં પુસ્તકોની પહોંચ અસમાન રહે છે, ખાસ કરીને એવા સમુદાયોમાં જ્યાં શૈક્ષણિક સંસાધનો મર્યાદિત છે. બાળકોને, સમુદાય પુસ્તકાલયો, હોસ્પિટલો, આશ્રયસ્થાનો અને શાળાઓને પુસ્તકો આપવા માટે લોકોને પ્રોત્સાહિત કરીને, આંતરરાષ્ટ્રીય પુસ્તક ભેટ દિવસનો હેતુ આ અંતરને દૂર કરવાનો છે. નવા પુસ્તકોનું દાન કરવું હોય, કાળજીપૂર્વક વપરાયેલા પુસ્તકોનું દાન કરવું હોય કે સ્થાનિક પુસ્તક ડ્રાઈવનું આયોજન કરવું હોય, દરેક યોગદાન સાક્ષરતા અને શિક્ષણને પોષવામાં મદદ કરે છે. વાંચન સત્રો, વર્ગખંડમાં વાંચન કાર્યક્રમો અને કૌટુંબિક વાંચન સમયને પણ પ્રોત્સાહન આપે છે. આ પ્રવૃત્તિઓ વાંચનના મહત્વને માત્ર શૈક્ષણિક કૌશલ્ય તરીકે જ નહીં પરંતુ સર્જનાત્મકતા, સહાનુભૂતિ અને વિવેચનાત્મક વિચારસરણીનું નિર્માણ કરતી આજીવન આદત તરીકે પણ મજબૂત બનાવે છે. માતાપિતા અને શિક્ષકો બાળકોને વિવિધ અનુભવો અને દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરતી વિવિધ વાર્તાઓનો પરિચય કરાવીને આ સંસ્કૃતિને પ્રોત્સાહન આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.




બાળકોને વાંચનનો આનંદ અને જ્ઞાન જે આત્મવિશ્વાસ લાવે છે તે શોધવામાં મદદ કરે છે. આ દિવસ વિશ્વભરના પુસ્તક પ્રેમીઓ દ્વારા ઉજવવામાં આવે છે, જે એવા લોકો સાથે ખાસ કરીને બાળકો સાથે પુસ્તકો પ્રત્યેના તમારા પ્રેમને શેર કરવાનો દિવસ છે, જેમની પાસે કદાચ તમારા જેટલા પુસ્તકો નથી. પુસ્તકો પ્રત્યેનો પ્રેમ અને સાથી માનવો પ્રત્યેનો પ્રેમની જાગૃતિ લવાય છે. વાંચન પ્રેમ માનવ જીવનને અંદરથી સમૃદ્ધ બનાવે છે. પુસ્તક માત્ર કાગળ અને શબ્દોનો સમૂહ નથી, પરંતુ તે જ્ઞાન, સંસ્કાર અને અનુભવનો ખજાનો છે. વાંચનથી વિચારશક્તિ વિકસે છે, કલ્પનાશક્તિ વિસ્તરે છે અને વ્યક્તિત્વમાં આત્મવિશ્વાસ આવે છે. નિયમિત વાંચનની ટેવ માણસને સકારાત્મક દિશામાં આગળ વધારતી અને જીવનમાં યોગ્ય નિર્ણયો લેવામાં મદદરૂપ બને છે. પુસ્તક દાન એ જ્ઞાનનું સૌથી ઉત્તમ દાન માનવામાં આવે છે. જ્યારે આપણે જરૂરિયાતમંદ બાળકો કે વાચકોને પુસ્તકો ભેટ કરીએ છીએ, ત્યારે આપણે માત્ર પુસ્તક નહીં પરંતુ તેમના ભવિષ્ય માટે એક નવી તક આપીએ છીએ. પુસ્તક દાનથી શિક્ષણનો પ્રકાશ ફેલાય છે અને સમાજમાં જાગૃતિ વધે છે. તેથી વાંચન પ્રેમ વિકસાવવો અને પુસ્તક દાન જેવી સદભાવનાત્મક પ્રવૃત્તિઓમાં જોડાવું એ સૌની સામાજિક જવાબદારી છે. એક પુસ્તકમાં અનેક સપનાઓ છુપાયેલા હોય છે, શબ્દોનું દાન, સંસ્કારના ભંડાર, પુસ્તક આપો, વિચાર જગાવો. રેલી તરફ જતી ભીડ જયારે લાઈબ્રેરી તરફ વળશે ત્યારે સમાજમાં સાચી ક્રાંતિ થશે. પુસ્તક જ્ઞાનનું પરબ છે.શાસ્ત્રોની વાત કરીએ તો જો પ્રાચીનકાળમાં પુસ્તકો ન લખાયા હોત તો આજે રામાયણ, મહાભારત, શિવ પુરાણ, ભગવતગીતા, ભાગવદ્ જેવા ગ્રંથોનું દર્શન અને એમાં વસેલા જ્ઞાનને જાણીને તેનો અમલ કરી જ ન શક્યા હોત.

વર્તમાન સમયમાં દુનિયામાં કેટલાંક સંશોધનો થયા છે કે દરેક ઉગતા દિવસ સાથે લોકોની વાંચન ક્ષમતા ઘટતી જાય છે. લોકો આજે વાંચન બહુ ઓછું કે જરા પણ પસંદ નથી કરતાં. તેનું કારણ કદાચ ઈન્ટરનેટના માધ્યમથી વિવિધ માહિતીઓ માટેના જે ઓડિયો વિઝ્યુઅલ મટિરિયલ મળી રહે છે તે હોય શકે. ડિજિટલ મીડિયા આવવાથી અખબારોના વેંચાણમાં જે ઘટાડો જોવા મળ્યો છે તે આ બાબતનું એક ચોક્કસ ઉદાહરણ થઈ શકે. પરંતુ બીજી બાજુ એ પણ છે કે આખી દુનિયામાં અગણિત સંખ્યામાં લાઈબ્રેરીઓ જોવા મળી રહી છે, સમય સાથે ઘણા નવા પુસ્તકાલય પણ સ્થપાય છે, ઉપરાંત એક અંદાજ મુજબ દુનિયામાં દરરોજ હજારોની સંખ્યામાં વધુ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જો લોકોની વાંચન ક્ષમતા ઘટી છે, તો રોજ રોજ આટલા પુસ્તકો પ્રકાશિત થઈને ક્યાં જાય છે ? કોણ વાંચે છે ? જો લોકોની વાંચન ક્ષમતા એટલી જ ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો બહાર પાડવાની શું જરૂર ? આ આંકડા દર્શાવે છે કે લોકો હજુ પણ વાંચનમાં રસ લઈ રહ્યા છે.ભાવનાત્મક લાભો ઉપરાંત, પુસ્તકો બાળકોને માનસિક અને જ્ઞાનાત્મક લાભો પણ પ્રદાન કરે છે. પુસ્તકો, અન્ય કોઈપણ માધ્યમો કરતાં વધુ બાળકના ભાષા વિકાસ માટે સૌથી મૂળભૂત હોવાનું દર્શાવવામાં આવ્યું છે. જે બાળકોને વાંચવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, તેઓ ઝડપથી મોટુ શબ્દભંડોળ વિકસાવે છે. પુસ્તકો બાળકની વિવેચનાત્મક વિચારસરણી વિકસાવવા માટે પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૫.૨.૨૦૨૬, રવિવાર, સંવંત ૨૦૮૨, મહા વદ તેરસ, ઉત્તરાષાઢા નક્ષત્ર, વ્યતિપાત યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : આંતરિક શક્તિ વધે, દિવ્ય ચેતનાનો વિકાસ થાય, લાભ આપતો દિવસ,પ્રગતિ થાય.

**વૃષભ (બ,વ,ઉ)** : ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે, ધાર્યા કામ પાર પાડી શકો.

**મિથુન (ક,છ,ઘ)** : મનમાં ચીડિયાપણું રહે, માનસિક વ્યગ્રતા રહે, મનનું ધાર્યું ના થાય, મધ્યમ દિવસ.

**કર્ક (ડ,હ)** : ભાગીદારીમાં કામ કરતા મિત્રોને સારું રહે, દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**સિંહ (મ,ટ)** : તબિયતની કાળજી લેવી, ખાણી પીણી બાબત ધ્યાન રાખવા સલાહ છે, જીવનપદ્ધતિમાં ફેરફાર કરવા પડે.

**કન્યા (પ,ઠ,ણ)** : પ્રણયમાર્ગે આગળ વધી શકો, મનની વાત વ્યક્ત કરી શકો, દિવસ ખુશનુમા વીતે.

**તુલા (ર,ત)** : તમારા પોતાના શોખ માટે સમય ફાળવી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, દિવસ આનંદ માં પસાર કરી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : નવી પ્રતિભા કેળવી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : તમારા સૌમ્ય વાણી-વર્તનથી લાભ થાય, નોકરિયાતવર્ગને સારું રહે, પ્રગતિકારક દિવસ રહે.

**મકર (ખ,જ)** : તમારા ક્ષેત્રમાં આગળ વધી શકો, વેપારીવર્ગને સારું રહે, સ્તિરવર્ગને મધ્યમ રહે, કામકાજમાં સફળતા મળે.

**કુંભ (ગ,સ,શ)** : ખર્ચ પર અંકુશ રાખવો પડે, આવક જાવકનો મેળ કરવો જરૂરી, વધુ વિશ્વાસે ના ચાલવું.

**મીન (દ,ચ,ઝ,થ)** : નસીબ સાથ આપતું જણાય, આકસ્મિત લાભ થાય, ગમતી વ્યક્તિ સાથે સમય વિતાવી શકો.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૪-૦૨-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ચણીયા ટોળી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેજીટેબલ કાઠી રોલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (કેરી ઓન લાલુ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૫-૦૨-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કારખાનું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (દાળ - ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.જય જોશી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ ઈશા ફાઉન્ડેશન મહાશિવરાત્રી (લાઈવ)

**તારીખ ૧૬-૦૨-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા. ૧૫-૨ -૨૦૨૬ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ તેરશ મહાશિવરાત્રી
**નક્ષત્ર** ઉત્તરાષાઢા
**યોગ** વ્યતિપાત **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૭.૨૦ **સુર્યાસ્ત:** ૬.૪૩
**ચંદ્ર રાશી** ધન શનીવારે રાત્રે ૧૨.૪૧ થી મકર
**રાશિ અક્ષર** ખ.જ.
**દિશાશૂળ** પશ્ચિમ દશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૯ થી ૧.૨૪

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૫૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૬ | | ૩ | | | ૧ | |
| | ૫ | | | | | | | |
| ૧ | ૨ | | ૭ | | | | | ૮ |
| | ૯ | | | ૨ | | | | |
| ૮ | ૩ | | | | | ૬ | | |
| | | ૨ | | | ૯ | | ૩ | |
| ૨ | | | | ૮ | ૩ | | | ૯ |
| | ૪ | | ૯ | ૭ | | | | |
| | | | | ૧ | ૬ | ૭ | ૪ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૫૮ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૧ | ૩ | ૯ | ૬ | ૭ | ૮ | ૨ | ૫ |
| ૨ | ૯ | ૮ | ૫ | ૧ | ૩ | ૪ | ૭ | ૬ |
| ૫ | ૬ | ૭ | ૪ | ૨ | ૮ | ૯ | ૧ | ૩ |
| ૧ | ૩ | ૪ | ૭ | ૯ | ૫ | ૬ | ૮ | ૨ |
| ૬ | ૮ | ૨ | ૧ | ૩ | ૪ | ૫ | ૯ | ૭ |
| ૯ | ૭ | ૫ | ૨ | ૮ | ૬ | ૧ | ૩ | ૪ |
| ૮ | ૫ | ૬ | ૩ | ૭ | ૧ | ૨ | ૪ | ૯ |
| ૩ | ૨ | ૧ | ૬ | ૪ | ૯ | ૭ | ૫ | ૮ |
| ૭ | ૪ | ૯ | ૮ | ૫ | ૨ | ૩ | ૬ | ૧ |

## સોનુ ખોવાવાની ,ચોરાવાની તથા અન્ય ફ્રોડ થવાની ઘટનાઓ બને



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

અગાઉ આ કોલમમાં લખ્યા મુજબ જેમ જેમ આપણે ૨૦૨૬માં આગળ વધતા જઈએ છીએ તેમ તેમ એઆઈના કારણે શેરબજારથી લઈને તમામ અર્થવ્યવસ્થા પર મોટી અસર જોવા મળી રહી છે તો સરકાર પણ એઆઈ સર્જિત તસવીરો અને વિડિઓ પર નકેલ કસી રહી છે અને બુધ જે અર્થવ્યવસ્થા, મુદ્રા અને તેની પદ્ધતિઓ દર્શાવે છે તે મોટા ઉલટફેર કરવાની તૈયારીમાં છે તો ધાતુઓ પણ પોતાનો ચળકાટ બતાવી રહી છે એ બધા વચ્ચે વક્રી ગુરુમાં સોનુ ખોવાવાની અને ચોરાવાની તથા અન્ય ફ્રોડ થવાની ઘટનાઓ પણ વધી રહી છે જયારે અગાઉ અત્રે લખ્યા મુજબ અકસ્માતોની શૃંખલા જારી છે તો ટાયર ફાટવાની ઘટના અને બાંધકામ બાબતે સાવચેત રહેવા જેવો સમય છે બીજી તરફ દરિયામાં હલચલ અને ચાંચિયાગીરીના અધ્યાય પણ જોવા મળશે. આપણે હાલ આકાશિક રેકોર્ડ પર ચર્ચા કરી રહ્યા છીએ. આકાશિક રેકોર્ડએ આપણી જન્મોજન્મની બ્લુ પ્રિન્ટ છે જે તમારા જીવનધ્યેયથી લઈને ઋણાનુબંધન બધું જ દર્શાવે છે અને ભૂતકાળમાં કરેલી ભૂલ આપણે ફરી રિપીટ ના કરીએ તે માટે સાવધ પણ કરે છે. મારા વર્ષોના આકાશિક રેકોર્ડના અનુભવમાં મેં જોયું છે કે જો યોગ્ય સમજણથી આકાશિક રેકોર્ડમાં આગળ વધવામાં આવે તો સુંદર પરિણામ અને સફળતા પ્રાપ્ત કરી શકાય છે.!


## મન મેરા મંદિર, શિવ મેરી પૂજા, શિવ સે બડા નહિ કોઈ દૂજા

## મહાશિવરાત્રીના મેળામાં ભક્તિ અને ટેકનોલોજીનો અદભુત સંગમ: ભવનાથ મંદિર ખાતે લેસર શો નું આકર્ષણ: શ્રદ્ધાળુઓએ દિવ્યતાના દર્શન કર્યા: ત્રીજા દિવસે માનવ મહેરામણ ઘુઘવાયો





# ભવનાથના મેળા માં શ્રદ્ધાળુઓના ભક્તિરસથી ભીંજાઈ ગિરનાર તળેટી







**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

ભવનાથના મહાશિવરાત્રીના મેળામાં ટેકનોલોજીનો પણ નવો આયામ જોવા મળી રહ્યો છે, મહાશિવરાત્રીના મેળામાં ભવનાથ મંદિર ખાતે પ્રથમ વખત ભક્તિ અને ટેકનોલોજીના સંગમરૂપ લેસર શોએ શ્રદ્ધાળુઓમાં અદકેરૂ આકર્ષણ જમાવ્યું છે.

મહાશિવરાત્રીના મેળા દરમિયાન લાખો ભાવિકો ભગવાન ભવનાથ મહાદેવના ભાવપૂર્વક દર્શન કરે છે, પરંતુ આ વર્ષે રાજય સરકારના પ્રયાસોથી મહાશિવરાત્રીના મેળાની ભવ્યતા અને દિવ્યતા વધી છે, તેમાં ભાવિકોલક્ષી નવા આયામો ઉમેરાયા છે, જે શ્રદ્ધાળુઓને ભકિતમય નવી અનુભૂતિ કરાવે છે.

ભવનાથ મંદિર ખાતે લેસર શો દ્વારા આધ્યાત્મિકતાને ઉજાગર કરતા ભવ્ય અને રંગબેરંગી 'જય ગિરનારી', 'ૐ નમઃ શિવાય', 'ૐ' ઉપરાંત તાંડવ નૃત્ય કરતા ભગવાન શિવજી, ત્રિશૂળ, ડમરૂ, શંખ વગેરેની પ્રકાશની ગતિશીલતા સાથેની પ્રતિકૃતિઓ શ્રદ્ધાળુઓના હૈયે અનેરો ભકિતભાવ પ્રગટાવે છે. આ લેસર શોની એવી રીતે ગોઠવણ થઈ છે કે, ભવનાથ મંદિરની પાછળ જુના અખાડાનું જે શિવલિંગના આકાર સાથે ભવન બનેલું છે, તેના પર આ લેસર શો દ્રષ્ટિગોચર થાય છે. જે ભવનાથ મંદિરને વધુ દિવ્યતા પણ બક્ષે છે.

ટેકનોલોજીના માધ્યમથી થતા આ લેસરમાં Gobo - Go Between Optics લાઈટનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેના થકી શિવજીના જુદા જુદા રૂપો, ત્રિશૂળ સહિતની પ્રતિકૃતિઓ દર્શાવવામાં આવી રહી છે.



**શ્રદ્ધાળુઓ માટે તમામ પાયાની સુવિધાઓ સુનિશ્ચિત તંત્ર ખડેપગે**





ભવનાથના શિવરાત્રી મેળામાં સ્વચ્છતા જાળવવા માટે મનપા દ્વારા ૧૧ સેનેટરી ઈન્સ્પેક્ટર અને ૨૧૦ સફાઈ કામદારો કાર્યરત છે. અન્નક્ષેત્રો અને આશ્રમોમાંથી કચરો એકત્ર કરવા ૧૫ પીકઅપ વાહન, ૬ ડમ્પર, ટ્રેક્ટર અને જેસીબી જેવા સાધનો દ્વારા દિવસમાં બે વાર કચરો ડમ્પિંગ સાઈડ પર પહોંચાડવામાં આવે છે. રવેડીના રૂટને ૮ ઝોનમાં વહેંચીને સફાઈ અને માર્ગો ધોવાની કામગીરી હાથ ધરાઈ છે. શ્રદ્ધાળુઓ માટે ૨૫ પાર્કિંગ સ્થળો પર શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી છે. ભવનાથ વિસ્તારમાં ૧૧ કાયમી શૌચાલયો ઉપરાંત મોબાઈલ ટોયલેટ પણ મૂકવામાં આવ્યા છે, જેની ૨૪ કલાક સફાઈ કરવામાં આવે છે.


**યાત્રિકોના પરિવહનને વધુ સરળ બનાવવા એસ. ટી. નિગમ દ્વારા કુલ ૧,૦૦૦ બસોનું સંચાલન**

જૂનાગઢમાં મહાશિવરાત્રીના પવિત્ર પર્વ નિમિત્તે યોજાઈ રહેલા 'મીની કુંભ' મેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓની સલામત અને સુલભ મુસાફરી માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા સુયોગ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્યના ખૂણે-ખૂણેથી આવતા યાત્રિકોને પરિવહનમાં કોઈ અગવડ ન પડે તે માટે આ વર્ષે કુલ ૧,૦૦૦ બસોનું સંચાલન કરવામાં આવશે.

## કાલે શાહી રવાડી બાદ શિવરાત્રીના મેળાની પૂર્ણાહૂતિ


આ પૂર્વે ભવનાથ ક્ષેત્રમાં આવેલ અગ્નિ અખાડા, આહવાન અખાડા, જૂના અખાડા, કિન્નર અખાડા સહિતના વિવિધ અખાડાના હજારો સંતો, મહંતોની એક શાહી રવાડી જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં નીકળશે. ત્યારે આ શાહી રવાડીમાં ઉપસ્થિત નાગા સાધુઓ લાઠીદાવ, તલવાર દાવ, ભાલા દાવ અને વિવિધ અંગ કસરતો કરશે. જેના દર્શન કરવા ભાવિક ભક્તજનો બપોરના ૪ વાગ્યાથી રવેડીના માર્ગ ઉપર બેસી જશે. અને રાત્રિના ૧૨ વાગ્યે આ રવેડી ભવનાથ ક્ષેત્રમાં ફરી ભવનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચશે. અને રવેડીમાં ઉપસ્થિત સંતો, મહંતો ભવનાથ મંદિરમાં આવેલ મૃગીકુંડમાં શાહી સ્નાન કરશે. બાદમાં ભવનાથ દાદાની મહા આરતી યોજાશે અને ભવનાથનો શિવરાત્રી મેળો આ સાથે સંપન્ન થશે. રાત્રિના નીકળનારી શાહી રવાડીમાં માતા ગાયત્રી, ભગવાન દત્તાત્રેય અને ભગવાન ગણેશની પાલખી જોડાશે. આ સાથે બેન્ડ વાજા, ઢોલ નગારા અને સંતો મહંતોના રથ ધર્મની ધજાઓ લઈને નીકળશે. ત્યારે સમગ્ર ભવનાથ ક્ષેત્ર જય જય ભોલેનાથ, હર હર મહાદેવ સાથે ગુંજી ઉઠશે. સમગ્ર રૂટ ઉપર ભગવાનની પાલખી અને સાધુ સંતો ઉપર કરવામાંર્ષા કરવામાં આવશે અને ભાવિકો આ શાહી રવાડી તથા સાધુ-સંતો ના દર્શન કરી ધન્યતા અનુભવશે.

## ઈટાલીથી આવેલી 'ભૂરી' એ મનભરી મેળો માણ્યો





ઈટાલીથી આવેલ એક બાવીસ વર્ષીય સુંદર યુવતી ''ભૂરી'' ગઈકાલે આખો દિવસ મેળામાં ચર્ચાનો વિષય બની હતી. અને સોશિયલ મીડિયામાં આ ભુરીએ ભારે જમાવટ કરી હતી. આ સાથે આ ભૂરી ગઈકાલે આકર્ષણનું કેન્દ્ર બની હતી અને ભૂરી જ્યાં જતી હતી ત્યાં લોકોના ટોળે ટોળા તેમની પાછળ પાછળ જતા હતા. બીજી બાજુ લોકો દ્વારા તેમની રીલ્સ અને સોશિયલ મીડિયા ઉપર તેના ફોટાઓ ધડાધડ વાયરલ થઈ રહ્યા હતા, જેને લઈને ભૂરીએ મેળામાં આવેલા યુવકોને ઘેલા કર્યા હતા.




### સીવીલ કોર્ટ નોટીસ

**રાજકોટના મે. 8TH એડીશનલ સીનીયર સીવીલ જજ શ્રી I. M. SHAIKH સાહેબની કોર્ટમાં,**

**દિવાની પર. અરજી નં. ૨૫૪/૨૦૨૬**

અરજદાર શ્રી ચંદ્રેશ શાંતીલાલ વીરાણી એ ગુજરનાર કુંદનબાળા (કુંદનબેન) શાંતીલાલ વીરાણીની માલીકીની મીલ્કત જે રાજકોટ શહેરમાં રામકૃષ્ણ શેરી નં. ૧, ૨ માં **'શિખર એપાર્ટમેન્ટ'** ના નામથી ઓળખાતી બિલ્ડીંગ માંહેથી **ફર્સ્ટ ફલોર** ઉપર ફલેટ આવેલ છે. જેના સીટી સર્વે વોર્ડ નં. ૧૫ સીટી સર્વે નં. ૨૪૫૧ છે. જેમાં ગુજરનારનો ૧/૨ અવિભાજ્ય હિસ્સો આવેલ છે આ ૧/૨ અવિભાજ્ય હિસ્સાની મીલ્કતનું વારસા સર્ટીફીકેટ મેળવવા તેમના એડવોકેટ શ્રી દીલીપભાઈ મીઠાણી, ગૌરાંગ એચ. મહેતા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની દિવાની પરચુરણ અરજી દાખલ કરેલ છે, તે સંબંધે કોઈ વ્યક્તિને વાંધો તકરાર હોય તેમને મુદત તારીખ ૧૭/૩/૨૦૨૬ના સવારે ૧૦.૩૦ કલાકે અત્રેની કોર્ટમાં રજુ કરવા, ગેરહાજર રહ્યે યોગ્ય હુકમ કરવામાં આવશે, જેની સ્પષ્ટ નોંધ લેશો.

આજરોજ તારીખ : ૧૩/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સીક્કા કરી આપેલ છે.

તૈયાર કરનાર (પી. એમ. અમદાવાદી) આસીસ્ટન્ટ | કોર્ટનો સિક્કો | હુકમથી (એન. આર. વ્યાસ) રજીસ્ટ્રાર પ્રિન્સિપાલ સીનીયર સીવીલ કોર્ટ, રાજકોટ

### પશ્ચિમ રેલવે ૩ જોડી બિનઆરક્ષિત વિશિષ્ટ ટ્રેનો દોડાવશે

| ટ્રેન નં. | મૂળ સ્ટેશન અને ગંતવ્ય | સેવાની તારીખો | પ્રસ્થાન | પહોંચશે |
|---|---|---|---|---|
| ૦૯૫૧૩ | રાજકોટ – વેરાવળ | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૦૬:૫૫ કલાકે રોજ | ૧૦:૫૫ કલાકે (તે જ દિવસે) |
| ૦૯૫૧૪ | વેરાવળ – રાજકોટ | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૧૫:૨૦ કલાકે રોજ | ૨૦:૦૦ કલાકે (તે જ દિવસે) |
| વિરામો: ભક્તિ નગર, ગોંડલ, વિરપુર, જેતલસર, જૂનાગઢ અને કેશોદ સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| રચના: જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |
| ૦૯૫૮૨ | ભાવનગર – વેરાવળ | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૧૪:૫૦ કલાકે રોજ | ૨૧:૩૫ કલાકે (તે જ દિવસે) |
| ૦૯૫૮૧ | વેરાવળ – ભાવનગર | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૦૬:૫૦ કલાકે રોજ | ૧૪:૦૦ કલાકે (તે જ દિવસે) |
| વિરામો: ભાવનગર પરા, સિહોર, ધોળા, ઢસા, લાઠી, કુંકાવાવ, જેતપુર, જેતલસર, જૂનાગઢ અને કેશોદ સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| રચના: જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |
| ૦૯૫૯૧ | વેરાવળ – જૂનાગઢ | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૦૯:૧૫ કલાકે રોજ | ૧૩:૦૦ કલાકે (તે જ દિવસે) |
| ૦૯૫૯૨ | જૂનાગઢ – વેરાવળ | ૧૩/૦૨/૨૦૨૬ થી ૧૭/૦૨/૨૦૨૬ | ૧૩:૨૫ કલાકે રોજ | ૧૭:૦૫ કલાકે (તે જ દિવસે) |
| વિરામો: સાવણી, તાલાલા, ચિત્રાવડ, સાસણ ગીર, કાનસીયા નેસ, સતાધાર, વિસાવદર, જૂનીચાવંડ, બીલખા અને તોરણીયા સ્ટેશનો બંને દિશામાં. | | | | |
| રચના: જનરલ સેકન્ડ ક્લાસ કોચો. | | | | |

વિરામોના સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર બિનઆરક્ષિત વિશિષ્ટ ટ્રેનો તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઈક કરો અને અમને ફોલો કરો: facebook.com/WesternRly | X.com/WesternRly | Instagram.com/WesternRly | https://www.youtube.com/@WesternRly | https://bit.ly/WesternRailwayOfficial

### પશ્ચિમ રેલવે રાજકોટ ડિવિઝન

**બાયો-ટોયલેટ લેબની સ્થાપના તથા સંચાલન અને જાળવણી**

**ટેન્ડર નોટિસ નં. M-2026-4-BT-LAB-OKHA તા. 10.02.2026** (i) **કામનું નામ** - ઓખા કોચિંગ ડેપો ખાતે સાધન-સામગ્રી અને એસેસરીઝનો પુરવઠો, સ્થાપના અને કમિશનિંગ તથા બાયો-ટોયલેટ લેબની સ્થાપના અને 02 વર્ષ માટે લેબના સંચાલન અને જાળવણીનું કાર્ય. **(ii) અંદાજિત કિંમત:** ₹ 2884148.83 **(iii) ઈએમડી:** ₹ 57700/- **(iv) ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય:** 05.03.2026 ના રોજ 15.00 કલાક સુધી અને 05.03.2026 ના રોજ 15.30 કલાકે ટેન્ડર ખોલાશે. **(v) ઓફિસનું સરનામું** જ્યાંથી: ટેન્ડર ફોર્મ ખરીદી શકાય છે અને નોટિસ બોર્ડનું સ્થાન ડિવિઝનલ રેલવે મેનેજર પશ્ચિમ રેલવે, રાજકોટ-360001 **વેબસાઈટ વિગતો:** www.ireps.gov.in

RJT 201

અમને લાઈક કરો: facebook.com/WesternRly

SINCE 2004

આપના વિશ્વાસ, સેવા, સંતોષ અને પારદર્શિતાના મજબૂત આધાર પર

મહા શિવરાત્રિ

22 વર્ષની ગૌરવસભર સફર

viking Advertising

TAGORE MARG, Behind One Dwarka, Rajkot-2.

www.vikingadvertising.co.in

તંત્રી લેખ

# સહકાર માળખું સ્માર્ટ બનશે

ગુજરાતના સહકાર માળખાને સ્માર્ટ બનાવતી નવિન ક્રાંતિનો શુભારંભ થયો છે. આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ દ્વારા ડેરી ક્ષેત્રને નવી દિશા આપતા અમૂલ એ.આઈ.નું લોકાર્પણ થયું છે.સરકાર-સહકાર અને ટેકનોલોજીની ત્રિવેણીથી આધુનિક વિકાસની ગતિ અનેક ગણી વધી છે.ડેરી ઈકો સિસ્ટમને સંગીન કરવા ૨૦ હજાર વેટરનરી પ્રોફેશનલ્સ તૈયાર કરવા માટે કેન્દ્રીય બજેટમાં વિશેષ ફંડની જોગવાઈ પણ કરવામાં આવી છે.

વૈશ્વિક ટ્રેડ ડિલથી દેશના ડેરી સેક્ટરને લાભ - ભારત વિશ્વની ડેરી બનવાની દિશામાં ઝડપભેર આગળ વધશે. દેશની આર્થિક વિકાસયાત્રા તેજ ગતિએ આગળ વધી છે તેમાં ટેકનોલોજીના મહત્વનો ફાળો છે. અમૂલે પોતાના સભાસદો, દૂધ ઉત્પાદકોને વધુ આવક મળે તેવી નવિનતમ ટેકનોલોજીનો ઉપયોગ ડિજિટલ ક્રાંતિથી કર્યો છે. પોતાની સુવિકસિત આગવી આઈ.ટી. સિસ્ટમમાં પશુપાલકો, દૂધ ઉત્પાદકો, સભાસદોનો જે ડેટાબેઝ છે તેને ઈન્ટીગ્રેટ કરીને હવે અમૂલ એ.આઈ.થી એડવાન્ટેજ ઈન્ડિયા માટે સજ્જ થયું છે.

અમેરિકા અને યુરોપિયન યુનિયન સાથે થયેલી ટ્રેડ ડિલ ડેરી ક્ષેત્ર માટે લાભદાયી થશે ડેરી પ્રોડક્ટ્સની ઈમ્પોર્ટને બાકાત રાખવાના તેમના આગવા નિર્ણયથી દેશમાં દૂધ ઉત્પાદન પર નિર્ભર ૧૦ કરોડથી વધુ નાના અને સીમાંત ખેડૂતોનો જીવન નિર્વાહ સુરક્ષિત રહેશે.

ભારત ડેરી સેક્ટર દૂધ ઉત્પાદન વધારીને વિશ્વની ડેરી બનવાની દિશામાં ઝડપભેર આગળ વધશે.

નવી ટેકનોલોજી અને ઈનોવેશન આવનારા સમયમાં ઈકોનોમીના ડ્રાઈવિંગ ફોર્સ બનશે તેમાં ગ્રામ્ય, કૃષિ, પશુપાલન અને દૂધ ઉત્પાદન સાથે સહકાર ક્ષેત્ર લીડ લેશે.

### સત્ય, પ્રેમ, કરૂણાના ઉપાસક

# સમગ્ર વિશ્વમાં રામનામ ગુંજતું કરનાર પૂ.મોરારિબાપુ શિવરાત્રિએ ૮૧ વર્ષમાં કરશે મંગલપ્રવેશ

## વિશ્વના કરોડો રામભક્તોના હૃદયમાં રામરસ ઘોળનાર બાપુને સમગ્ર વિશ્વમાંથી કોટી કોટી વંદન


**અબતક, રાજકોટ**

વિશ્વ પ્રસિધ્ધ રામાયણી સંત અને સમગ્ર વિશ્વમાં રામનાથ ગુંજતું કરનાર પૂ.મોરારિબાપુ શિવરાત્રિ મહાદેવ ચૌદશના દિવસે ૮૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યા છે. બાપુના જન્મદિવસને લઈને લાખો ભક્તોમાં આનંદ છવાયો છે.

પૂ.મોરારિબાપુ મહાદેવ ચૌદસ શિવરાત્રીના દિવસે ૮૧માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે. 'શતમ્ જીવમ્ નહીં સવા શતમ્' તેમના કાર્યોથી સૌએ કહેવું પડે! જીવનના સાત દાયકા સુધી રામનામના ગુંજારવને નસનસમાં ભરી દેનાર આ મહાચેતના અને પરમ વિભૂતિને કદાચ ભવિષ્યે લોકો એક ચમત્કારી મહાપુરુષ તરીકે ઓળખશે!!

પૂ.મોરારિબાપુએ સ્વયંમ જન્મ વિશે જણાવેલ છે કે ૨૫ સપ્ટેમ્બર ૧૯૪૬ મારી પાસપોર્ટમાં લખાયેલી જન્મ તારીખ છે. પરંતુ વાસ્તવમાં જન્મદિવસ એ શિવરાત્રી એટલે કે ૨ માર્ચ ૧૯૪૬ છે. શિવરાત્રીનો તે દિવસ હતો અને તેથી બાપુએ પોતાનો જન્મદિવસ ક્યારેય અંગ્રેજી કેલેન્ડર મુજબ પ્રસ્તુત કર્યો નથી. તેથી આપણે શિવરાત્રીને જ આગળ કરીને ચાલીએ, માનીએ. તે મહાદેવ ચૌદસ સવંત ૨૦૦૨નો દિવસ હતો શનિવાર.તો આ રીતે બાપુનો જન્મ દિવસ મહાશિવરાત્રીથી ગણતા બાપુ હવે ૮૧ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે.

માત્ર ૧૪ વર્ષની ઉંમરે રામચરિત માનસની ચોપાઈઓના ગાન સાથે બાપુએ પોતાના દાદા અને ગુરુ પૂજ્ય ત્રિભુવનદાસબાપુ પાસેથી માનસ દીક્ષા ગ્રહણ કરી રામ ચરિત માનસના દોહા, સોરઠા અને ચોપાઈ ધીમે ધીમે પૂ.મોરારિબાપુના સમગ્ર ચેતનતત્વમાં ઉતારતા ચાલ્યા અને પોતાના પૈત્રિક વતન મહુવા તાલુકાના તલગાજરડા મુકામે પ્રથમ રામકથા એક વડલાની છાયામાં માત્ર બે શ્રોતાઓની સામે રજૂ કરી હવેએ પરોક્ષ રીતે કરોડો શ્રોતાઓ સુધી આ ગંગા પહોંચી ગઈ છે.



જીવનના ૬૮ વર્ષો જે ચેતનસમૃદ્ધિએ રામને સમર્પિત કર્યા હોય તેને શબ્દ પુષ્પમાં બાંધવાનો પ્રયાસ કરીએ તો તે શક્ય નથી. રામકથાનો રસ હવે જગતના ૭૦૦ કરોડ લોકો પૈકીના હિન્દી, ગુજરાતી જાણનારા લગભગ ૨૦૦ કરોડ લોકો સુધી વિસ્તર્યો છે, પહોંચ્યો છે. કદાચ જગતમાં આ પ્રકારની કોઈ કહાની પ્રવાહી રીતે અન્ય કોઈ ધર્મમાં પણ રજૂ થતી હોય અને આ ધારાઓને જીલવા માટે લાખો લોકો રોજ પીપાસુ બનીને ખોબો ધરીને ઉભા હોય તેવું સાંભળવા મળ્યું નથી! પણ પૂજ્ય બાપુની વાણીને ઝીલવા ઉત્તરથી દક્ષિણ તથા પૂર્વથી પશ્ચિમ ભારતના જ નહીં પરંતુ વિશ્વના ખૂણે ખૂણે આસ્થા ચેનલના માધ્યમથી હજારો લોકો આતુરતાથી પહેલા ટીવી અને હવે ઈન્ટરનેટમાં આંખ ઉઘાડીને બેઠાં છે.

૯૭૨મી કથા બાપુએ પોતાની પરંપરાના ઈશ્વરીય તત્વ કૃષ્ણમ્ શરણમ્ સમર્પિત કરીને ૮૧માં વર્ષનો પ્રારંભ કર્યો છે. દુનિયાના છ ખંડો અને આકાશ, જળમાં સૌને રામકથાનું રસપાન કરાવવા માટે બાપુ માધ્યમ બની શક્યા છે. દુર્ગમ એવા અરણ્ય પ્રદેશો એવરેસ્ટ જેવી બર્ફીલી હિમાલયની પહાડીઓ કે જ્યાં માનસરોવર છે ત્યાં પણ પોથીજી લઈને બાપુનાં પગલાં પડ્યાં છે. બાપુએ શ્રદ્ધાને અંધશ્રદ્ધામાં બદલવા માટે કદી પ્રયત્ન નથી કર્યો. બાપુની કથાઓ અને તેની રસલ્હાણનો એક વખત ઘૂંટડો પી જનાર કાયમના બંધાણી બની જાય છે. ''આઈએ હનુમંત બિરાજીએ કથા કહું રઘુરાય'' આ ચોપાઈનું ગાન હનુમંત મહારાજને હંમેશા કથા મંડપમાં પધારવા માટે પૂરતું બની રહે છે. કોઈ ઘટના ૯૭૨ કથામાં આજે પણ એવી નથી બની કે જે કૃપણ કે કષ્ટદાયક હોય!

ચરૈવેતી ચરૈવેતીના મંત્ર માળાના મણકાઓની જેમ જ સાથે રાખીને બાપુનું પવિત્ર, પ્રવાહી જીવન સતત દોડતું, વિસ્તરતું અને વહેતું દેખાયું છે.પણ તે ક્યારેય હાંફ્યુ હોય તેવો પ્રસંગ સામે આવ્યો નથી.

પુ.બાપુ લાખો લોકોના જીવનને બદલવા કારણરૂપ બન્યા છે. તેમના અવતરણ દિવસે મનોરથ કરી વારંવાર વંદન કરીએ છીએ.

# શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાની તબિયત સ્થિર: સ્ટેન્ટ મૂકાયું

## અમદાવાદમાં ગઈકાલે ચાલુ કાર્યક્રમે હળવો હાર્ટ એટેક આવ્યો હતો

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજાનો ગઈકાલે રાત્રે અમદાવાદમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં એક કાર્યક્રમમાં અચાનક તબિયત લથડી હતી. તેઓને તાત્કાલીક યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા. હળવો હાર્ટ એટેક આવ્યો હતો. હૃદયની વેનમાં બ્લોકેજ આવતા એક સ્ટેન્ટ મૂકવામાં આવ્યું હતું. હાલ તેઓની તબિયત સારી અને સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.



રાજય સરકારના શિક્ષણ મંત્રી ડો. પ્રદ્યુમન વાજા અમદાવાદમાં એક જાહેર કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે સામેલ થયા હતા. ચાલુ કાર્યક્રમે તેઓની તબિયત લથડી હતી. તેઓને યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

રૂટીન ચેક અપ બાદ એન્જિયોપ્લાસ્ટી કરવામાં આવી હતી. જેમાં બ્લોકેજનું નિદાન થતાં એક સ્ટેન્ટ મૂકવામાં આવ્યું હતું. હાલ તેઓની તબિયત સ્થીર છે. આગામી સોમવારથી વિધાનસભામાં આગામી સોમવારથી બજેટ સત્રનો આરંભ થઈ રહ્યો છે. નાદુરસ્તી તબિયતના કારણે બજેટ સત્રમાં હાજરી આપી શકે તેવી શકયતા ઓછી છે.

# ધ્રાંગધ્રા: મતદારોના નામ કમી કરવાના મુદ્દે કોંગ્રેસનું રસ્તા રોકો આંદોલન - કાર્યકરોની અટકાયત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરના ફુલેશ્વર મંદિર નજીક કોંગ્રેસ દ્વારા રસ્તા રોકો આંદોલન કરવામાં આવ્યું હતું મતદાર યાદીમાંથી ખોટી રીતે નામ કમી કરવામાં આવ્યા હોવાના આક્ષેપો સાથે કાર્યકરોએ વિરોધ પ્રદર્શન કરી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો આંદોલન દરમિયાન કેટલાક સમય માટે રસ્તા પર વાહન વ્યવહાર અટકી જતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી મુખ્ય માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી જતાં નાગરિકોને અવરજવર કરવામાં અડચણો પડી હતી ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક હરકતમાં આવી અને પીઆઈ સહિતનો



પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો પોલીસે સ્થિતિને કાબૂમાં લેવા માટે આંદોલનકારીઓને સમજાવી, જરૂરી કાર્યવાહી હેઠળ કેટલાક કાર્યકરોને ડિટેઈન કર્યા હતા. ત્યારબાદ ટ્રાફિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં આવી અને માર્ગ પર અવરજવર ફરી શરૂ થઈ હતી કોંગ્રેસના આગેવાનો દ્વારા ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતા જળવાઈ રહે અને મતદારોના હકોનું રક્ષણ થાય તે માટે યોગ્ય તપાસ અને પગલાં લેવા માંગ કરવામાં આવી હતી

# ગોંડલ નાં સુરેશ્વર મહાદેવ તથા મુક્તેશ્વર મહાદેવ મંદિરે શિવરાત્રીની ભાવભેર ઉજવણી કરાશે

## સવારે પ્રભાત આરતી પ્રસાદ અને સવારના ફુટથી ભોળાનાથને શણગારશે

**અબતક, જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

મહાશિવરાત્રી નાં પાવન પર્વ નિમીતે બમ બમ ભોલે નાં નાદ સાથે ગોંડલ નાં શિવાલયોમાં ભાવભેર ઉજવણીનું આયોજન કરાયું છે.

ગોંડલ નાં અતિ પ્રાચિન એવા સુરેશ્રવર મહાદેવ મંદિર ખાતે મહાશિવરાત્રી નાં સવારે પાંચ કલાકે પ્રભાત આરતી,બપોરે મધ્યાહન આરતી તથા સાંજે સાત કલાકે સંધ્યા આરતી કરાશે.રાત્રીનાં બાર કલાકે મહાઆરતી યોજાશે.મહાઆરતી બાદ ફરાળ ની પ્રસાદી વિતરણ કરાશે.

મુક્તિધામ ખાતે આવેલાં મુક્તેશ્વર મહાદેવ મંદિરે સવારે છ કલાકે ભસ્મ આરતી,સવારે સાત થી દશ દરમ્યાન અગીયારસો કિલોનો ફ્રુટ નો શણગાર, દસ થી બાર દરમ્યાન ફુલોનો શણગાર, બપોરે બાર કલાકે મહાઆરતી બાદ આઠસો લીટર ભાંગ તથા ફ્રુટ નો પ્રસાદ વિતરણ કરાશે.

પ્રાચિન એવા ભીમનાથ, કાશીવિશ્વનાથ મહાદેવ સહિત શિવાલયો માં મહાઆરતી સહિત ધાર્મિક આયોજન સાથે પ્રસાદ નાં આયોજન કરાયા છે.

# જામનગર જિલ્લા ભાજપ મંત્રી તરીકે નિમણૂંક પામતા રૂડાભાઈ વેસરાનું ભરવાડ સમાજ દ્વારા અભિવાદન

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના ખારવા ગામે આયોજિત ભરવાડ સમાજના સમુહ લગ્નોત્સવના પાવન અવસરે પ્રસંગે જામનગર જિલ્લા ભાજપના નવનિયુક્ત મંત્રી રૂડાભાઈ વેસરાનું ધ્રોલ તાલુકા ભરવાડ સમાજ દ્વારા જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

તાજેતરમાં જ ભાજપ સંગઠન દ્વારા રૂડાભાઈ વેસરાને જામનગર જિલ્લા ભાજપ મંત્રી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂંકને વધાવવા અને સમાજનું ગૌરવ વધારવા બદલ ખારવા ગામે યોજાયેલા સમુહ



લગ્નોત્સવના મંચ પરથી તેમનું અભિવાદન કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન સમાજના અગ્રણીઓ અને વડીલો દ્વારા રૂડાભાઈને પુષ્પહાર પહેરાવી, શાલ ઓઢાડી અને સાફા સાથે પરંપરાગત રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ સન્માન સમારોહમાં ધ્રોલ તાલુકા ભરવાડ સમાજના અગ્રણીઓ, રાજકીય કાર્યકરો અને મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ રૂડાભાઈને આ નવી જવાબદારી બદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

# ધ્રાંગધ્રા નવોદય સ્કુલના વિદ્યાર્થીઓને પોલીસે ગુડ બેડ-ટચ ટ્રાફિક નિયમોની આપી સમજણ

## વિદ્યાર્થીઓને શેશવકાળની સમાજની સારી નરશી બાબતોથી વાકેફ કરવા એજ સાચી કેળવણી ગણો: પી.આઈ. ચુડાસમા



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકા પોલીસ દ્વારા હરીપર ગામ નજીક આવેલી જવાહર નવોદય વિદ્યાલય ખાતે વિદ્યાર્થીઓ માટે વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો આ સેમિનારમાં વિદ્યાર્થીઓને ગુડ ટચ-બેડ ટચ, ટ્રાફિક નિયમો તેમજ કાયદાકીય માહિતી વિશે તાલુકા ઈન્ચાર્જ પીઆઈ એન એચ ચુડાસમાએ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીનીઓને સરળ અને અસરકારક રીતે સમજાવવામાં આવ્યું કે ગુડ ટચ એટલે સુરક્ષિત, વહાલભર્યો અને આરામદાયક સ્પર્શ જેમ કે માતા-પિતાનું વહાલ કે ગુરુજીના આશીર્વાદ જ્યારે બેડ ટચ એ એવો સ્પર્શ છે જે શરીરના ગુપ્ત ભાગોને લગતો હોય અને જેનાથી ડર, શરમ કે અજુગતું લાગણી થાય આવા સંજોગોમાં તરત પ્રતિકાર કરવા, ત્યાંથી દૂર થવા અને માતા પિતા અથવા શિક્ષકને જાણ કરવાની મહત્વપૂર્ણ સલાહ આપવામાં આવી.

વિદ્યાર્થીઓને જાહેર હેલ્પલાઈન નંબર ૧૦૯૮ અને ૧૧૨ તેમજ પોક્સો એક્ટ અંગે માહિતી આપી સમજાવવામાં આવ્યું કે કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા થતી કનડગત કે મુશ્કેલી સમયે આ નંબર પર તરત મદદ મેળવી શકાય છે ઉપરાંત સખી વન સ્ટોપ સેન્ટર વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા ઈન્ચાર્જ પીઆઈ એન.એચ. ચુડાસમા દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન, સાયબર ક્રાઈમથી બચવાના ઉપાયો અને કાયદા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું

# ઉના: મહાશિવરાત્રીએ શિવ પૂજન સાથે શોભાયાત્રા થકી ભોળાનાથની થશે આરાધના

## શહેરમાં સવારથી સાંજ સુધી અનેકવિધ શિવમય કાર્યક્રમોની વણઝાર

**અબતક, ઉના**

આગમી તા, ૧૫/૨/૨૬ ને રવિવારે મહાશિવરાત્રી ના દિવસે ઊના ના ગીર ગઢડા તાલુકાના દ્રોણ ગામે પવિત્ર મચ્છુન્દ્રી નદી ના કિનારે આવેલ પ્રાચીન મંદિર દ્રોણેશ્વર મહાદેવ નું મંદિર જ્યાં શિવ લિંગ ઉપર હજારો વર્ષ થી અવિરત રીતે ગંગાજળ નો અભિષેક થાય છે. ત્યાં મહાશિવરાત્રી ના દિવસે ઊના ના જય જલારામ મિત્ર મંડળ દ્વારા ભરત ભાઈ મહેતા (મુંબઈ) ના સહકાર થી દ્રોણેશ્વર મહાદેવ ના દર્શને આવતા તમામ ભક્તો માટે સવારે ૧૦,૩૦ થી બપોરે ૧, ૩૦ સુધી વિના મૂલ્યે ફરાળ વિતરણ કરવામાં આવશે તમામ ભક્તો એ લાભ લેવા જણાવેલ છે. તેમજ ઊના મા સવારે દસ કલાકે દર વર્ષે ની પરંપરા મુજબ શિવજી ની શોભાયાત્રા ઊના માં સૂર્યમુખી હનુમાન મંદિર ના પરિસર માં આવેલા ઓમકારેશ્વર મહાદેવ ના મંદિર થી પ્રારંભ કરાશે જે વાજતે ગાજતે ટાવર ચોક, આનંદ વાટિકા ચોક, માધવ બાગ થઈ સોમનાથ લાતી એ પૂર્ણ કરવામાં આવશે તેમજ સાંજના ઓમકારેશ્વર મહાદેવ ના મંદિર મ્યુઝિક આરતી યોજાશે

# ટેકાના ભાવે ચણા અને રાઈની ખરીદીના સરકારના નિર્ણયને ભાજપ કિસાન મોરચાના વિજય કોરાટએ આપ્યો આવકાર

**અબ તક રાજકોટ**

રાજ્યના ખેડૂતોને તેમની ઉપજના પોષણક્ષમ ભાવ સાથે આર્થિક રક્ષણ પણ મળી રહે તે માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૬-૨૭ માટે ચણા અને રાઈને ટેકાના ભાવે ખરીદી નિર્ણય ને ગુજરાત પરદેશ ભાજપ કિસાન મોરચાના મંત્રી વિજય કોરાટે આવકારી સરકારનો આભાર માન્યો હતો

શ્રી વિજયભાઈ કોરાટએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા સમયાંતરે રાજ્યના ખેડૂતો અને કૃષિકારોના ઉત્કર્ષ માટે પ્રોત્સાહક યોજનાઓની જાહેરાતો



થતી હોય છે. જેનાથી ખેડૂતોને આવતા સમયમાં ખુબ જ આર્થીક ફાયદો થાય છે. રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાઈ જેવા પાકને ટેકાના ભાવે ખરીદી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં ચણા માટે ટેકાના ભાવ ૫૮૭૫ પ્રતિ ક્વિન્ટલ (૧૧૭૫ પ્રતિ મણ) તથા રાઈ માટે ટેકાના ભાવ ૬૨૦૦ પ્રતિ ક્વિન્ટલ (૧૨૪૦ પ્રતિ મણ)ના ભાવ જાહેર કરવામાં આવ્યા છે. જેના માટે તા.૧૩ ફેબ્રુઆરીથી ૦૫, માર્ચ ૨૦૨૬ સુધી ઓનલાઈન નોંધણી કરાવી શકાશે.

ગુજરાત પ્રદેશ ભાજપ કિસાન મોરચા મંત્રી વિજયભાઈ કોરાટે મુખ્યમંત્રીશ ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર વ્યકત કરી અભિનંદન પાઠવ્યા હતા

# ગાંધીધામ મનપા દ્વારા ૩૫૦ કિલો પ્લાસ્ટીક જપ્ત કરી દંડ ફટકારાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિકના હોલસેલના ગોડાઉન અને અને દુકાનમાં ચકાસણી કરી પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી દંડ ફટકાર્યો હતો. મહાનગરપાલિકા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક વિરુદ્ધ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ અભિયાનના ભાગરૂપે આજે ગાંધીધામ વિસ્તારમાં આવેલા પ્લાસ્ટિકના હોલસેલ વેપારીઓના ગોડાઉન અને દુકાનો પર ચકાસણી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૧૨૦ માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતું અંદાજે ૩૫૦ કિલોગ્રામ જેટલું પ્રતિબંધિત પ્લાસ્ટિક મળી આવતાં તાત્કાલિક જપ્ત કરવામાં આવ્યું હતું. નિયમોનો ભંગ કરવાના કારણે સંબંધિત વેપારીઓ પાસેથી કુલ રૂ.૭૦,૦૦૦ નો દંડ વસૂલવામાં આવ્યો હતો. મહાનગરપાલિકા તંત્રે સ્પષ્ટ કર્યું છે કે, પ્લાસ્ટિક પ્રતિબંધનો ભંગ કરનારાઓ સામે કોઈ પણ પ્રકારની ઢીલાશ રાખવામાં નહીં આવે. શહેરને સ્વચ્છ, સ્વસ્થ અને પર્યાવરણ મિત્ર બનાવવા માટે આવી કાર્યવાહી આગામી દિવસોમાં પણ સતત ચાલુ રહેશે. સમગ્ર કાર્યવાહી સેનેટરી ઈન્સ્પેક્ટર ગાયત્રીપ્રસાદ જોશીના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ દ્વારા કરવામાં આવી હતી.

# ચોટીલા: મતદારોના નામ કમી કરવાના ખોટા ફોર્મ ભરાયાના મુદે હાઈવે પર કોંગ્રેસ કાર્યકરોનો ચકકાજામ

## વાહનોની કતારો લાગતા પોલીસે કોંગી કાર્યકરોની કરી અટક

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ધ્રાંગધ્રા**

ચોટીલામાં એસઆઈઆર કામગીરી દરમ્યાન અનેક મતદારોના નામ કમી કરવાના ફોર્મ ખોટી રીતે ભરાવી ચોક્કસ મતદારોના નામ કઢાવી નાખવાના આક્ષેપો સાથે કોંગ્રેસ પ્રમુખ નવશાદ સોલંકીના એલાનના પગલે કોંગ્રેસના કાર્યકરોએ ચોટીલા હાઈવે પર ચક્કા જામ કરાવતા વાહનોની લાંબી કતારો લાગી જતાં પોલીસે તાતકાલી ટ્રાફીક કલીયર કરાવી કોંગ્રેસના કાર્યકરોની અટકાયત કરી હતી.

હાલ ચૂંટણી પંચ દ્વારા સરની



કાર્યવાહીની અંદર ફોર્મ નંબર સાત ભરી ચોક્કસ જ્ઞાતિઓ ના મત અધિકારનો ભંગ કરી એમને નામ કમી કરવાની જો મોટું ષડયંત્ર ચાલી રહ્યું હોવાના આક્ષેપ વચ્ચે ચોટીલા કોંગ્રેસ કાર્યકર્તાઓ દ્વારા આજરોજ ચોટીલા નેશનલ હાઈવે ચક્કા જામ કરવામાં આવ્યો હતો વાહનોની લાંબી કટારો લાગી હતી પોલીસ દ્વારા તમામ કાર્યકર્તાઓની અટકાયત કરાય છે આ કાર્યક્રમની અંદર રાઘવભાઈ મેટાળીયા મથુરભાઈ શહેર કોંગ્રેસના શૈલેષભાઈ મકવાણા સાયલા કોંગ્રેસના લક્ષ્મણભાઈ ઉતેરીયા હરેશભાઈ ચૌહાણ છબીલભાઈ વાઘેલા રાજુભાઈ વાઘેલા અનિલભાઈ મકવાણા સહીત મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકર્તોની પોલીસ દ્વારા અટકાયત કરી હતી .

# આદીપુર નિર્વાસિતેશ્વર મહાદેવ મંદિરે આજથી શિવ પર્વના થશે પ્રારંભ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

આદિપુરમાં બિરાજતા નિર્વાસિતેશુર મહાદેવના સાનિધ્યમાં દર વર્ષની જેમ (૧૯૭૮ વર્ષ થી) આ વર્ષે પણ મહાશિવરાત્રીના પવિત્ર ઉત્સવ તા. ૧૫-૦૨-૨૦૨૬ રવિવારના રોજ ભક્તિભાવથી ઉજવવામાં આવશે. જે અનુસંધાને આદિપુરના નિર્વાસિતેર મહાદેવ મંદિર ખાતે ઓમ શિવ મંડળી આદિપુર દ્વારા મહાશિવરાત્રિ પર્વની પારંપરિક ઉજવણીની તૈયારીઓને આખરી ઓપ અપાયો છે. મહાશિવરાત્રિ પર્વ આજથી બે દિવસ સુધી વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.આજરોજ શનિવારે ધાર્મિક ફેન્સી ડ્રેસ સ્પર્ધા અને રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે જે શોભાયાત્રા શિવ મંદિર થી શરૂ કરીને નગરની પરિક્રમા કરી શિવ મંદિરમાં પરત ફરશે, આવતીકાલે શિવરાત્રીના દિવસે મંદિર સવારે ચાર વાગ્યાથી લઈને સતત ભક્તજનો માટે ખુલ્લુ રહેશે. પાંચ પ્રહરની વિશેષ પૂજા- આરતી, મહામૃત્યુંજય યજ્ઞ, મહાપૂજન, ધ્વજારોહણ, જાગરણ અને ભજન સહિતનું આયોજન કરવામાં આવેલ છે. ઓમ શિવ મંડળી આદિપુર દ્વારા સર્વે ભક્તજનોને ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.

# અકસ્માતમાં વીજ કર્મચારીનું મોત નિપજવાના બનાવમાં રૂ.૭૫ લાખનું વળતર મંજુર

## નીકાવા સબ-ડીવીઝન કચેરીએ ફરજ પર જતા હતા ત્યારે બાઈકને છોટા હાથી વાહને ઠોકર મારતા જૂનિયર આસીસ્ટન્ટનું મોત નીપજ્યું હતું


એડવોકેટ રવિન્દ્ર ગોહેલ  એડવોકેટ વિવેક ગઢવી

**અબતક,રાજકોટ**

કાલાવડ તાલુકાના નીકાવા ખાતે પીજીવીસીએલમાં જૂનીયર આસીસ્ટન્ટ તરીકે નોકરી કરતા યુવકનું અકસ્માત મૃત્યનાં કલેઈમ કેસમાં વ્યાજ સહીત રૂ.૭૫ લાખનું જંગી વળતર મંજુર કરવામાં આવ્યું છે.વધુ વિગત મુજબ રાજકોટ જિલ્લાનાં જસદણ તાલુકાનાં રાણીંગપર રહેતા અને પીજીવીસીએલમાં કાલાવડ તાલુકાનાં નીકાવા ગામે સબ-ડીવીઝન કચેરીમા જુનીયર આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા મહેશભાઈ ખોડાભાઈ સોરાણીતા.૧૬/૦૫/૨૦૨૨નાં રોજ બાઈક ચલાવીને નીકાવા ખાતે ફરજ ઉપર જતાં હતાં ત્યારે રાજકોટ - કાલાવડ હાઈવે રોડ ઉપર નીકાવા ગામ પાસે પહોંચતાં પાછળથી આવતા છોટા હાથીનાં ચાલકે મોટર સાયકલ હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો.જેમાં ગંભીર ઈજાથી મહેશભાઈ સોરાણીનું મૃત્યુ નીપજ્યું હતું. જે અંગે ગુજરનારનાં વારસદારોએ રાજકોટ વકીલ રવીન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ અને વિવેક ગઢવી ધ્વારા રાજકોટ ટીબ્યુનલમાં કલેઈમ કેસ દાખલ કરવામાં આવેલ.

ગુજ. મહેશભાઈ સોરાણી કે નીકાવા સબ-ડીવીઝન કચેરીમાં પીજીવીસીએલમાં નોકરી લાગ્યાને બીજા જ વર્ષમાં અકસ્માતે મૃત્યુ થયુ હતું. તેઓ પીજીવીસીલ નિયમો અને પરિપત્ર મુજબ પાંચ વર્ષનાં ફીકસ-પેમાં નોકરી કરતાં હતાં અને તેમનાં પરીવારમાં પત્ની, સગીર પુત્રી અને માતા-પિતાનું ભરણપોષણ કરતાં. ગુજરનારનું મૃત્યુ થતાં તેમનાં વારસદારોને વધુ વળતર મળે તે માટે તેમનાં એડવોકેટ ધ્વારા ગુજરનારની આવક અને ભવિષ્યમાં મળવાપાત્ર ભથ્થાઓ સાબિત કરવા પીજીવીસીએલ, નીકાવાનાં નાયબ ઈજનેરને તપાસવામાં આવેલ ગુજરનાર હાલમાં પગાર પેટે ફીકસ-પે મુજબની રકમ મેળવતા હતા પરંતુ જો અકસ્માતમાં ગુજરનારનું મૃત્યુ થયેલ ન હોત તો તેઓ પાંચ વર્ષ બાદ હાલનાં પગાર કરતા વધુ પગાર મળવાપાત્ર ધાત અને તેથી ગુજરનારની અકસ્માત તારીખની આવકને બદલે પાંચ-વર્ષ બાદ કાયમી થાત તે આવક ધ્યાનમાં લેવી જોઈએ અને તેના સમર્થનમાં સુપ્રિમ કોર્ટનાં ચુકાદાઓ રજુ કરેલા જજમેન્ટ અને અરજદારોનાં વકીલની મજબુત દલીલો ધ્યાનમાં રાખી રાજકોટ ટ્રીબ્યુનલે ધ્વારા ગુજ. મહેશભાઈ સોરાણીનાં કલેઈમ કેસમાં વ્યાજ સહીત રૂ.૭૫ લાખનાં વળતરની રકમ માત્ર સાડા ત્રણ વર્ષનાં ટૂંકા ગાળામાં મંજુર કરવામાં આવેલો છે.અરજદાર વતી રાજકોટ કલેઈમ કેસનાં નિષ્ણાંત વકીલ રવીન્દ્ર ડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી), આસીસ્ટન્ટ તરીકે, દિનેશ ડી. ગોહેલ જતીન પી. ગોહેલ તથા જયેશ મકવાણા વગેરે રોકાયેલ હતાં.

# ગોંડલ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે પોલીસની લાલ આંખ

## આડેધડ પાર્ક કરેલા વાહનો લોક મારી કાર્યવાહી કરી

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**

ગોંડલ સીટી એ ડિવિઝન પોલીસે શહેરમાં મુખ્ય માર્ગો પર વકરતી ટ્રાફિક સમસ્યાને નિયંત્રિત કરવા પોલીસે સઘન કાર્યવાહી હાથ ધરી હતી. શહેરમાં ટ્રાફિક થી ધમધમતા મંડવીચોક, મોટીબજાર, જેલચોક સહિતના વિસ્તારોમાં ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરી ટ્રાફિકને અડચણરૂપ પાર્કિંગ કરેલ વાહનો સામે પોલીસે કડક પગલાં લીધા છે.

આ કાર્યવાહીમાં શહેરમાં આડેધડ પાર્ક કરેલ વાહનો તેમજ નો પાર્કિંગમાં પાર્ક કરેલા વાહનોના વ્હિલ લોક કરવામાં આવ્યા હતા. પોલીસે વાહન ચાલકો ને હાજર દંડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી સાથે પોલીસે અનેક ગાડીઓ માંથી બ્લેક ફિલ્મ દૂર કરી વાહન ચાલક સામે દંડનાત્મક સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.ગોંડલ પોલીસે આડેધડ વાહન પાર્કિંગ કરતા લોકોને કડક ચેતવણી આપી છે કે, આપના વાહનો જાહેર માર્ગ પર ટ્રાફિકને અડચણરૂપ પાર્ક ન કરવા અન્યથા તેમને પોલીસની આકરી કાર્યવાહીનો સામનો કરવો પડશે.


શહેરમાં શિસ્ત જાળવવા માટે વાહન ચાલકોએ ટ્રાફિકને અડચણરૂપ ન થાય અને નિયત કરેલ પાર્કિંગ સ્થળો એજ વાહન પાર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

# ધ્રાંગધ્રા નજીક બે ટ્રક વચ્ચે ટક્કર બાદ લાગી ભભૂકી: ડ્રાઈવરનું મોત

**અબતક**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધાંગધ્રા તાલુકાના દુદાપુર ગામ નજીક માલવણ હાઈવે પર મોડી રાત્રિના સમયે બે ટેલર ટ્રક વચ્ચે ભયંકર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે ટક્કર બાદ એક ટેલર ટ્રકમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી, જેના કારણે ઘટનાસ્થળે જ એક ડ્રાઈવરનું કરુણ મૃત્યુ થયું હતું મળતી માહિતી અનુસાર, ટેલર ટ્રકના ડ્રાઈવર વિક્રમકુમાર રાજેન્દ્રસિંહ રાજપુત આગની જ્વાળાઓમાં ફસાઈ જતા બળીને મોતને ભેટ્યા હતા. અકસ્માત બાદ આસપાસના વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો ઘટનાની જાણ થતાં ધાંગધ્રા તાલુકા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.

પોલીસે આગ પર કાબૂ મેળવવાની કામગીરી સાથે જ બળેલી હાલતમાં ડ્રાઈવરની ડેડબોડી બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડી હતી ધ્રાંગધ્રા-માલવણ હાઈવે પર છેલ્લા સમયમાં વારંવાર અકસ્માતોની ઘટનાઓ સામે આવી રહી છે, જેને લઈને સ્થાનિકોમાં ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. હાલ સમગ્ર મામલે ધાંગધ્રા તાલુકા પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# ગોંડલનાં વેપારી અગ્રણીનાં પત્નિનું મુંબઈ ખાતે ટ્રેન અકસ્માતમાં મોત

## લગ્ન પ્રસંગ પુર્ણ કરી ગોંડલ પરત ફરી રહ્યા હતા પાલઘર રેલવે સ્ટેશન પર સર્જાયો અકસ્માત

**અબતક,**
**જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ**



ગોંડલ નાં અગ્રણી વેપારીનાં પત્નિનું મુંબઈ પાલઘર રેલ્વેસ્ટેશન પર ટ્રેન માં ચડતી વેળા સર્જાયેલ અકસ્માત માં મૃત્યુ થતા પરિવાર શોકમગ્ન બન્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ ગોંડલ નાં જાણીતા વૈભવ ગૃપ વાળા કિરીટભાઈ વસંતભાઈ ગોહેલ તથા તેમના પત્નિ દક્ષાબેન ઉ.૬૨ કૌટુંબિક ભાઈ નાં લગ્ન માં તા.૧૦ નાં મુંબઈ ગયા હતાં.લગ્ન પ્રસંગ પુરો કરી બન્ને પતિ પત્નિ ગોંડલ આવવા ગત બપોર ના સુમારે પાલઘર રેલ્વેસ્ટેશન થી ટ્રેન માં ચડી રહ્યા હતા.ત્યારે દક્ષાબેન ડબ્બા માં ચડતી વેળા અકસ્માતે પ્લેટફોર્મ પર પડી જતા ટ્રેન ની નીચે આવી જતા ગંભીર ઈજાઓ થઈ હતી.તુરંત તેમને નજદીક ની હોસ્પિટલે સારવાર માટે ખસેડાયા હતા.પણ સારવાર કારગત નહી નિવડતા તેમનું નિધન થયુ હતું.બનાવ ની જાણ ગોંડલ થતા તેમનો પરીવાર હતપ્રત બન્યો હતો.તેમને સંતાન માં એક પુત્ર એક પુત્રી હોવાનુ જાણવાં મળેલ હતું. સવારે તેમનાં મૃતદેહ ને મુંબઈ થી ગોંડલ લઈ અવાયો હતો.અને દશ વાગ્યે નિકળેલી તેમની અંતિમ યાત્રા માં શહેર નાં વેપારીઓ, આગેવાનો સહિત લોકો જોડાયા હતા.

# બાબરાના કેબલ ચોરીના ગુનામાં ૧૦ માસથી ફરાર આરોપી તળાજાથી ઝડપાયો

**અબતક**
**પ્રદીપ ઠાકર, અમરેલી**



બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી કેબલ ચોરીના ગુનામાં છેલ્લા ૧૦ મહિનાથી પોલીસને થાપ આપી રહેલા લિસ્ટેડ આરોપીને તળાજાના કુંઢડા ખાતેથી દબોચી લેવામાં આવ્યો છે.

આશરે દસ મહિના પહેલા બાબરા પોલીસ સ્ટેશનમાં ઈગજ કલમ ૩૦૩(૨) મુજબ કેબલ ચોરીનો ગુનો નોંધાયો હતો. આ ગુનામાં ફરિયાદીની વાડીમાંથી અંદાજે ₹૨૦,૭૦૦ નો ૮૨૦ ફૂટ કેબલ વાયરની ચોરી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન આ ગુનામાં આરોપી હનુભાઈ ઉર્ફે ટીંઢીયો સુરાભાઈ વાઘેલા (ઉં.વ. ૩૭) નું નામ ખુલ્યું હતું, પરંતુ તે ધરપકડથી બચવા માટે સતત ૧૦ મહિનાથી નાસતો ફરતો હતો. આરોપી તળાજા પંથકમાં છુપાયેલો હોવાની પેરોલ ફર્લો સ્કવોર્ડને મળેલી બાતમીના આધારે તળાજા તાલુકાના કુંઢડા ગામની માળવાળી સીમમાં ઓપરેશન પાર પાડી આરોપીને હસ્તગત કરી કાયદેસરની કાર્યવાહી માટે બાબરા પોલીસ સ્ટેશનને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# ગોંડલના કંટોલિયામાં બીમારીથી કંટાળી યુવાનનો આપઘાતનો પ્રયાસ

## યુવાને આચકીની બીમારીથી કંટાળી રૂમમાં દોરી બાંધી જીવન ટૂંકાવવાનો કર્યો પ્રયાસ

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના કંટોલિયા ગામમાં હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં લાંબા સમયથી ગંભીર બીમારીથી કંટાળી ૩૦ વર્ષીય યુવાને જીવન ટૂંકાવવાનો પ્રયાસ કર્યો હતો. હાલ યુવાન હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કંટોલિયા ગામમાં રહેતા દિલીપભાઈ નારાયણભાઈ મકવાણા (ઉં.વ. ૩૦) ગઈકાલે પોતાના ઘરે હતા ત્યારે આ પગલું ભર્યું હતું. દિલીપભાઈ છેલ્લા કેટલાક સમયથી આચકી (ફીટ) આવવાની બીમારીથી પીડાતા હતા. સતત બીમારી અને તેના કારણે થતી પીડાથી કંટાળી જઈને તેમણે ગઈકાલે પોતાના રૂમમાં છતના હૂંક સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. બનાવ સમયે દિલીપભાઈના માતાએ તેમને અવાજ આપ્યો હતો, પરંતુ રૂમમાંથી કોઈ પ્રતિસાદ ન મળતા તેઓ તપાસ કરવા ગયા હતા. રૂમમાં દિલીપભાઈને લટકતી હાલતમાં જોઈ માતાએ બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવ્યા હતા. તેમને તાત્કાલિક બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાલ તેમની સારવાર ચાલી રહી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે દિલીપભાઈ કડિયાકામ કરીને પરિવારને મદદરૂપ થતા હતા. તેઓ બે બહેન અને એક ભાઈમાં સૌથી નાના છે અને અપરિણીત છે. પોલીસ દ્વારા આ મામલે પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે. માતાના નિવેદન મુજબ, બીમારીથી કંટાળી તેમણે આ આત્મઘાતી ડગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે.

# ગાંધીધામમાં ડીઆરઆઈ ત્રાટકી નકલી નોટનું કૌભાંડ ઝડપાયું

## બિહારના કેસના તાર ગુજરાત સુધી પહોચતા ટીમ ત્રાટકી બેને ઉઠાવી લીધા

**અબતક,**
**ભારતી માખીજાણી, ગાંધીધામ**



બિહારની પટના ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) ની ટીમે ગાંધીધામ રેલવે સ્ટેશન પાસે ઓપરેશન હાથ ધરી નકલી નોટોના નેટવર્ક સાથે સંકળાયેલા અંજારના બે શખ્સોને ઝડપી પાડ્યા છે. બિહારના જૂના કેસના તાર ગાંધીધામ સાથે જોડાયેલા હોવાની બાતમીના આધારે ડીઆરઆઈની ટીમ છેલ્લા બે દિવસથી વોચમાં હતી. તપાસ દરમિયાન મુસ્તાક કાસમ શેખ અને અલ્તાફહુસેન કાસમશા શેખ પાસેથી રૂ.૫૦૦ના દરની ૧૨ નકલી નોટો મળી આવી હતી. આ મામલે બી-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે, જ્યારે રમજુ કાસમશા શેખ નામનો અન્ય એક આરોપી હાલ ફરાર હોવાથી તેની શોધખોળ હાથ ધરાઈ છે.

# ધ્રાંગધ્રાની ફૂલગલીમાં પોલીસથી બચવા ભાગેલી કારે અનેક વાહનોને હડફેટે લીધા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધાંગધ્રા શહેરના ફૂલગલી વિસ્તારમાં હિટ એન્ડ રન જેવી ચોંકાવનારી ઘટના સામે આવી છે. સીટી પોલીસ દ્વારા શહેરમાં ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ રહી હતી ત્યારે એક ફોરવ્હીલ કારના ચાલકે પોલીસને ચકમો આપી ગાડી દોડાવી દીધી હતી પોલીસે કારનો પીછો કરતાં કાર ચાલક રહેણાંક વિસ્તાર કુંભારપરા નજીક સાબર પાન ગલ્લા પાસે ફૂલગલી વિસ્તારમાં પહોંચી ગયો હતો. અહીં સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર અનેક વાહનો સાથે અથડાઈ હતી આ ઘટનામાં મોટરસાયકલ સહિતના વિવિધ વાહનોને નુકસાન પહોંચ્યું હતું અકસ્મિક ઘટનાને પગલે વિસ્તારમાં ભય અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. લોકોનું ટોળું ભેગું થતાં કાર ચાલક ગાડી સ્થળ પર જ મૂકી નાસી છૂટ્યો હતો ઘટનાની જાણ થતાં સીટી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગાડી કબ્જે લીધી હતી અને ફરાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે પોલીસે આરોપીની શોધખોળ શરૂ કરી છે અને સમગ્ર મામલે કાયદેસરની કાર્યવાહી આગળ ચલાવવામાં આવી રહી છે.

# પડધરીમાં જૂની અદાવતમાં યુવાન પર પાડોશીનો હુમલો

## છેડતીની ફરિયાદ નોંધાવ્યાનો ખાર રાખી છરી-ધોકા વડે કર્યો માર માર્યો

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના આંબેડકરનગર વિસ્તારમાં રહેતા અને કડિયા કામ કરતા યુવાન પર જૂની અદાવત રાખી પાડોશી અને તેના સાગરીતોએ છરી તથા ધોકા વડે જીવલેણ હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. ઘાયલ યુવાનને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.પ્રાપ્ત વિગતો મુજબ, આંબેડકરનગરમાં રહેતા સાગરભાઈ વિનોદભાઈ ચાવડા (ઉં.વ. ૨૮) નામના યુવાન પર ગઈકાલે તેમના જ પાડોશી મનસુખભાઈ અને તેમની સાથેના અન્ય માણસોએ હુમલો કર્યો હતો. સાગરભાઈ કોઈ કેસમાં કોર્ટ દ્વારા નિર્દોષ જાહેર થયા હતા. જેને લઈ તે મંદિરે દર્શન કરવા જઈ રહ્યા હતા, ત્યારે આરોપીઓએ તેમને છરી અને ધોકા વડે માર માર્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, અગાઉ મનસુખભાઈએ સાગરભાઈ વિરુદ્ધ છેડતીની ફરિયાદ નોંધાવી હતી. આ બાબતનું મનદુઃખ રાખીને મનસુખભાઈ અને તેના સાગરીતોએ કાવતરું રચી સાગરભાઈ પર હુમલો કર્યો હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસે હોસ્પિટલ પહોંચી ઈજાગ્રસ્તનું નિવેદન નોંધવાની તજવીજ હાથ ધરી છે. હાલ પોલીસે આ મામલે આગળની તપાસ હાથ ધરી છે.

યુવક કડિયાકામની મજૂરી કરે છે. અગાઉ મનસુખના પરિવારની મહિલાની સાગરે છેડતી કરી હોય તેમાં સાગરને જેલ પણ થઈ હતી અને હજુએ આ કેસ ચાલુ છે. તેનું મન દુઃખ રાખી મનસુખ સહિતને હુમલો કર્યો હોવાનું સાગરના પિતા વિનુભાઈએ જણાવ્યું હતું. બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પડધરી પોલીસને જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# થાન ખનીજ ચોરીમાં ડમ્પર ડીટેઈન

## ત્રણ ટુવ્હીલર સામે પણ નિયમોના ઉલ્લંઘન બદલ કડક કાર્યવાહી કરી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



થાન શહેરી વિસ્તાર સહિત આસપાસના ગામોમાં મોટા પ્રમાણમાં ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર ખનીજ સંપત્તિનું ખનન અને વહન થતું હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈને થાન મહિલા પી.આઈ. સહિતના સ્ટાફે પેટ્રોલિંગ તેમજ વાહન ચેકીંગ હાથ ધર્યું હતું. જેમાં થાન નવાગામ રોડ પર થી ગેરકાયદેસર ખનીજ સંપત્તિ ભરેલ ડમ્પરને ઝડપી પાડ્યું હતું અને ટ્રાફીકને અડચણરૂપ વાહન ઉભા રાખવાના ગુન્હા અંતર્ગત કાર્યવાહી કરી ડીટેઈન કરવામાં આવ્યું હતુ અને આરટીઓ તેમજ ખનીજ તંત્રનો મેમો પણ ફટકારવામાં આવ્યો હતો. આ ઉપરાંત પોલીસે ૦૨ બુલેટ અને ૦૧ બાઈકને પણ નિયમોના ઉલ્લંઘન બદલ ડીટેઈન કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# પોશીનાના છોછરમાં માત્ર રૂ.૯૫૦૦ની લૂંટ કરતા જોઈ ગયેલી બાળકીની હત્યા કરનાર બે શખ્સોને આજીવન કેદની સજા ફટકારતી ઈડર કોર્ટ

## ઈડરની એડી.સેશન્સ કોર્ટે આરોપીઓને રૂપિયા ૫૦ હજારનો દંડ ફટકાર્યો

**અબતક**
**સંજય દીક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના પોશીના તાલુકાના છોછર ગામે ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ઘરમાં પીપડામાં મુકેલ રોકડ રકમની લૂંટ કરતા હતા તે દરમ્યાન મરણ જનાર સુરેખાબેન આવી જતાં તેનું ગળુ કાપી મોત નિપજાવનાર આરોપીઓને જીવનના છેલ્લા શ્વાસ સુંધીની આજીવન સખત કેદની સજા તેમજ દંડનો હુકમ ઈડરની એડી સેશન્સ કોર્ટે કરતા ગુનેગારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે

આ અંગે મળતી વિગતો મુજબ તારીખ ૨૫/૧૦/૨૦૨૨ ના રોજ આરોપીઓ (૧)લક્ષમણ પીળાભાઈ બુબડીયા, રહે. કુકાવાસ, તા.કોટડા છાવણી જી.ઉદેપુર (રાજસ્થાન) (૨)રાજુ ગણેશભાઈ ખોખરીયા રહે. ચોલીયા, તા.પોશીના, જી. સાબરકાંઠાએ ફરીયાદીના ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ફરીયાદીના ઘરમાં પીપળામાં મુકેલ રૂપિયા ૯,૫૦૦ ની મત્તાની ચોરી કરતા હતા તે દરમ્યાન ફરીયાદીની દિકરી મરણ જનાર સુરેખાબેન ઉમર વર્ષ ૦૭ ની આવી જતાં આરોપીઓએ મરણ જનારનું છરી વડે ગળુ કાપી દઈ મોત નિપજાવેલ તે મતલબની ફરીયાદ ફરીયાદી મીરાભાઈ પાબુભાઈ ગમારએ પોશીના પોલીસ સ્ટેશને આપતાં ઉપરોક્ત આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ તથા જી.પી.એકટ ની કલમ- ૧૩૫ વિગેરે મુજબનો ગુનો નોંધાયો હતો ત્યારબાદ લુંટ તેમજ ગુન્હાહિત ગૃહ અપપ્રવેશ વિગેરે કલમનો ઉમેરો કરવામાં આવેલ અને ત્યારબાદ આ ગુન્હાની તપાસ કરનાર પોલીસ સબ ઈન્સપેકટર એસ.જે. ગોસ્વામીએ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરતાં જે કેસ કમીટ થઈ નામદાર એડી.સેશન્સ કોર્ટ ખાતે આવતા ફરીયાદ પક્ષે મદદનીશ જીલ્લા સરકારી વકીલ નિકેશ બારોટએ લેખીત તથા મૌખીક પુરાવો રજુ કરેલ તેમજ એફ.એસ.એલ અધિકારી તેમજ ડી.એફ.એસ અધિકારી (ડી.એન.એ પરિક્ષણ કરનાર) તથા સ્થળ પરિક્ષણ અધિકારીએ બનાવની હકીકતને સમર્થન કરતી જુબાની આપેલ જે નામદાર કોર્ટે ધ્યાને લીધેલ તેમજ ફરીયાદ પક્ષે મદદનીશ જીલ્લા સરકારી વકીલ નિકેશ બારોટએ ભાર પુર્વક દલીલ કરેલ કે આરોપીઓએ મરણ જનારનું બે રહેમીથી ગળુ કાપી મોતને ઘાટ ઉતારેલ હોઈ જે હકીકત પુરાવાથી પુરવાર થયેલ હોય સમાજમાં દાખલા રૂપ ઉદાહરણ બેસે તે મુજબ આરોપીઓને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરવી જોઈએ તેમજ નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર હાઈકોર્ટના ચુકાદાઓ પોતાની દલીલોમાં રજુ કરેલ જે તમામ હકીકતોને ધ્યાને લઈ ઈડરના એડી.સેશન્સ જજ એમ.વાય. રાધનપુરવાલાએ આરોપીઓને આજીવન સખત કેદની સજા તથા દરેક આરોપીઓને રૂ.૫૦,૦૦૦ અને દંડની રકમમાંથી મરણ જનારના માતા-પિતાને પણ રૂ.૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પુરા) ના વળતરનો હુકમ કરવામાં આવ્યો હતો.

# મુળીના શેખપર પાસે કોટન જીનમાં આગ ભભુકી

## કપાસ અને તૈયાર ગાંસડીઓ બળીને ખાકથી મોટું નુકશાનનું અનુમાન: મનપાની ફાયર ફાયટર ટીમ દ્વારા ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો

**અબતક**
**ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં આગ લાગવાના બનાવો વધી રહ્યા છે ત્યારે મુળી હાઈવે પર આવેલ એક જીનમાં અચાનક આગ લાગતા દોડધામ મચી જવા પામી હતી. જેમાં સદનસીબે કોઈ જાનહાનિનો બનાવ બન્યો નહોતો પરંતુ આગને કારણે જીનમાં રાખેલ લાખોની કિંમતનો કપાસ અને ગાંસડીઓ બળીને ખાખ થઈ જતા મોટાપાયે નુકશાન પહોંચ્યું છે. આ અંગે મળતી માહિતી મુજબ મુળી હાઈવે પર શેખપર ગામના પાટિયા પાસે આવેલ ડી.એમ.કોટન જીનમાં અચાનક કોઈ કારણોસર આગ લાગતા અફડા તફડી મચી જવા પામી હતી સદનસીબે આગના બનાવમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. જીનમાં રાખેલ કપાસ તેમજ કપાસની તૈયાર ગાંસડીઓ આગમાં બળીને ખાખ થઈ જતા લાખોની કિંમતનું નુકશાન પહોંચ્યું હોવાનું અનુમાન સેવાઈ રહ્યું છે. જ્યારે આ બનાવની જાણ થતા સુરેન્દ્રનગર મનપાની ફાયર ફાયટર ટીમ દ્વારા સ્થળ પર પહોંચી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

### સ્થાનિક પોલીસ અને બ્રાંચને અંધારામાં રાખી

# માળીયા (મિ.) નજીક એસ.એમ.સી. ત્રાટકીઃ ટ્રકમાંથી રૂ. ૧.૩૮ કરોડનો દારૂ - બિયર પકડાયો

## સ્ટેટ મોનીટરીંગ સેલે દરોડો પાડી ૧૯૦૬૮ બોટલ શરાબની, વાહન મળી રૂ. ૧.૬૩ કરોડનો મુદામાલ સાથે બે ની ધરપકડઃ પાંચની શોધખોળ

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લાની એલસીબી અને સ્થાનિક પોલીસને ઊંઘતી રાખી સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમ દ્વારા માળીયા(મી) નજીકથી ટ્રકમાંથી મોટા પ્રમાણમાં દારૂ-બિયરનો જંગી જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. રાજ્યની સ્ટેટ મોનીટરીંગ સેલ ટીમ દ્વારા પૂર્વ બાતમીને આધારે માળીયા(મી)ના ભીમસર ચોકડી નજીક દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાં ટ્રકમાંથી વિદેશી દારૂ-બિયરની ૧૯ હજારથી વધુ બોટલ કિ.રૂ.૧.૩૮ ઝડપી લેવાય હતી. દારૂ અને ટ્રક સહિત કુલ રૂ.૧.૬૩ કરોડના મુદ્દામાલ સાથે બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે અન્ય સાત શખ્સો સહિત નવ સામે ગુનો નોંધાયો છે.

મોરબી જીલ્લામાં ફરી એકવાર સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જેમાં એસએમસીની ટીમને બાતમી મળી હતી કે પંજાબથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો ટ્રક મારફતે ગુજરાતમાં ઘૂસાડવામાં આવી રહ્યો છે. બાતમીના આધારે માળીયા(મી) પોલીસ સ્ટેશનની હદમાં ભીમસર ચોકડી નજીક સ્વાગત પેટ્રોલિયમના પાર્કિંગમાં વોચ ગોઠવવામાં આવી હતી. ત્યાં ઉભેલી ટ્રક રજી.નં. આરજે-૦૭-જીડી-૨૮૫૨ની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની કુલ ૧૯,૦૬૮ બોટલો



મળી આવી હતી, જેની કિંમત રૂ.૧,૩૮,૦૪,૦૮૦/- થતી હોય. આ સાથે પોલીસે આરોપી ટ્રક ચાલક વિક્રમસિંહ નારાયણસિંહ ચૌહાણ રહે. નાલબારી જી.બિકાનેર રાજસ્થાન અને ક્લીનર કમલ કિશોર પ્રેમરામ મારુ રહે. બિકાનેર રાજસ્થાન વાળાની ધરપકડ કરી છે.

અન્ય આરોપીઓમાં સાત શખ્સો જેમાં મુખ્ય સપ્લાયર રમેશ લખમારામ જાટ રહે.બાડમેર રાજસ્થાન, બલવીર સોહનદાસ જાટ રહે. હનુમાનગઢ રાજસ્થાન, જબ્બાર બિશ્નોઈ રહે. સાંચોર રાજસ્થાન, સામખીયાળી દારૂ લેવા આવનાર શખ્સ, ભટીંડા(પંજાબ)થી ટ્રક લઈ જનાર અજાણ્યો શખ્સ, ભટીંડામાં દારૂ ભરેલ ટ્રક પરત આપવા આવનાર શખ્સ તથા ટ્રક માલીક સહિત કુલ સાત જેટલા આરોપીઓ વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

આ કેસમાં દારૂ ઉપરાંત ટ્રક રૂ.૨૫ લાખ, રોકડ રકમ રૂ.૨૩,૫૮૦/-, બે મોબાઈલ રૂ.૧૦ હજાર તથા કવરિંગ મટીરીયલ સહિત કુલ રૂ.૧,૬૩,૫૧,૧૬૦/- નો મુદ્દામાલ કબ્જે લેવાયો છે.

આ સાથે એસએમસી એ તમામ આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધી દરોડા દરમિયાન હાજર નહિ મળી આવેલ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

# મનપાની ફૂડ શાખા દ્વારા ઓનલાઈન ફૂડ લાઈસન્સ માટે માર્ગદર્શિકા જાહેર


**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરના તમામ ખાદ્યપદાર્થના વિક્રેતાઓને ઘેર બેઠા ઓનલાઈન ફૂડ લાઈસન્સ અને રજીસ્ટ્રેશન કરવાની સુવિધા અંગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. હવે નવા લાઈસન્સ અને રજીસ્ટ્રેશન માટે રજ્ઞતભજ્ઞત.રતતફશ.લજ્ઞદ.શક્ષ પોર્ટલ પર સરળતાથી અરજી કરી શકાય છે. આગામી સમયમાં ચકાસણી અને સેમ્પલિંગ પ્રક્રિયા વધુ કડક બનાવવામાં આવનાર હોવાથી વેપારીઓને તાકીદે ઓનલાઈન નોંધણી કરવા અનુરોધ કરાયો છે.

મોરબી મહાનગરપાલિકાની ફૂડ શાખા દ્વારા શહેરમાં ખાણી-પીણીના તમામ ધંધાર્થીઓ-મીઠાઈ-ફરસાણના વેપારીઓ, હોટેલ-રેસ્ટોરન્ટ સંચાલકો, કરિયાણા વેપારીઓ, ડેરી-પાર્લર, આઈસ્ક્રીમ વિક્રેતા, લારી-ગલ્લા ચલાવતા વેપારીઓ સહિતને ફૂડ લાઈસન્સ/રજીસ્ટ્રેશન ઓનલાઈન કરાવવાની સૂચના આપવામાં આવી છે. જો વેપારીઓએ હજુ સુધી ફૂડ રજીસ્ટ્રેશન કરાવ્યું નથી તેઓએ તાકીદે foscos.fssai.gov.in વેબસાઈટ પર સવારે ૭ થી રાત્રે ૧૧ વાગ્યા સુધી ઓનલાઈન અરજી કરી શકે છે. પ્રક્રિયા મુજબ પ્રથમ લોગિન બનાવી આઈડી-પાસવર્ડ તૈયાર કરવો, ગુજરાત રાજ્ય પસંદ કરવું, ધંધાનો પ્રકાર પસંદ કરવો, જરૂરી ડિકલેરેશન સ્વીકારવું, નિર્ધારિત ફી ભરવી, ફોર્મમાં વિગતો ભરી ફૂડ પ્રોડક્ટ કેટેગરી પસંદ કરવી અને સ્વ-પ્રમાણિત દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે. ત્યારબાદ અધિકારીઓ દ્વારા દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે અને જરૂર જણાય તો પ્રીમાઈસીસ ઈન્સ્પેકશન કરવામાં આવશે. તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ક્યુઆર કોડ સાથેનું ઓનલાઈન લાઈસન્સ જારી કરવામાં આવશે.

# ધુળકોટ ગામે બંદુક સાથે ગફાર ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા**



મોરબી તાલુકા પોલીસ ટીમે ધુળકોટ ગામની સીમમાંથી દેશી હાથ બનાવટની જામગરી બંદુક સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે. આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરાઈ છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ કાર્યરત હતી. ત્યારે ટીમને મળેલી ખાનગી બાતમીના આધારે મોરબી તાલુકાના ધુળકોટ ગામની સીમ વિસ્તારમાં રેઈડ કરવામાં આવી હતી. જેમાં આરોપી ગફારભાઈ સુલેમાનભાઈ મોરી ઉવ. ૫૩ રહે. ટાટાનગર બજરંગ હોટલ પાસે ધુળકોટ તા-જી.મોરબી વાળાને દેશી હાથ બનાવટની જામગરી બંદુક કિ.રૂ. ૧,૫૦૦/- સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. પકડાયેલ આરોપી સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો રજીસ્ટર કરી તાલુકા પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# 'નાણાકીય સાક્ષરતા સપ્તાહ' અંતર્ગત એસબીઆઈ દ્વારા યોજાઈ જાગૃતિ રેલી

## સાયબર ફ્રોડ અને સુરક્ષિત બેંકિંગ અંગે નાગરિકોને જાગૃત કરાયા

**અબતક, ઋષિ મહેતા**

મોરબીઃ ભારતીય રિઝર્વ બેંક દ્વારા ૦૯ ફેબ્રુઆરીથી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન સમગ્ર દેશમાં 'નાણાકીય સાક્ષરતા સપ્તાહ' ની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત મોરબીના નાગરિકોમાં નાણાકીય વ્યવહારો અને સાયબર સુરક્ષા અંગે જાગૃતિ લાવવાના ઉમદા હેતુથી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની રીજનલ ટીમ તથા મોરબી લીડ બેંકના સંયુક્ત સહયોગથી ગ્રીન ચોકથી પરાબજાર સુધી જાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલી દરમિયાન બેંક અધિકારીઓએ નાગરિકોને કેવાયસી અને સી-કેવાયસી પ્રક્રિયાની અનિવાર્યતા, બેંક ખાતાની સુરક્ષાના વિવિધ પાસાઓ અને સાયબર ફ્રોડથી બચવાના અસરકારક ઉપાયો વિશે માહિતગાર કર્યા હતા.



આ રેલી દરમિયાન બેંકના સ્ટાફ દ્વારા સૂત્રોચ્ચાર અને પત્રિકાઓ દ્વારા નાગરિકોને કોઈ પણ અજાણી વ્યક્તિ સાથે બેંકિંગ વિગતો શેર ન કરવી અને સાયબર ઠગાઈનો ભોગ બનતા તુરંત સત્તાવાર હેલ્પલાઈનનો સંપર્ક કરવા અંગેનો સંદેશ આપવામાં આવ્યો હતો. આ રેલીમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના રીજનલ હેડ મોહન કૃષ્ણ અને તેમની ટીમ તથા લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજર-મોરબી સાકીર છીપા તથા મોરબીના નાગરિકો જોડાયા હતા.

# માળીયા(મી)ના મોટી બરાર ગામે ટ્રકની ઠોકરે બાઈક ચાલકનું મોત


**અબતક, ઋષિ મહેતા**

માળીયા(મી)ના મોટી બરાર નજીક રોડ ઉપર બાઈક ચાલકે પોતાનું બાઈક ફૂલ સ્પીડમાં ચલાવી ટ્રક સાથે અથડાવી અકસ્માત સર્જ્યો હતો. જે અકસ્માતમાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોચતા મોરબી બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન તેનું મૃત્યુ નીપજ્યું હતું.

માળીયા(મી) તાલુકાના મોટી બરાર ગામ નજીક ટ્રક-બાઈક વચ્ચે અકસ્માતનો બનાવ સામે આવ્યો હતો. જે અકસ્માતની મળતી વિગતો મુજબ, ગઈ તા.૧૦/૦૨ના રોજ પીપળીયા ચાર રસ્તાથી માળીયા(મી) તરફ જઈ રહેલ ટ્રક રજી.નં. જીજે-૧૨-એટી-૫૮૦૯ ના ચાલક નારાયણરામ પ્રહલાદરામ ચૌધરી મૂળ રાજસ્થાનના વતની હાલ સામખીયાળી ટ્રાન્સપોર્ટની ઓફિસમાં રહેતા હોય જેઓ પોતાનો ટ્રક પોતાની સાઈડમાં ચલાવીને જતા હોય તે દરમિયાન સામેથી ફૂલ સ્પીડમાં આવતા મોટર સાયકલ રજી.નં. એમપી-૬૯-ઝેડડી-૨૮૪૮ના ચાલક સંજય સુંદરસિંહ માવી ઉવ.૨૯ હાલ રહે. કુંભરીયા ગામ તા.માળીયા(મી) મૂળ બાવડી ફળીયા જી.અલીરાજપુર મધ્યપ્રદેશ વાળો રોડ વચ્ચેના વાઈટ પટ્ટા ક્રોસ કરી સામેથી આવતા ટ્રકના ડ્રાઈવિંગ સાઈડમાં મોટર સાયકલ અથડાવી અકસ્માત સર્જ્યો હતો. જે બાદ મોટર સાયકલ ચાલકને ૧૦૮ મારફત સારવાર અર્થે મોરબી જ્યાંથી રાજકોટ સારવાર માટે દાખલ કર્યો હતો જ્યાં ચાલુ સારવાર દરમિયાન સંજય માવીનું મૃત્યુ નીપજ્યું હતું. હાલ ટ્રક ચાલકની ફરિયાદને આધારે માળીયા(મી) પોલીસે મૃતક બાઈક ચાલક સંજય માવી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાંકાનેર ચીફ ઓફીસર સાથે કોંગ્રેસના આગેવાનોએ વિકાસ કામો અંગે કર્યો પરામર્શ

## ચીફ ઓફીસરને અસરકારક પ્રજાલક્ષી કામગીરી અંગે કોંગ્રેસ પ્રમુખ આપી શુભેચ્છા



**અબતક,લીતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેરઃ શહેર કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ અંબાલીયા, નગરપાલિકાના વિરોધપક્ષના નેતા મહંમદભાઈ રાઠોડ, શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ તથા નગરપાલિકા સદસ્ય જાગૃતિબેન ચૌહાણ, કોંગ્રેસ પક્ષના નગરપાલિકા સદસ્યો એકતાબેન ઝાલા, કુલસુમબેન તરીયા અને અશરફભાઈ ચૌહાણે નગરપાલિકા કચેરી ખાતે નવા નિમાયેલા ચીફ ઓફિસર ધવલભાઈ વેકરીયાની શુભેચ્છા મુલાકાત લીધી અને વાંકાનેર શહેરના પડતર પ્રશ્નો તથા વિકાસના કામો બાબત વિસ્તૃત ચર્ચા કરી. તેમજ પડતર પ્રશ્નોના ઉકેલ અને વિકાસના કામોમાં સહકાર આપવાની ખાતરી આપી હતી

### એસ.એમ.સી.ના દરોડાના પગલે સ્થાનિક પોલીસ હરકતમાં

# માળીયા(મી) નજીક રીક્ષામાંથી ૩૦૦ લીટર દેશી દારૂ પકડાયા

## પોલીસે રીક્ષાનો પીછો કરતા ચાલક રિક્ષા મૂકીને ચાલક નાસી ગયો

**અબતક, ઋષિ મહેતા**

માળીયા(મી) નજીક સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા રેઈડ કરી ટ્રકમાંથી વિદેશી દારૂ-બિયરનો જંગી જથ્થો પકડી લેવામાં આવ્યા બાદ મોડીરાત્રીના સ્થાનિક પોલીસે ભીમસર ચોકડી નજીકથી સીએનજી રીક્ષામાંથી ૩૦૦ લીટર દેશી દારૂ ઝડપી લેવામાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ, માળીયા(મી) પોલીસ ટીમ નાઈટ રાઉન્ડ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે હળવદ સાઈડથી દેશી દારૂ ભરીને એક સીએનજી રીક્ષા કચ્છ તરફ જવાની હોય ત્યારે મળેલ બાતમીને આધારે માળીયા(મી) પોલીસ ટીમ ભીમસર ચોકડી નજીક વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૩૬-ડબલ્યુ-૧૧૭૯ ત્યાંથી પસાર થતા તેને ઉભી રાખવા ઈશારો કરતા, રીક્ષાના ચાલકે પોતાનું વાહન ઉભું નહિ રાખી, રીક્ષા લઈને ભાગી ગયો હતો, ત્યારે માળીયા પોલીસ ટીમ દ્વારા રીક્ષાનો પીછો કરતા, ચાલક અંધારાનો લાભ લઈને રીક્ષા રેઢી મૂકીને નાસી ગયો હતો.

ઉપરોક્ત સીએનજી રીક્ષાની તલાસી લેતા તેમાંથી ૩૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ. ૬૦,૦૦૦/- મળી આવ્યો હતો. આ સાથે પોલીસે દારૂ તથા રીક્ષા સહિત કુલ રૂ.૧,૬૦,૦૦૦/;નો મુદ્દામાલ કબ્જે લઈ નાસી છુટેલ રીક્ષા ચાલક આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સબજેલમાં બે મોબાઈલ મળતા ચકચાર

## અમદાવાદની ટીમ દ્વારા ચેકીંગ દરમિયાન બાથરૂમમાંથી ફોન મળતા કાર્યવાહી

**અબતક, ઋષિ મહેતા**

મોરબી સબજેલ ખાતે ઝડતી સ્કવોર્ડ જેલર અમદાવાદ દ્વારા લેવામાં આવેલી ઝડતી દરમિયાન બાથરૂમમાંથી બે મોબાઈલ ફોન મળી આવતા ચકચાર મચી છે.

મોરબી સબજેલ ખાતે ઝડતી સ્કવોર્ડ જેલર અને સ્ટાફ દ્વારા ઝડતી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન સર્કલ નંબર-૨ના બેરેક નંબર ૩ અને ૪ વચ્ચે આવેલા જનરલ સંડાસ-બાથરૂમ તથા બેરેક નંબર ૪ થી ૬ના બાથરૂમના પાણી જવાના બાકોરામાં કાળા ઝબલામાં વિંટાળી છુપાવવામાં આવેલા બે મોબાઈલ ફોન મળી આવ્યા હતા. સ્કવોર્ડ જેલર ગ્રુપ-૧ અમદાવાદ જેલર દેવશીભાઈ રણમલભાઈ કરંગીયા ઉવ.૫૪ દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, આ મોબાઈલનો ઉપયોગ કયા કેદીઓ દ્વારા કરવામાં આવ્યો હતો? શું તેના મારફતે કોઈ ગુનાહિત પ્રવૃત્તિ ચલાવવામાં આવી હતી? તેમજ જેલની અંદર આ પ્રતિબંધિત વસ્તુ કેવી રીતે પહોંચાડી, તેમાં કોઈ જેલ કર્મચારીની સંડોવણી છે કે નહીં ? ત્યારે તે તમામ મુદ્દાઓ અંગે એ ડિવિઝન પોલીસ તપાસ આદરી છે.

# ટંકારાઃ સાથણીની જમીન કૌભાંડમાં નવો ધડાકો

## રેવન્યુ સર્વે નં. ૭૩૧/૪ મામલે મૂળ માલિકોના વારસદારોનો દાવો, ૧૧ને આખરી નોટિસ, બાંધકામ રોકવા તાકીદ

**અબતક, ઋષિ મહેતા**

ટંકારા ખાતે સાથણીની જમીન કૌભાંડમાં નવો વળાંક આવ્યો છે.

રેવન્યુ સર્વે નં. ૭૩૧ પૈકી ૪ વાળી જમીન અંગે મૂળ માલિકોના વારસદારો દ્વારા દાવો કરી ૧૧ જણાને આખરી નોટિસ પાઠવી બાંધકામ અને વેચાણ વ્યવહાર તાત્કાલિક બંધ રાખવા ચેતવણી આપવામાં આવી છે. ત્યારે સમગ્ર મામલો હવે સિવિલ કોર્ટ અને રેવન્યુ સત્તાધિકારીઓ સમક્ષ પડકારવામાં આવશે.

ટંકારા ગામની રેવન્યુ સર્વે નં. ૭૩૧ પૈકી ૪ વાળી આશરે ૫-૦૦ ગુઠા જમીનને લઈને વિવાદ તેજ બન્યો છે. નોટિસ મુજબ, આ જમીન મૂળ સ્વ.અમરાભાઈ ભાણાભાઈ જાદવને સાંથણીમાં મળેલી હતી અને ત્યારબાદ હક્કપત્રક નોંધ સુધારા હુકમથી તેમના પુત્ર સ્વ.દલાભાઈ અમરાભાઈ જાદવના નામે રેવન્યુ રેકોર્ડમાં નોંધાયેલ હતી. વારસદાર રમેશચંદ્ર દલાભાઈ જાદવ રહે. ઉગમણા નાકા વણકરવાસ ટંકારા વાળાના કહેવા મુજબ, તેમના દાદા-પિતાએ કોઈ વેચાણ દસ્તાવેજ કર્યા નથી. અભણતા અને કાનૂની અજ્ઞાનતાનો લાભ લઈને ઉતરોતર વેચાણ દસ્તાવેજો થયાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. તાજેતરમાં રેવન્યુ રેકોર્ડની તપાસ દરમ્યાન એકથી વધુ વેચાણ દસ્તાવેજો અને શંકાસ્પદ હુકમોની નોંધ મળતાં સમગ્ર મામલો શંકાસ્પદ બન્યો હોવાનું જણાવાયું છે. આ સાથે નોટિસમાં ઉલ્લેખ છે કે છેલ્લો વેચાણ દસ્તાવેજ નં. ૨૪૬૦ તા.૧૭/૦૯/૨૦૨૪ ટંકારા સબ-રજી. કચેરીમાં નોંધાયેલ છે, જે ગોકુલધામ ડેવલોપર્સના ભાગીદારો દ્વારા કરાયો હોવાનું કહેવાય છે. જમીનમાં બિનખેતી હુકમ મેળવી રહેણાંક તેમજ કોમર્શિયલ કોમ્પ્લેક્ષનું બાંધકામ શરૂ કરાયું હોવાની પણ જાણકારી સામે આવી છે.

આ અંગે વારસદારો દ્વારા સિવિલ કોર્ટ ટંકારા તેમજ રેવન્યુ ઓથોરિટી સમક્ષ ખોટા અને બોગસ વેચાણ દસ્તાવેજો રદ કરવા કાર્યવાહી શરૂ કરાઈ હોવાનું જણાવાયું છે. નોટિસ દ્વારા બાંધકામ તથા આગળના કોઈપણ વેચાણ વ્યવહાર તાત્કાલિક બંધ રાખવા ચેતવણી આપી છે, નહિતર ફોજદારી તથા સિવિલ કાર્યવાહી હાથ ધરવાની ચીમકી આપવામાં આવી છે. જમીન કૌભાંડના આ નવા વળાંકથી ટંકારા વિસ્તારમાં ફરી ચકચાર મચી છે.

# નવલખી પોર્ટ ખાતે ટ્રક અડફેટે રાહદારી શ્રમિકનું મોત

**અબતક, ઋષિ મહેતા,**

માળીયા(મી) તાલુજના વવાણીયા ગામે રહેતા સીદીકભાઈ ઈશાભાઈ ઉમરભાઈ બુચડ નવલખી પોર્ટ ખાતે કોલસાની ટ્રકમાં તાલપત્રી બાંધવાની મજૂરીનું કામ કરે છે, ત્યારે ગઈકાલ તા.૧૩/૦૨ની રાત્રીએ નવલખી પોર્ટમાં કોલસાના ભરેલ પ્લોટ નં.૧૦-સી માં ટ્રકમાં તાલપત્રી બાંધવાનું કામ પૂર્ણ કરીને ચાલીને જતા હતા તે દરમિયાન પાછળથી આવતા ટ્રક ટ્રેઈલર રજી.નં. આરજે-૦૬-જીસી-૩૩૭૩ ના ચાલકે પિતાનો ટ્રક ફૂલ સ્પીડમાં અને બેદરકારીથી સાગકાવી આવી સીદીકભાઈને પાછળથી ટક્કર મારતા તેઓ રોડ ઉપર પટકાયા હતા, અને ટ્રકના આગળના વ્હીલનો જોટ્ટો સીદીકભાઈના માથા ઉપર ફરી વળતા, માથાનો ભાગ છૂંદાઈ જતા, સ્થળ ઉપર જ સીદીકભાઈનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જી ટ્રક ટ્રેઈલરનો ચાલક પોતાનો ટ્રક મૂકીને નાસી ગયો હતો. ત્યારે અકસ્માતમાં મૃત્યુના બનાવ અંગે મૃતક સીદીકભાઈના પિતા ઈશાભાઈ ઉમરભાઈ બુચડ દ્વારા માળીયા(મી) પોલીસ મથક ખાતે આરોપી ટ્રક ટ્રેઈલરના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# મહેન્દ્રનગરમાં યુવાને ફલેટમાં ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

**અબતક, ઋષિ મહેતા**

મોરબી શહેરના મહેન્દ્રનગર વિસ્તારમાં રહેતા ૨૮ વર્ષીય યુવાને પોતાના રહેણાંક ફ્લેટમાં ગળેફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, જયદીપભાઈ ચંદુલાલ સંધાણી ઉવ.૨૮, રહે. મહેન્દ્રનગર હળવદ રોડ રામેશ્વર પાર્ક સમૃદ્ધિ પેલેસ બ્લોક નં. ૭૦૧ મોરબી વાળાએ ગઈકાલ તા. ૧૩/૦૨/૨૦૨૬ના રોજ પોતાના ફ્લેટના રૂમમાં કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. આ મામલે દિનેશભાઈ ધરમશીભાઈ માકાસણા રહે.રવાપર રોડ ઉમા રેસીડેન્સી મોરબી વાળા પાસેથી બો ડિવિઝન પોલીસે પ્રાથમિક વિગતો મેળવી અ.મોત રજીસ્ટર કરી આગળની તપાસ શરૂ કરી છે.

# મચ્છુ-૨ ડેમમાં ડુબી જતા યુવાનનું મોત

**અબતક, ઋષિ મહેતા**

ગૌતમ બાબુલાલ હાડા ઉવ.૨૪ રહે. હાલ લાલપર પ્રિયાગોલ્ડ કારખાનાની બાજુમાં રહેતા અને મૂળ સુરજખોડી તા. નાગદા જી. ઉજૈન(મધ્યપ્રદેશ) વાળા ગત તા. ૧૦/૦૨ના લાલપર પ્રિયાગોલ્ડ કારખાનાની બાજુમાં આવેલી કેનાલમાં ન્હાવા ગયા હતા. તે દરમિયાન પાણીમાં ડૂબી જતાં ગુમ થયા હતા. જે બાદ તેની શોધખોળ દરમિયાન તેમની લાશ મોરબી તાલુકાના જોધપર ગામ સામે આવેલા મચ્છુ-૨ ડેમના પાણીમાંથી મળી આવી હતી. બનાવ અંગે તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.

# રંગપર ગામે કારખાનામાં કામ દરમિયાન પટકાતા યુવાનનું મોત

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના રંગપર ગામની સીમમાં આવેલા બંધ હાલતમાં રહેલ સિરામીક કારખાનામાં કામ કરતી વખતે ઊંચાઈથી પડી જવાથી યુવાનનું સારવાર દરમિયાન મોત થયું છે.

પ્રાપ્ત માહિતી મુજબ, વિક્રમભાઈ પરષોત્તમભાઈ પાટડીયા ઉવ.૩૫ રહે.વીસીપરા ભવાનીનગર તા.જી.મોરબી વાળા ગત તા. ૧૧/૦૨ ના રોજ રંગપર ગામની સીમમાં સોમનાથ પેટ્રોલપંપ સામે આવેલા બંધ હાલતમાં લુકાસો સિરામીક કારખાનામાં પતરા કેચી કટીંગનું કામ કરી રહ્યા હતા. તે દરમિયાન આશરે ૨૫ ફૂટ ઊંચી દિવાલ પર બેસી કામ કરતી વખતે અચાનક નીચે પડી જતાં માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા,

૧૩/૦૨/૨૦૨૬ના રોજ સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું.



# કાલે મહાશિવરાત્રી: ભોળાનાથની ભક્તિના રંગે રંગાશે શિવભક્તો

## પ્રથમ જ્યોતિર્લિંગ ખાતે વહેલી સવારે ખુલશે દ્વાર, મહાઆરતી અને પાલખી યાત્રા મુખ્ય આકર્ષણ મહામૃત્યુંજય જાપ અને ચાર પ્રહરની વિશેષ પૂજા

**અબતક, રાજકોટ**


કાલે મહાશિવરાત્રિના પાવન અવસરે સમગ્ર સૌરાષ્ટ્રભરના શિવાલયો 'હર હર મહાદેવ'ના નાદ સાથે ગુંજી ઉઠશે. સૌરાષ્ટ્રની પાવન ધરતી પર ભગવાન ભોળાનાથની આરાધનાનો સૌથી મોટો પર્વ ઉજવવા માટે લાખો ભક્તોમાં અદભૂત ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સોમનાથ, ઘેલા સોમનાથ સહિત સૌરાષ્ટ્રના દરેક નાના-મોટા શિવાલયોમાં વિશેષ પૂજા-અર્ચના, મહાઆરતી, ચાર પ્રહરની પૂજા અને સામાજિક-ધાર્મિક કાર્યક્રમોની તડામાર તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

પ્રભાસ પાટણ ખાતે આવેલા પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરે મહાશિવરાત્રિ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. સોમનાથ ટ્રસ્ટ દ્વારા વહેલી સવારે મંદિરના દ્વાર ભક્તો માટે ખુલ્લા મૂકવામાં આવશે. સમગ્ર દિવસ દરમિયાન ભક્તો માટે વિશેષ દર્શન અને પૂજાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ દિવસ વિશેષ હોવાથી શિવરાત્રિની ખાસ ચાર પ્રહરની પૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભક્તો મહાદેવની વિશેષ આરાધના કરશે. મંદિર પરિસરમાં અવિરત મહામૃત્યુંજય જાપ ચાલશે. સાંજે સોમનાથ મહાદેવની ભવ્ય પાલખી યાત્રા નીકળશે અને રાત્રિના સમયે મહાઆરતીનું આયોજન થશે.

જસદણ નજીક આવેલા સુપ્રસિદ્ધ ઘેલા સોમનાથ મંદિરે પણ મહાશિવરાત્રિ નિમિત્તે ભવ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. વહેલી સવારથી જ અહીં હજારો શ્રદ્ધાળુઓ મહાદેવના દર્શન માટે ઉમટી પડશે. મંદિરમાં વિશેષ શણગાર અને ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાશે. મેળામાં ગ્રામીણ સંસ્કૃતિની ઝલક જોવા મળશે. આસપાસના વિસ્તારોમાંથી પદયાત્રા કરીને આવતા ભક્તો માટે વિશેષ ભોજન અને પ્રસાદની વ્યવસ્થા વિવિધ સંસ્થાઓ દ્વારા કરવામાં આવી છે.માત્ર મુખ્ય મંદિરો જ નહીં, પરંતુ રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને અમરેલી સહિતના સમગ્ર સૌરાષ્ટ્રના શિવાલયોમાં ભક્તિમય માહોલ જોવા મળશે. જૂનાગઢમાં ગિરનારની તળેટીમાં ભવનાથ મેળાનો માહોલ પણ શિવમય બની ગયો છે.

રાજકોટના પંચનાથ મહાદેવ, રામનાથ મહાદેવ અને જામનગરના નાગેશ્વર મહાદેવમાં વિશેષ પૂજા અને અભિષેક કરવામાં આવશે. આ પાવન અવસરે પરંપરાગત રીતે ઠેર-ઠેર શિવજીના પ્રિય એવા ભાંગના પ્રસાદનું વિતરણ પણ કરવામાં આવશે

**ઉપવાસ, જાપ અને ભજન અને મંદિરોમાં ફૂલ શણગાર અને દિવ્ય રોશનીથી ઝળહળશે પરિસર**




# દ્વારકા: નાગેશ્વર જ્યોતિર્લિંગ મહાઆરતી, ચાર પ્રહરની પૂજા સહિતના ધાર્મિક કાર્યક્રમ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

યાત્રાધામ દ્વારકાથી ૧૬ કિમી દૂર આવેલ દ્વાદશ જ્યોતિર્લિંગ નાગેશ્વર મહાદેવ મંદિરે આગામી મહા વદ ૧૪, તા.૧૫-૦૨-૨૦૨૬ને રવિવારના રોજ મહાશિવરાત્રિ પર્વની પરંપરાગત રીતે ભકિતભાવ સાથે ધર્મમય ઉજવણી કરવામાં આવશે. મહાશિવરાત્રિએ શિવજીની આરાધનાનું મહાપર્વ હોય આ પાવન પર્વે ભાવિકો દ્વારા શિવજીની વિશેષ આરાધના કરવામાં આવે છે.

નાગેશ્વર જ્યોતિર્લિંગ ખાતે મહાશિવરાત્રિ પર્વે આરતી તથા રાત્રિના ચાર પ્રહરની પૂજા સહિતના ધાર્મિક આયોજનો હાથ ધરાયા છે. મહાશિવરાત્રિ પર્વે નાગેશ્વર જ્યોતિર્લિંગમાં પ્રાતઃ આરતી સવારે ૫:૦૦ કલાકે, શૃંગાર દર્શન સવારે ૫ થી ૮ વાગ્યા સુધી તેમજ નીરાજન મહા આરતી રાત્રિના ૮:૦૦ કલાકે યોજાશે.

જેમાં બહોળી સંખ્યામાં શિવભક્તો જોડાશે. નાગેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ દ્વારા સેવાભાવી ભાવિકો તથા તંત્રની મદદથી યાત્રિકો માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. શાસ્ત્રો અનુસાર ચાર પ્રહરની પૂજા કરવાથી ભક્તોને શિવકૃપા, કલ્યાણ, આરોગ્ય અને મનોઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે.

નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરમાં મહાશિવરાત્રિએ પ્રથમ પ્રહર રાત્રિના ૯ થી ૧૧ સુધી, દ્વિતીય પ્રહર રાત્રે ૧૧ થી ૧ સુધી, તૃતીય પ્રહર રાત્રે ૧ થી ૩ સુધી તેમજ ચતુર્થ પ્રહર વહેલી સવારે ૩ થી ૫ વાગ્યા સુધી એમ રાત્રિના ચારેય પ્રહર દરમ્યાન વિશેષ શિવપૂજા કરવામાં આવશે.

આ ઉપરાંત રાત્રિના ૧૨ કલાકે શિવજીની વિશેષ આરતી પણ કરવામાં આવશે. દ્વારકા ઉપરાંત મીઠાપુર, ઓખા, બેટ દ્વારકા, બારાડી, પોરબંદર તરફથી મહાશિવરાત્રિ પર્વ પૂર્વે જ બહોળી સંખ્યામાં શિવભકતો પગપાળા યાત્રા કરી વહેલી સવારે નાગેશ્વર પહોંચનાર છે. મંદિરમાં ભાવિકોની ભીડ રહેતી હોય આરતી તથા ચાર પ્રહરની પૂજા માટે મહાશિવરાત્રિ પૂર્વે નાગેશ્વર મહાદેવ મંદિર કાર્યાલયે પૂર્વ નોંધણી ફરજીયાત રાખવામાં આવી છે.

# દ્વારકામાં પકડાયેલ ગૌમાંસનો વિરોધ: હિન્દુ સંગઠનો દ્વારા પ્રાંત અધિકારીને આવેદન પત્ર અપાયુ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દ્વારકા નજીકના રૂપેણ બંદર ખાતે તાજેતરમાં એક મહિલા સહિત બે શખ્સો દ્વારા ગૌમાંસ વેચાણની ઘટના સામે આવ્યા બાદ પોલીસ દ્વારા બંને ઈસમો સહિત સપ્લાયરની ધરપકડ સહિતની કાર્યવાહી કરાઈ છે. તાજેતરમાં દ્વારકાના શંકરાચાર્ય તેમજ પૂ.મોરારી બાપુ દ્વારા ઘટના અંગે સખ્ત પ્રતિક્રિયા આપ્યા બાદ હિન્દુ સંગઠનો દ્વારા સૂત્રોચ્ચાર સાથે રેલી કાઢી દ્વારકાના પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. હિન્દુ સંગઠનના અગ્રણીઓ તેમજ ગૌપ્રેમીઓ સહિતના સ્થાનિકોએ પ્રાંત કચેરીએ આપેલ આવેદનમાં આ ઘટનામાં જવાબદાર ઈસમો સામે દાખલારૂપ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. આજરોજ સવારે ૧૧ કલાકે દ્વારકાના રબારી ગેઈટથી પ્રાંત કચેરી સુધી સાધુ-સંતો, વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, મહિલા પાંખ સહિતના હિન્દુ સંગઠનો તેમજ ગૌભક્તોએ વિશાળ રેલીમાં સૂત્રોચ્ચાર સાથે યાત્રાધામમાં બનેલી ઘટના અંગે રોષ વ્યક્ત કર્યો હતો અને પ્રાંત અધિકારીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

# સુરેન્દ્રનગર: આમ આદમી પાર્ટીના ૪ હોદ્દેદારોને પક્ષ વિરોધી પ્રવૃતિ બદલ કરાયા સસ્પેન્ડ

## રાજુભાઈ કરપડાના રાજીનામા બાદ તેમના સમર્થકો સામે આમ આદમી પાર્ટી દ્વારા કડક કાર્યવાહી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

આદમી પાર્ટીના કિશાન સંગઠનના પ્રદેશ અધ્યક્ષ અને યુવા ખેડુત નેતા રાજુભાઈ કરપડાએ પાર્ટીમાં થી અચાનક રાજીનામું આપી દેતા આમ આદમી પાર્ટીને સૌરાષ્ટ્રમાં મોટો ફટકો પડ્યો છે. ત્યારે હવે રાજુભાઈના રાજીનામા બાદ આમ આદમી પાર્ટી દ્વારા તેમના સમર્થકો સામે કડક કાર્યવાહી કરી પક્ષ વિરોધી પ્રવૃતિઓ બદલ ૦૪ હોદ્દેદારોને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરતાં ફરી રાજકારણ ગરમાયું છે.

આ અંગે મળતી માહિતી મુજબ આમ આદમી પાર્ટીના કિશાન સંગઠનના પ્રદેશ અધ્યક્ષ રાજુભાઈ કરપડા બોટાદના હડદડ ખાતે કડદા આંદોલન મામલે ૧૦૮ દિવસ જેલમાં સજા ભોગવ્યા બાદ બહાર આવ્યાના થોડા દિવસોમાં જ આમ આદમી પાર્ટીના તમામ હોદાઓ પર થી રાજીનામું આપી દેતા રાજકારણ ગરમાયું છે અને આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. જે મામલે હવે આમ આદમી પાર્ટી દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે.

જેમાં રાજુભાઈ કરપડાના રાજીનામા બાદ તેમના સમર્થકો અને આમ આદમી પાર્ટીના હોદેદારો (૧) અમૃતભાઈ મકવાણા (સુરેન્દ્રનગર લોકસભા ઈન્ચાર્જ) (૨) વહાનભાઈ (ઉમરડા જીલ્લા પંચાયતના પ્રભારી) (૩) સગરામભાઈ (કાર્યકર સડલા જીલ્લા પંચાયત) અને (૪) વિરમદેવભાઈ (મુળી જીલ્લા પંચાયત પ્રભારી)ને પક્ષ વિરોધી પ્રવૃતિ બદલ પાર્ટીના તમામ હોદા પરથી તાત્કાલિક અસર થી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જેની સતાવાર રીતે ગુજરાત આમ આદમી પાર્ટી મધ્ય ઝોનના કાર્યકારી અધ્યક્ષ ડો. જવેલ વસરા દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

# આટકોટના જીવાપરમાં આડા સંબંધની શંકાએ ખેડૂત પર ભાગીયાના પરિવારનો હુમલો

## ટોળાએ પરિણીતાને મારમાર્યો ઘટનાનો વીડિયો વાઈરલ, આધેડની ફરિયાદ પરથી ટોળા સામે ફરિયાદ

**અબતક, રાજકોટ**

જસદણના જીવાપરામાં વાડી માલિકને ભાગીયાના પરિવારે હુમલો કર્યો હતો તેમજ પરિણીતાને પણ મારમાર્યો હતો. જે અંગે આધેડની ફરિયાદ પરથી આટકોટ પોલીસે ટોળા સામે રાયોટ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે. આ ઘટનાનો વીડિયો પણ વાઈરલ થયો હતો.

જસદણના જીવાપરમાં રહેતા જયસુખભાઈ મીઠાભાઈ બોદર(ઉ.વ. ૪૭) દ્વારા આટકોટ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે મૂળ એમપીના અલીરાજપુર જિલ્લાના વતની રાકેશ રમેશભાઈ બામણીયા, રાકેશનો ભાઈ ચતુર, મુકેશ, રાકેશનો સૌથી મોટો ભાઈ, રાકેશની પત્ની અને અજાણ્યા ૨૦ જેટલા શખસોના નામ આપ્યા છે. જીવાપરની સીમમાં ૪૦ વીઘા જમીન છે જેમાંથી ૨૦ વીઘા જેટલી જમીન જમીન રાકેશ રમેશભાઈ બામણીયાને ભાગમાં વાવવા માટે આપી છે.

ગઈ તારીખ ૧૦/૨/૨૦૨૬ ના સાંજના ચારેક વાગ્યે જયસુખભાઈ વાડીએ ગયા હતા ત્યારે કોઈ નજરે ન પડતા તેમણે પોતાના ભાગીયા રાકેશને ફોન કરી કહ્યું હતું કે તમે બધા ક્યાં ગયા છો જેથી તેણે કહ્યું હતુ કે હું મારા સાળા માંગીલાલ ભુરીયાની વાડીએ ભજીયા ખાવા માટે ગયો છું. જયસુખભાઈએ મંગીલાલને ફોન કરી રાકેશ તેની વાડીએ છીએ કે કેમ તે અંગે ખરાઈ કરતા મંગીલાલે જણાવ્યું હતું કે, રાકેશને તેની પત્ની રમીલા સાથે રાત્રીના ઝઘડો થયો છે જેથી રમીલાબેનને રાત્રે હું મારી વાડીએ લઈ આવ્યો છું અને રાકેશ અહીં આવ્યો નથી તેવી મંગીલાલે વાત કરી હતી બાદમાં જયસુખભાઈ પોતાનું બાઈક લઈ તેના ભાઈની વાડીએ ગયા હતા જ્યાં માંગીલાલે કહ્યું હતું કે રમીલાબેનને તમે તમારી વાડીએ લઈ જાવ જેથી જયસુખભાઈ રમીલાબેનને બાઈક માં બેસાડી પોતાની વાડીએ લઈ જતા હતા ત્યારે રાકેશ હાજર હોય અને તેને તેની પત્ની સાથે કોઈ ઝઘડો ન કરવાની સલાહ આપી જયસુખભાઈ જતા રહ્યા હતા.બીજા દિવસે તા. ૧૧/૨ ના બપોરના સાડા ત્રણેક વાગ્યે આસપાસ જયસુખભાઈ બાઈક લઈને વાડીએ ગયા હતા ત્યારે રાકેશ વાડીએ ન હતો પરંતુ તેની પત્ની રમીલા અને રમીલાબેનનો ભત્રીજો કમલેશ વાડીએ હતાં. જયસુખભાઈ અહીં વાડીએ આવેલા મકાનમાં ફળિયામાં ખાટલે બેઠા હતા ત્યારે ચારેક વાગ્યે રાકેશ તેના ભાઈઓ સહિતનાઓ અહીં ધસી આવ્યા હતા અને જયસુખભાઈને રાકેશની પત્ની સાથે આડા સંબંધ હોવાની શંકા કરી ગાળો બોલી તેમને ઢીકાપાટુનો માર મારવા લાગ્યા હતા. રાકશેની પત્ની રમીલાને પણ આ શખસોએ મારમાર્યો હતો. દરમિયાન ફરિયાદીના મોટાભાઈ પ્રવીણભાઈ તથા કુટુંબી કાકા કિશોરભાઈ અહીં આવી જતા બચાવ્યા હતા અને ત્યારબાદ તેમને ૧૦૮ મારફત સારવાર માટે જસદણ સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.બનાવ અંગે આધેડે આટકોટ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવા અંગે વધુ તપાસ પીઆઈ આર.એસ. સાકરીયા ચલાવી રહ્યા છે.

# ભાયાવદર ગામ ક્રિકેટ મેચ પર સટ્ટો રમતો પંટર ઝડપાયો

## મોબાઈલ, બાઈક અને રોકડ મળી રૂ.૫૭ હજારનો મુદ્દામાલ કબ્જે: આઈ ડી આપનાર શખ્સની શોધખોળ

**અબતક, રાજકોટ**

ઉપલેટા તાલુકાના ભાયાવદર ગામે આવેલા ખાખી જાળીયા રોડ પરથી ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા પંટરને મોબાઈલ ,બાઈક અને રોકડ મળી રૂ.૫૭ હજારની રોકડ સાથે રાજકોટ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝડપી લીધો છે. જ્યારે ઝડપાયેલા શખ્સને આઈ ડી આપનાર શખ્સની શોધખોળ હાથ ધરી છે.

પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, એલ સી બી ની ટીમ ભાયાવદર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે, ખાખી જાળીયા રોડ પર આવેલા જલારામ બાપાના મંદિર સામે એક શખ્સ મોબાઈલમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમી રહ્યો છે. બાતમીના પગલે એલ સી બી ની ટીમ ખાખી જાળીયા રોડ પર પહોંચી બાતમી મળેલા શખ્સ પાસેથી તેનો મોબાઈલ કબ્જે કરી તેનો મોબાઈલ ચેક કરતા, તે કેનેડા અને યુ એ ઈ વચ્ચે દિલ્હીમાં રમતી ટી ૨૦ ક્રિકેટ મેચનું મોબાઈલમાં લાઈવ પ્રસારણ નો સ્કોર જોઈ મોબાઈલ ફોનમાં ESAR247 નામની એપ્લિકેશનમાં આઈ ડી દ્વારા સોદા કરતો હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે ભાયાવદર ગામે આવેલા બસ સ્ટેન્ડ પાછળ ગલીમાં રહેતો હિરેન અરવિંદભાઈ પાચાણીની મોબાઈલ, બાઈક અને ૨૨૪૦ની રોકડ મળી રૂ.૫૭ હજારના મુદ્દામાલ સાથે ધરપકડ કરી છે.

એલસીબી ની ટીમે ઝડપાયેલા શખ્સની પૂછપરછ કરતા તેને ઉપલેટામાં રહેતો દિવ્યેશ જોગલ પાસેથી આઈ ડી મેળવી સટ્ટો રમતો હોવાનું કબૂલ્યું હતું. પોલીસે દિવ્યેશ જોગલ વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધ ખોળ હાથ ધરી છે.

**ભવનાથ શિવરાત્રીના મેળામાં**

# લોક સાહિત્યકાર માયાભાઈનો પુત્ર બસ સાથે ભવનાથ સુધી પહોંચ્યાનો વિવાદ વકર્યો

## સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલને પગલે તંત્ર દ્વારા તપાસના આદેશ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્રનો સોશિયલ મીડિયામાં વિડીયો વાયરલ થયો હતો.જેના કારણે ભારે વિવાદ છેડાયો છે, અને આ બાબતે તંત્ર દ્વારા તપાસના આદેશ કરવામાં આવ્યા છે.

જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં શિવરાત્રી મેળો લોકસાહિત્યકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહિર એક ટેમ્પો ટ્રાવેલા (બસ)માં છેક ભવનાથ સુધી પહોંચ્યા હોવાનો એક વિડીયો સોશિયલ મીડિયા ઉપર વાયરલ થયો હતો. જેના કારણે વિવાદ છંછેડાયો છે.

જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં શિવરાત્રી મેળો યોજાયો છે જ્યાં યાત્રિકોને કોઈ તકલીફ ન પડે તે માટે ભવનાથ ક્ષેત્રમાં બિનજરૂરી વાહનો ઉપર પ્રવેશબંધી કરવામાં આવી છે. અને આ મેળાની મુલાકાતે આવેલા રાજ્યના ગૃહ મંત્રી, કેબિનેટ મંત્રી જૂનાગઢના પ્રભારી મંત્રી, ભાજપના પ્રદેશ પ્રમુખ, જૂનાગઢના ધારાસભ્ય સહિતના ગુજરાતમાંથી આવેલા અનેક ધારાસભ્યો તથા જૂનાગઢના કલેકટર સહિતના ઉચ્ચ અધિકારીઓ જે મેળામાં યાત્રિકોની સાથે પગપાળા ચાલીને જાય છે. જો કે, આ બાબતે તપાસના આદેશો આપી દેવામાં આવ્યા છે. અને જો આ વાત સાચી હોય તો, જયરાજ આહીરનો ટેમ્પો ટ્રાવેરા (બસ) ભવનાથ ક્ષેત્રમાં અનેક ચેકપોસ્ટ પાર કરી કેમ પહોંચી ? તે અંગે તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

આ અંગે જુનાગઢ એસપી સુબોધ ઓડેદરાના જણાવ્યા મુજબ, મેળામાં આવતાં રૂટ ઉપર ચેક પોસ્ટ આવેલી છે. અને પરવાનગી વગરના વાહનોને મેળામાં પ્રવેશ આપવામાં આવતો નથી. પરંતુ વાયરલ થયેલ વીડિયોમાં જે વાહન ભવનાથ ક્ષેત્રમાં હોવાની વાત છે તે વાહનને પરમિશન આપવામાં આવી છે કે વગર મંજૂરીએ ઘુસી છે તે તપાસ થયા બાદ સામે આવશે.

જ્યારે જિલ્લા કલેકટર અનિલ રાણાવસિયા એ જણાવ્યું છે કે, તંત્ર દ્વારા જે બસ મૂકવામાં આવી છે. તેમાં લાયઝનિંગ ઓફિસર સાથે હોય છે. પરંતુ વીડિયોમાં લાઈઝીંગ ઓફિસર દેખાતા નથી. જો કે, આ બાબતે તપાસ ચાલુ છે, અને જે કોઈપણ કસૂરવાન હશે તેની સામે પગલા ભરવામાં આવશે.

# જસદણના શિવરાજપુર ગામે નજીવી બાબતે ખેલાયેલા ધીંગાણામાં પિતાની હત્યા: પુત્ર ગંભીર

## રસ્તામાં કાર ઉભી રાખવા બાબતે થયેલી બોલાચાલીના સમાધાન માટે એકઠા થયા ત્યારે હુમલો કર્યો, વાહન હેઠળ કચડવા પ્રયાસ, પાંચ સામે ફરિયાદ

**અબતક, રાજકોટ**

જસદણના શિવરાજપુર ગામે રસ્તામાં ગાડી ઉભી રાખવા જેવી બાબતે ખૂની ખેલાયો હતો. જેમાં પાંચ શખસોએ પિતા- પુત્ર પર હથિયારો વડે જીવલેણ કરતા પિતાનું મોત થયું હતું જયારે પુત્રની હાલત ગંભીર છે. આ અંગે પોલીસે હત્યા, હત્યાનો પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

જાણવા મળતી વિગતો મુજબ,હાલ રાજકોટના ત્રંબા ગામે રહેતાં અને મૂળ ખાંડા હડમતીયા ગામના વતની શૈલેષભાઈ છગનભાઈ ઝાપડીયા (ઉ.વ.૩૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે સંજય નારણ મુંધવા, વિરમ રઘુ મુંધવા, વજા રઘુ મુંધવા, નારણ રાજા મુંધવા અને સાગર નથુ મુંધવાનુ નામ આપ્યું છે. ગઈ તા.૧૨ ના તેનો ભાઈ નિલેષ અને ગામના બાબુ છેલ્લુભાઈ ઝાપડીયા બન્ને ખાંડા હડમતીયા ગામની સીમમાં રસીકભાઈ ઝાપડીયાની વાડીએ લગ્ન પ્રસંગ હોય બુલેટ લઈને જતા હતા. રસ્તામાં ઉભા રહેલ જે દરમિયાન સંબંધી ભાવેશભાઈ ઝાપડીયા રોડ ઉપર કાર લઈને સામા મળતા તેની કાર ઉભી રાખતા પાછળ રિક્ષા આવીને ઉભી રહી હતી. રિક્ષા શિવરાજપુર ગામના સંજય મુંધવા ચલાવતો હોય જેને નિલેષભાઈ તથા સાથેના બાબુભાઈને મોટેથી બુમ પાડી રસ્તામાં ગાડી ઉભી નહીં રાખવા બાબતે સંજય ગાળો બોલવા લાગેલ જેથી ભાઈ તથા ભાબુભાઈ ત્યાંથી જતા રહ્યા હતા. ગઈકાલે ફરીયાદીનાં પિતાના ફોનમાં શિવરાજપુર ગામના વિરમ મુંધવાનો ફોન આવેલ કે, કાલે રાત્રીના તમારા દિકરાએ મારા કાકાના દિકરાને રસ્તામાં રોડ ઉપર કેમ ઉભો રાખેલ તેવુ કહી અપશબ્દો બોલી તમને બધાને જોઈ લઈશ તેવી ધમકી આપેલ બાદ ફરીથી પણ ધમકીના અને મારી નાખવાના ફોન આ વિરમ પિતાને કરતો હતો.જેથી પિતાએ ત્રણેય ભાઈઓને કહેલ કે, આપણે શીવરાજપુર ગામે સમાધાન માટે સાંજે જવુ છે, જેથી બન્ને ભાઈઓ રાજકોટથી હડમતીયા ગામે આવેલ બાદ પિતા તથા બન્ને ભાઈઓ સાથે શીવરાજપુર ગામે કાળી કશ ખાતે મામાના ઘરે આવેલ અને પિતાએ વિરમ સાથે ફોનમાં સમાધાન બાબતે મામા સાથે વાત કરેલ પરંતુ વિરમ ફોનમાં ગાળાગાળી કરી તમને બધાને જોઈ લઈશ તેવી ધમકી આપતો હોય મામાના ઘરેથી થોડે દુર રોડ ઉપર ઉભા હતા તે દરમ્યાન છોટા હાથી જેવુ વાહન ફુલ સ્પીડે જસદણ બાજુથી આવેલ અને બધા ઉભા હતા ત્યાં તેઓની ઉપર મારી નાખવાના ઈરાદે અમારી ઉપર ચડાવી દીધેલ હતું.જેથી બધા બચવા માટે રોડની સાઈડમાં દોડીને જતા રહેલ હતા જે વાહન શીવરાજપુર ગામનો સંજય મુંધવા ચલાવતો હતો જેથી તેની પાછળ દોડતા તે વાહન લઈને ત્યાંથી નાશી ગયેલ તે દરમિયાન વજા મુંધવા જે હાથમાં છરી લઈને દોડતો આવી મારા પિતા પર છરી વડે હુમલો કરી પેટમાં તેમજ છાતીના ભાગે છરીના ઘા મારતો હતો. જેથી નાનો ભાઈ નિલેષ પિતાને બચાવવા માટે વચ્ચે પડતા આ વજા મુંધવાએ તેને પણ પડખામાં છરીનો ઘા મારી દીધેલ હતો. જે દરમિયાન તેની સાથે નારણ મુંધવા તથા સાગર મુંધવા બન્ને હાથમાં કુંડલી વાળી લાકડી લઈ ધસી આવી ફરીયાદી અને તેના ભાઈને ઘા ઝીંકી દેતાં હાથ તથા ખંભાના ભાગે લાગેલ હતી.દેકારો થતા આરોપીઓ ત્યાંથી નાશી છુટેલ હતા. ફરીયાદીનાં પિતા તથા ભાઈને છરી વાગવાથી ઈજા થતા રોડ ઉપર પડી ગયેલ હોય તેઓને તાત્કાલીક સારવાર માટે જસદણ સરકારી હોસ્પીટલે લાવેલ જયા તબીબે મોત થયાનું જણાવેલ તથા નાના ભાઈ નિલેષને છરીના ઘા થી ગંભીર ઈજા થઈ હોય પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજકોટ ખસેડ્યો હતો.મૃતકના પરિવારના સભ્યોએ શંકા વ્યક્ત કરતા પોલીસે ચાર થી પાંચ શખ્સોની ધરપકડ કરી છે બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી પીઆઈ સિદ્ધરાજસિંહ ગોહિલ અને ટીમે આરોપીઓની શોધખોળ હાથ ધરી છે

### સમાપક્ષે શિવરાજપુરનો આધેડને ઈજા પહોંચતા રાજકોટ સારવારમાં

જસદણના શિવરાજપુમાં મોડી રાતે ખૂની ખેલ ખેલાયો હતો. ખાંડા હડમતીયા ગામના પ્રૌઢની હત્યા અને પુત્રની હત્યાનો પ્રયાસ કરનાર આરોપી નારણ મૂંધવા પણ ગંભીર રીતે ઘાયલ થતાં સારવારમાં રાજકોટ સીવીલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. સીવીલ ચોકીના સ્ટાફના જણાવ્યા અનુસાર શિવરાજ પુર ગામના નારણભાઈ રાજાભાઈ મૂંધવા (ઉ.વ.૪૫) ને ગઈ રાતે અજાણ્યા શખ્સોએ ધારીયાના ઘા ઝીંકી દેતાં ગંભીર ઈજા પહોંચી હતી.

# જામજોધપુરના મેથાણ ગામે લગ્નમાં બિન બુલાએ મહેમાન ત્રાટકયા

## પરિણીતાના સોનાના ઘરેણાની તસ્કરી

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મેથાણ ગામે લગ્ન પ્રસંગમાં ગયેલ પરિવારના રહેણાંક મકાનને તસ્કરે નિશાન બનાવ્યું હતું. તસ્કરે મકાનના તાળા તોડી ઘરમાં પ્રવેશ કરી ૧૭ની કિંમતની સોનાની કાનમાં પહેરવાની પાનબુટીની ચોરી કરી નાશી ગયો હતો.

મૂળ પોરબંદર જિલ્લાના કુતિયાણા તાલુકાના બાલોચ ગામના વતની અને હાલ રાજકોટ જિલ્લાના મેટોડા જીઆઈડીસી વડ વાજળીમાં રહેતાં જિજ્ઞાશાબેન નરશીભાઈ વાળા નામની મહિલાએ પોતાના પિયર મેથાણ ગામે લગ્નમાં ગયા બાદ પોતાના પિતાના રહેણાંક મકાનેથી કાનમાં પહેરવાની સોનાની પાનબુટી ચોરાયા અંગેની કોઈ અજાણ્યા તસ્કર સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવાયા અનુસાર જિજ્ઞાશાબેન પોતાના પતિ સાથે ગત તા.૫-૨-૨૦૨૫ ના રોજ પોતાના પિયર જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના મેથાણ ગામે ગયા હતાં. જ્યાં તેઓએ તા.૮ના રોજ પોતાએ કાનમાં પહેરેલી સોનાની બુટી ઉતારી પોતાના પિતા નરેન્દ્રભાઈના મકાનમાં રાખી લગ્ન પ્રસંગમાં જમવા ગયા હતાં. બાદમાં આવી જોતાં જાણવા મળ્યું હતું કે કોઈ અજાણ્યો તસ્કરો મકાનના તાળા તોડી ઘરમાં પ્રવેશ કરી રૂા.૧૭,૧૦૦ ની કિંમતની પાનબુટીની ચોરી કશી નાશી ગયો હતો. આ બનાવ અંગે જીજ્ઞાશાબેને શેઠવડાળા પોલીસમાં જાણ કરતાં પોલીસ મથકનો કાફલો ઘટાના સ્થળે પહોંચ્યો હતો.

# જામનગરના રામપરમાં બાઈક સ્લીપ થતા આધેડનું મોત

**અબતક, જામનગર**

જામનગર તાલુકાના રામપર ગામે રહેતાં ૫૯ આધેડનું બાઈક સ્લિપ થતાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. જામનગર તાલુકાના રામપર ગામે રહેતાં વશરામ દેવાભાઈ જાટિયા (ઉ.વ.૫૯) નામના આધેડ પોતાની પુત્રી ખ્યાતીબેન સાથે ગત તા.૩૧-૧-૨૦૨૬ ના રોજ પોતાનું મોટરસાઈકલ લઈને રામપર ગામથી લાખાણી ગામ તરફ જતા હતા. દરમિયાન જ્યારે તેઓ નાની લાખીણી ગામ પાસે રોડ ઉપર આવેલ ગોલાઈ ઉપર પહોચ્યાં હતાં. ત્યારે તેઓનું મોટરસાઈકલ સ્લીપ થઈ જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જાતા પિતા-પુત્રી બન્ને જમીન પર પટકાયા હતાં જેમાં વશરામભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સારવારમાં ખસેડાયા હતાં. જ્યાં બાર દિવસની લાંબી સારવાર બાદ તેઓનું હોસ્પિટલના બિછાને મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગે મૃત્તકના પુત્ર હર્દિકભાઈએ પોલીસને જાણ કરતાં પંચકોષી એ ડિવિઝન પોલીસે હોસ્પિટલ પહોંચી મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# કનસુમરા નજીક કારમાં બિયરની મોજ માણતા પાંચ વિદ્યાર્થીઓ પોલીસ ઝપટે ચડ્યાં

## પોલીસે બિયરના ટીન અને કાર સહિત રૂ.૨.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**અબતક, જામનગર**

જામનગર નજીકના કનસુમરા ગામના પાટીયા નજીક ખાલી પ્લોટમાં કાર રાખી બિયરની મોજ માણી રહેલાં પાંચ વિદ્યાર્થીઓ પોલીસ ઝપટે ચડ્યાં હતાં. પોલીસે બિયરના ટીન અને કાર સહિત રૂા.૨.૫૧ લાખનો મુદ્દામાલ કબ્જે છે. પંચકોષી બી ડિવિઝન પોલીસે પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કનસુમરા પાટીયાથી અંદર, શેરી નં.૪, સંત હરીરામ બાપા ઈન્ડસ્ટ્રીયલ ઝોન-૧, પ્લોટ નં.૬૧૪ ની સામે આવેલ ખાલી પડેલ એક પ્લોટમાં એક કાર જોતાં પોલીસે તુરંત જ ત્યાં પહોંચી હતી. જ્યાં જીજે-૧૦-ડીઈ-૪૦૬૯ નંબરની મારૂતિ સુઝુકછ અર્ટીગા કારમાં અર્પીત અમીતભાઈ કાપડીયા (ઉ.વ.૧૮, રહે.રૂપીયાના સીકકા પાસે, હીજરી મીસ્ત્રી રોડ, ઓશવાળ કોલોની, જામનગર), સુદીપ મદનમોહન પંડીત (ઉ.વ.૧૮, રહે.હાલાર હાઉસ પાસે, સ્વામીનારાયણ સોસાયટી, બ્લોક નં-૨૨ જામનગર), હીતાર્થ કમલેશભાઈ ભટ્ટ (ઉ.વ.૧૮, રહે.ખોડીયાર કોલોની,રાજનગર, શેલના પેટ્રલ પંપ વાળી શેરી જામનગર), પરીન અશોકભાઈ સંઘાણી (ઉ.વ.૧૯, રહે. એમ્યુસમેન્ટ પાર્ક પાસે, ઓષવાળ ૦૨, પ્લોટ નં.૧૨૧, આહીર સમાજ પાસે જામનગર), અક્ષીત આનંદભાઈ મહેતા (ઉ.વ.૧૯, રહે.વીરલબાગ, સીદધાર્થ એપાર્ટમેન્ટ, રૂમ નં.૫૦૨ જામનગર) નામના પાંચ વિદ્યાર્થીઓ બિયરની મહેફીલ માણતા રંગેહાથ પોલીસ ઝપટે ચડ્યાં હતાં. પોલીસે તમામ પાસેથી બિયરના ટીન અને કાર સહિત કુલ રૂા.૨,૫૧,૦૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી તમામ સામે પ્રોહી એકટ કલમ ૬૬(૧)બી, ૬૫(એ)(એ), ૭૫(ક), ૮૧,૯૮(૨),૧૧૬(બી) મુજબ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અમરેલી ગજેરા કેમ્પસ વિદ્યાસભાની વિદ્યાર્થિનીઓએ હેન્ડબોલમાં જીત્યો 'ગોલ્ડ મેડલ'

## રાષ્ટ્રીય સ્તરે ચમકેલી હિરલ બલદાણીયા, નિધી બારૈયાને શાળા - પરિવારે આપી શુભેચ્છા

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**



અમરેલીઃ સોમનાથ ખાતે ગત તારીખ ૧૯ થી ૨૩ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાયેલી ૬૯મી ઓલ ઈન્ડિયા અંડર-૧૭ ગર્લ્સ નેશનલ હેન્ડબોલ સ્પર્ધામાં અમરેલીના ગજેરા કેમ્પસ-વિદ્યાસભાની ડીએલએસએસ ખેલાડીઓએ ઐતિહાસિક પ્રદર્શન કરી સમગ્ર રાજ્યનું ગૌરવ વધાર્યું છે. દેશભરની શ્રેષ્ઠ ટીમો વચ્ચે રમાયેલી આ રમત ગમતના મહાકુંભમાં ગુજરાતની ટીમે શાનદાર રમત બતાવી ગોલ્ડ મેડલ પર કબજો કર્યો છે. આ વિજયી ટીમમાં ગજેરા કેમ્પસ વિદ્યાસભાની બે તેજસ્વી ખેલાડીઓ, બલદાણીયા હિરલ લાલજીભાઈ અને બારૈયા નિધી દિનેશભાઈએ પોતાની કુશળતાનું પ્રદર્શન કરી મહત્વની ભૂમિકા ભજવી હતી. આ બંને ખેલાડીઓની પસંદગી અને તેમની સફળતાએ અમરેલી જિલ્લાનું નામ રાષ્ટ્રીય સ્તરે ગુંજતું કર્યું છે. સંસ્થામાં મળતું શ્રેષ્ઠ શિક્ષણ અને અનુભવી કોચ દ્વારા આપવામાં આવતું સઘન પ્રશિક્ષણ આ સિદ્ધિનું પાયાનું કારણ છે. ખેલાડીઓની આ અસાધારણ સફળતા બદલ સંસ્થાના પદાધિકારીઓ અને આગેવાનોએ હર્ષની લાગણી વ્યકત કરી છે. પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણીએ શુભેચ્છા પાઠવી છે.

કોચ રવિભાઈ નાવડિયા, ટ્રેનર કમલેશભાઈ ભાલીયા અને ભૂમિબેન ડાંગરએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ગાંધીધામ સ્થાપના દિન નિમિત્તે સાંસદ સ્વચ્છતા મેરેથોનમાં શપથ લેવાયા



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

સમાજ નવનિર્માણ ટ્રસ્ટ અને કચ્છ લોકસભા દ્વારા ગાંધીધામ શહેરના સ્થાપના દિવસ નિમિત્તે સાંસદ સ્વચ્છતા મેરેથોન, સાંસદ એથ્લેટિક ટૂર્નામેન્ટ સહિતના વિવિધ કાર્યક્રમ યોજાયા હતા, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. સવારે ડીપીટી ગ્રાઉન્ડથી પંચમુખી હનુમાન મંદિર સુધી સાંસદ સ્વચ્છતા મેરેથોન યોજવામાં આવી હતી, જેમાં બાળકો સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. રમત ગમત સંકુલ ખાતે સાંસદ એથ્લેટિક ટૂર્નામેન્ટ યોજવામાં આવી હતી. વિવિધ કેટેગરીની યોજાયેલી સ્પર્ધામાં મોટી સંખ્યામાં ખેલાડીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપના મહામંત્રી ધવલ આચાર્ય, વિજય પરમાર, તેજસ શેઠ મનોજભાઈ મુલચંદાણી, વિજયસિંહ જાડેજા, કમલેશભાઈ પરિયાણી, મોમાયાભાઈ ગઢવી, ભરતભાઈ મીરાણી વગેરે હાજર રહ્યા હતા.

# જામનગરમાં ન્યુ સાધના કોલોનીમાંથી જુગારધામ પકડાયું

## પોલીસે દરોડો પાડી ૧૩ શખ્સની ધરપકડ કરીઃ ૩૪૦૦૦નો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર શહેરમાં ન્યુ સાધના કોલોની વિસ્તારમાંથી પોલીસે દરોડો પાડી કાટછાપનો જુગાર રમતા ૧૩ પંટરોને ઝડપી લીધા હતાં. દરોડા દરમિયાન પોલીસે ૩૪ હજાર ઉપરાંતની રોકડ કબ્જે કરી તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ન્યુ સાધના કોલોની બ્લોક નં.એમ/૫૩ જોગલ પ્રોવીઝન સ્ટોરની બાજુના જાહેરમાં રૂપીયાના સીકકા ઉછાળી કાટછાપનો જુગાર રમી રહેલાં ઈમરાન ઉર્ફે મની બશીરભાઈ બ્લોચ, દિપ હિતેષભાઈ નંદા, હિતેષ પ્રભુભાઈ નંદા , ભુપતભાઈ ભયલાલ ચાંદ્રા, ઈમરાન ઉર્ફે ઈભુડો ગફારભાઈ ખફી તુષાર કેતનભાઈ શેઠીયા, શાહહુશેન ઉર્ફે ઈમરાન અલ્લારખા ખફી, ધર્મેન્દ્રસિંહ ઉર્ફે રાઘે પ્રફુલસિંહ ચૌહાણ, શામજીભાઈ રાજાભાઈ શીયાળ, અજયભાઈ લક્ષ્મણભાઈ પરમાર, રવિભાઈ મગનભાઈ ચૌહાણ, રવિભાઈ આરમુગમ મોદલીયાર, અનીલભાઈ સોમાભાઈ ચાવડા નામના ૧૩ પંટરોને ઝડપી લીધા હતાં. પોલીસે તમામ પાસેથી રૂા.૩૪,૨૫૨ ની રોકડ કબ્જે કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરનાં પટેલવાડીમાં મકાનમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

## મકાનમાલિક સહિત બે બુટલેગરની અટકાયતઃ ૧૭૬૦૦નો મુદામાલ કબ્જે


**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં રણજીતરોડ સ્વામીનારાયણ મંદિર પાછળ રહેણાંક મકાનમાં પોલીસે દારૂ સંબંધિત દરોડો પાડી ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે દારૂના જથ્થા સાથે બે શખ્સની અટકાયત કરી બન્ને સામે પ્રોહિબીશનની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.જામનગર શહેરમાં રણજીતરોડ સ્વામીનારાયણ મંદિર પાછળ પટેલવાડીમાં રહેતાં હિતેષ ડોલરભાઈ મારૂ (ઉ.વ ૪૯) નામના શખ્સના રહેણાંક મકાને પોલીસે દારૂ સંબંધિત દરોડો પાડ્યો હતો. પોલીસને મકાનમાંથી રૂા.૧૭,૬૦૦ ની કિંમતની ૧૬ બોટલ ઈંગ્લીશ દારૂ મળી આવ્યો હતો. આથી પોલીસે મકાન માલિક હિતેષ માર અને હર્ષ નયનભાઈ રાઠોડ (રહે.નવાગામ ઘેડ સરસ્વતી સોસાયટી નાગરેજીમાં ના મંદીર સામે જામનગર) નામના બે શખ્સની અટકાયત કરી હતી. પોલીસે બન્ને શખ્સ સામે પ્રોહિબીશનની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં મધરાતે પ્રેમી સાથે ઘરેથી નીકળેલી સગીરાનું પિતા સાથે પૂનઃ મિલન કરાવતી ૧૮૧ અભયમ ટીમ

## અભયમ ટીમના કુશળ કાઉન્સિલિંગ થકી સગીરવયની તરૂણી ઘરે હેમખેમ પરત પાછી ફરી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જુનાગઢ શહેરના એસટી બસ સ્ટેન્ડ અધિકારી દ્વારા મધ્ય રાતે ૧૮૧ ટીમને એક કોલ કરી જાણ કરવામાં આવેલ કે, બસ સ્ટેન્ડમાં સગીર વયના દીકરો અને દીકરી ઘરેથી નીકળી આવેલ છે. અને તે ઘરે જવાની ના કહે છે. જેથી મદદે આવો.

આ અંગેની જાણ થતા જ તુરંત ફરજ પરના ૧૮૧ ના કાઉન્સેલર અરુણા કોલડિયા તથા મહિલા પોલીસ કોન્સ્ટેબલ ઉજાલાબેન ખાણીયા અને સહિતની ટીમ સ્થળ ઉપર પહોંચી, સગીરાને માનસિક સપોર્ટ આપી, કાઉન્સિલિંગ કરતા જાણવા મળેલ કે, તેઓ ૬ માસથી એક સગીર યુવકના પ્રેમમા હોય અને બંનેના ઘરે તેમના સબંધની જાણ થતાં, બંનેને તેમના માતા પિતા દ્વારા ઠપકો આપેલ હોય, જેથી બંને ઘરેથી નીકળી જવાનો પ્લાન બનાવી, મધ્ય રાત્રિ એ પરિવારની જાણ બહાર નીકળી આવેલ અને એસ ટી બસ સ્ટેન્ડમાં આવી બેઠેલા હતા.બાદમાં ૧૮૧ ના કાઉન્સેલર અરુણા કોલડિયા એ દીકરીનું કાઉન્સેલિંગ કરીને સમજાવી, કાયદાકીય માર્ગદર્શન આપી, અને આગળના ભવિષ્ય વિશેની સમજ આપતા દીકરી ઘરે જવા માટે તૈયાર થઈ હતી. બાદમાં પરિવાર ને જાણ કરાતા, તેઓ ઘટના સ્થળ પર આવ્યા હતા ત્યારે ૧૮૧ ના કાઉન્સેલર એ પરિવારનું પણ કાઉન્સેલિંગ કરી, સગીરાને તેમના પિતાને સોંપેલ હતી.

દીકરી સહી સલામત મળી જતા, પરિવારે ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કરેલ હતો.

# જામનગરની ભાગોળે ભંગારના વાડામાં ભયંકર આગ ભભૂકી

## ફાયર સ્ટાફ દ્વારા પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધું

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરની ભાગોળે આવેલા દરેડ રોડ પરના એક ભંગારના વાડામાં ભયંકર આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. જોત જોતામાં આગે વિકરાળ રૂપ ધારણ કરી લેતા ફાયર સ્ટાફ દોડી આવ્યો હતો. ફાયર ટીમે સમયસર આગ ઉપર કાબુ મેળવી લેતા મોટી દુર્ઘટના ટળી હતી અને સદનશીબે કોઈ જાનહાનિ થઈ ન હતી.

જામનગરના દરેડ રોડ વિસ્તારમાં આવેલા ભંગારના વાડામાં અચાનક વિશાળ આગ લાગવાની ઘટના સામે આવી છે. આગ એટલી ભયંકર હતી કે દૂર દૂર સુધી ધુમાડાના ગોટે ગોટા દેખાતા હતા. પ્રાથમિક માહિતી મુજબ ભંગારના સામાનમાં લાગેલી આગ પળવારમાં ફેલાઈ ગઈ હતી. સ્થાનિકોએ તરત જ ફાયર વિભાગને જાણ કરતાં ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર વિભાગની જહેમતભરી કામગીરી બાદ આગ પર કાબુ મેળવી લેવાયો હતો. આગના બનાવમાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી તેવી પ્રાથમિક માહિતી મળી રહી છે. બીજી બાજુ આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે.

(પહેલા પાનાનું ચાલું)

### રૂપિયો...

વર્ષ ૨૦૨૬-૨૭ માં કેન્દ્ર અને રાજ્ય સરકારો મળીને અંદાજે ૩૦ લાખ કરોડ રૂપિયાનું જંગી દેવું કરે તેવી શક્યતા છે. જેમાં કેન્દ્ર સરકાર ૧૭.૨ લાખ કરોડ રૂપિયાનું નવું દેવું કરશે, જે ૨૦૨૫-૨૬ ની સરખામણીમાં ૧૮% વધારે છે. જૂના દેવાની ચુકવણી કરવા માટે જ સરકારે નવું દેવું કરવું પડી રહ્યું છે. આ જંગી ઉધારને કારણે બજારમાં નાણાંની તંગી સર્જાઈ શકે છે અને વ્યાજદરો ઉપર જઈ શકે છે, જે આરબીઆઈની ઈચ્છા વિરુદ્ધ છે.

ભારતીય બજારમાંથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો સતત નાણાં પાછા ખેંચી રહ્યા છે. એપ્રિલ ૨૦૨૫ થી જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન એફઆઈઆઈ એ કુલ ૬૪,૭૫૯ કરોડ રૂપિયા (૭.૨ અબજ ડોલર) પાછા ખેંચી લીધા છે. જેના કારણે રૂપિયા પર દબાણ વધ્યું છે. જો આરબીઆઈ રૂપિયાને બચાવવા ડોલર વેચે તો માર્કેટમાં લિક્વિડિટી ઘટી જાય અને વ્યાજદરો વધે, જે વિકાસદરને રૂંધી શકે છે. આ સંજોગોમાં આરબીઆઈ પાસે રૂપિયાને ધીરે-ધીરે નબળો પડવા દેવા સિવાય અન્ય કોઈ સરળ વિકલ્પ બચ્યો નથી.

સરકાર દ્વારા દેવું વધારવા પાછળનું એક મુખ્ય કારણ ટેક્સની આવકમાં થયેલો ઘટાડો છે. વર્ષ ૨૦૨૫-૨૬ માટે ટેક્સ ગ્રોથ ૧૦.૮% રહેવાનો અંદાજ હતો, જે હવે ઘટીને ૭.૪% રહેવાની ધારણા છે. આ ધીમી વૃદ્ધિને ધ્યાનમાં રાખીને, ૨૦૨૬-૨૭ માટે ટેક્સ ગ્રોથનો અંદાજ ૮% રાખવામાં આવ્યો છે. આમ છતાં, સરકાર પોતાની રાજકોષીય ખાધ ને ૨૦૨૫-૨૬ ના જીડીપીના ૪.૩૬% થી ઘટાડીને ૨૦૨૬-૨૭ માં ૪.૩૧% સુધી લઈ જવા માંગે છે. આવક ઓછી હોવા છતાં ખર્ચને પહોંચી વળવા માટે સરકારે વધુ ઉધાર લેવું અનિવાર્ય બન્યું છે.

જ્યારે સરકાર બજારમાંથી જંગી નાણાં ઉપાડે છે, ત્યારે અન્ય લોકો (ખાનગી કંપનીઓ) માટે ભંડોળ ઓછું થઈ જાય છે, જેને અર્થશાસ્ત્રની ભાષામાં ''ક્રાઉડિંગ આઉટ'' કહેવાય છે. આના પરિણામે, આરબીઆઈ એ રેપો રેટ ઘટાડ્યા હોવા છતાં, સરકારી બોન્ડ યીલ્ડ (વળતરનો દર) મે ૨૦૨૫ થી સતત વધી રહ્યો છે. ૧૦ વર્ષના સરકારી બોન્ડ પરનું યીલ્ડ ડિસેમ્બરની શરૂઆતમાં ૬.૬% હતું, જે ફેબ્રુઆરી ૨૦૨૬ માં વધીને ૬.૭૭% થઈ ગયું છે. આ વધારો દર્શાવે છે કે બજાર સરકારના જંગી દેવાના કાર્યક્રમને કારણે ચિંતિત છે, જે છેવટે સામાન્ય લોનને મોંઘી બનાવી શકે છે.

રૂપિયાને ગગડતો અટકાવવા માટે આરબીઆઈ એ પોતાના ડોલરના ભંડોળનો ઉપયોગ કર્યો છે. જૂન ૨૦૨૫ માં ભારતનું વિદેશી મુદ્રા ભંડોળ ૫૯૫ અબજ ડોલર હતું, જે જાન્યુઆરી ૨૦૨૬ માં ઘટીને ૫૬૩ અબજ ડોલર થઈ ગયું છે. અહીં નોંધનીય છે કે ભારતનું ડોલર રિઝર્વ ચીનની જેમ ''કમાયેલું'' (વ્યાપાર સરપ્લસનું) નથી, પરંતુ વિદેશી રોકાણ અને દેવા દ્વારા એકઠું થયેલું છે. ભારત આયાત વધારે કરે છે અને નિકાસ ઓછી, તેથી આપણું ભંડોળ વિદેશી પ્રવાહ પર નિર્ભર છે. જો વિદેશી રોકાણકારો નાણાં પાછા ખેંચે તો આ ભંડોળ ઝડપથી ઘટી શકે છે, જે આરબીઆઈ માટે ચિંતાનો વિષય છે.

### એઆઈ...

એક મહત્વનો પ્રશ્ન એ પણ ઉભો થયો છે કે શું આ છટણી માત્ર એઆઈની ક્ષમતાને કારણે છે કે પછી તેની પાછળ 'એઆઈ-વોશિંગ' જવાબદાર છે? કેટલાક બજાર વિશ્લેષકો માને છે કે ટેક કંપનીઓ રોકાણકારોને ખુશ કરવા અને ખર્ચ ઘટાડવા માટે એઆઈ ના નામે છટણી કરી રહી છે. શેરબજારમાં હાલમાં એઆઈ આધારિત કંપનીઓનું મૂલ્ય વધી રહ્યું હોવાથી, ઘણી કંપનીઓ તેમના જૂના પ્રોજેક્ટ્સ અને ટીમને બંધ કરીને તે ભંડોળને એઆઈ વિકાસ તરફ વાળી રહી છે. આનો અર્થ એ છે કે કેટલીક નોકરીઓ સીધી એઆઈ દ્વારા રિપ્લેસ નથી થઈ રહી, પરંતુ કંપનીઓની બદલાતી વ્યુહરચના અને બજારના દબાણને કારણે જોખમમાં મુકાઈ છે. આ ટ્રેન્ડ દર્શાવે છે કે ટેકનોલોજીકલ બદલાવની સાથે કોર્પોરેટ રણનીતિ પણ કર્મચારીઓ માટે મોટો પડકાર બની રહી છે.

ભારતીય આઈટી ઉદ્યોગ માટે આ સમયગાળો અસ્તિત્વ ટકાવી રાખવાનો છે. અત્યાર સુધી ભારતનો આઈટી બિઝનેસ મુખ્યત્વે 'લેબર આર્બિટ્રેજ' (ઓછા ખર્ચે માનવ શ્રમ દ્વારા કામ) મોડેલ પર આધારિત હતો. જો એઆઈ કોડિંગ, ડિઝાઈનિંગ અને ટેસ્ટિંગ જેવા કામો નજીવા ખર્ચે અને ઝડપથી કરી શકશે, તો વિદેશી ક્લાયન્ટ્સ ભારતમાં કામ આઉટસોર્સ કરવાનું ઘટાડી શકે છે. જોકે, નિષ્ણાતો માને છે કે આ અંત નથી પરંતુ પરિવર્તન છે. માત્ર કોડ લખવો પૂરતો નથી; તેને કંપનીના જટિલ વારસા સાથે જોડવું, ડેટા સુરક્ષા જાળવવી અને નિયમોનું પાલન કરવું - આ કામો માટે માનવ કુશળતા અનિવાર્ય રહેશે. ભારતીય આઈટી કંપનીઓએ હવે માત્ર 'સર્વિસ પ્રોવાઈડર' રહેવાને બદલે 'એઆઈ ઓર્કેસ્ટ્રેટર્સ' તરીકે પોતાની ભૂમિકા નવેસરથી કંડારવી પડશે.

### અમેરિકા-યુરોપ...

બ્રિટન સાથેના સોદામાં પણ ભારતે સફળતા મેળવી છે, જ્યાં ત્યાં કામ કરતા ભારતીયોના સામાજિક સુરક્ષા ફંડની રકમ હવે ભારતમાં તેમના પીએફ ખાતામાં જમા થશે. મંત્રીએ આત્મનિર્ભર ભારતની મજબૂત છબી રજૂ કરતા જણાવ્યું કે ભારત આજે ૯૦૦ મિલિયન ડોલરની ઓટોમોબાઈલ આયાત સામે ૯ બિલિયન ડોલરની નિકાસ કરી રહ્યું છે. તેવી જ રીતે ખાદ્ય સામગ્રીની આયાત ૩૦ બિલિયન ડોલરથી ઓછી છે, જ્યારે તેની નિકાસ ૫૫ બિલિયન ડોલર સુધી પહોંચી છે. અંતમાં પિયુષ ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં ભારત ૨૦૪૭ સુધીમાં ૩૦ ટ્રિલિયન ડોલરથી વધુની અર્થવ્યવસ્થા બનવા તરફ પ્રયાણ કરી રહ્યું છે. ભારત હવે વિશ્વ સાથે સમાનતા અને આત્મવિશ્વાસના સ્તરે વેપાર કરી રહ્યું છે, જેનો સીધો લાભ દેશના ખેડૂતો, કારીગરો અને નાના ઉદ્યોગોને મળશે.

### પાકિસ્તાની ઝડપાયા...

છે. પોલીસને બાતમી મળી હતી કે કઠુઆના નાગરી વિસ્તારમાં ડ્રોન દ્વારા નશીલા પદાર્થો ફેંકવામાં આવ્યા છે. CCTV ફૂટેજ અને ટેકનિકલ તપાસને આધારે પોલીસે પહેલા પઠાણકોટના જતિન નામના યુવકને પકડ્યો અને ત્યારબાદ તેની પૂછપરછમાં કઠુઆના દાનિશ ડોગરાનું નામ ખુલતા તેની પણ ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે આ બંને આરોપીઓ ઈન્ટરનેટ કોલિંગ દ્વારા પાકિસ્તાની ડ્રગ સ્મગલરોના સંપર્કમાં હતા. આ ડ્રગ્સ તેઓ સ્થાનિક યુવાનોને વેચીને પૈસા કમાવવાના હતા. પોલીસ હાલ આ આખા નેટવર્કના મૂળ સુધી પહોંચવા તપાસ કરી રહી છે. માત્ર ડ્રગ્સ પકડાયું તે મહત્વનું નથી, પણ પાકિસ્તાની હેન્ડલર્સ કેવી રીતે ડિજિટલ માધ્યમો અને ડ્રોનનો ઉપયોગ કરીને ભારતના યુવાનો સુધી નશો પહોંચાડે છે, તે આ ઘટનાનો મુખ્ય ભાગ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ગ્રેઈન એટીએમ...

આંગણવાડીઓની સ્થાપના થશે અને કિશોરીઓ તથા સગર્ભા મહિલાઓના સ્વાસ્થ્ય પર વિશેષ ધ્યાન આપવામાં આવશે.

જાહેર વિતરણ ક્ષેત્રે આ તમામ પહેલો દ્વારા ગુજરાત સરકાર 'ડિજિટલ ઈન્ડિયા'ના વિઝનને સાકાર કરી છેવાડાના માનવીને સશકત બનાવવાના પોતાના ઉદ્દેશ્યને ઉજાગર કરશે. આ પ્રસંગે જાહેર વિતરણ વ્યવસ્થા અને ગ્રાહકોની બાબતોના કેન્દ્ર સચિવ સંજીવ ચોપરા પણ ઉપસ્થિત રહેશે.

### સૌરાષ્ટ્ર - કચ્છના...

બઢતી આ સાથે જ ૧૬૫ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. બઢતી મેળવનાર અધિકારીઓને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ખાલી પડેલ જગ્યાઓ પર નિયુક્ત કરવામાં આવ્યા છે. બઢતી બાદ સંબંધિત અધિકારીઓને નવી જગ્યાએ તાત્કાલિક હાજર થવા સૂચના આપવામાં આવી છે.

રાજકોટના નાયબ મામલતદાર ભાલોડી, આચાર્ય, જલ્પા બાલધા, સુવિધા ગોહેલ, હિરેન મકવાણા, નિશા લાખાણી, હીર વઝાણીને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. જસદણના મામલતદાર અને રાજકોટ શહેર (પશ્ચિમ) મામલતદારની બદલી કરવામાં આવી છે. કોટડાસાંગાણીમાં છેલ્લા ઘણા સમયથી ખાલી પડેલી મામલતદારની જગ્યા ભરવામાં આવી છે તમામને તાત્કાલીક અસરથી ચાર્જ સંભાળી લેવા પણ તાકીદ કરવામાં આવી છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**વિસાવદરઃ** ચલાલા નિવાસી (હાલ જુનાગઢ) ઈશ્વરલાલ દામોદર પ્રસાદ મિશ્રા (ઉ.વ.૮૪) નું તા.૧૩/૨ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે તેઓ હરેશભાઈ તથા હેતલ બેનના પિતા, તુષારભાઈ પંડ્યા (ધોકડવા), સોનલબેન હરેશભાઈ મિશ્રા ના સસરા, તેઓનું બેસણું તા.૧૬/૨ના રોજ ચલાલા,મુકામે મહાદેવ પરા ખાતે સમય ૧૧ થી ૪ કલાકે અમારા નિવાસ્થાને તથા તા.૧૯/૨ ના રોજ મહોબતપરા ખાતે બપોરના ૧૧ થી સાંજના ૫ કલાકે રામજી મંદિર ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** ગુર્જર સુતાર સ્વ. હીનાબેન સુધીરભાઈ અનુવાડીયા (ઉ.વ.૬૨) તે સ્વ. સુધીરભાઈના પત્ની, રીચા, મિતના માતા, સ્વ. કલ્યાણજી શામજી સુરેલીયા (ઇંદોર પેટર્ન) ની પુત્રી, સ્વ. પંકજભાઈ કલ્યાણજીભાઈ સુરેલીયા (શ્રી શકિત પેટર્ન), નીતીનભાઈ કે. સુરેલીયા, હર્ષાબેન જયવંતકુમાર પિલોજપરાના બહેનનું તા. ૧૩ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. ૧૪ ને શનિવારના રોજ સાંજે ૪.૩૦ થી ૬ દરમિયાન ૭/૧૦ ભકિતનગર સ્ટેશન પ્લોટ, વિશ્વકર્મા કેળવણી મંડળ ખાતે પહેલા માળે રાખવામાં આવ્યું છે. પિયર પક્ષનું બેસણું પણ સાથે જ રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# સમર્પણ, શિસ્ત, ભક્તિ અને નિશ્ચય માત્ર ગુણો નહીં જીવન જીવવાની પધ્ધતિ છે: અપૂર્વસ્વામી

## ડુમિયાણી પીપલ્સ વેલફેર સોસાયટી વ્રજભૂમિ શૈક્ષણિક સંકુલમાં વાર્ષિકોત્સવમાં મંત્રી કુંવરજી બાવળીયા અને ધારાસભ્ય ડો.મહેન્દ્ર પાડલીયા સહિતના અગ્રણીઓ રહ્યા ઉપસ્થિત

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

આખા ગુજરાતમાં શૈક્ષણિક ક્ષેત્રે બહુ મોટું નામ ધરાવતી રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ડુમિયાણી ગામે ભાદર નદીના કાંઠે આવેલ પીપલ્સ વેલફેર સોસાયટી વ્રજભૂમિ શૈક્ષણિક સંકુલ



તસવીર: શહેઝાદ બાદશાહ



ખાતે ગુરુવારના રોજ ભવયાતિ ભવ્ય 'વાર્ષિકોત્સવ -૨૦૨૬' નું આયોજન થયું જેમાં શૈક્ષણિક અને રમતગમત -સાંસ્કૃતિક ક્ષેત્રે સિદ્ધિ મેળવેલ તેજસ્વી તારલાઓનો સન્માન, સેવા નિવૃત્ત થતા કર્મચારીઓનું સન્માન ,વિશાળ વાલી સંમેલન અને નર્સિંગ સ્કૂલ (એ.એન.એમ. અને જી.એન.એમ.)નો લેમ્પ લાઈટિંગ અને ઓથો સેરેમની એમ ચતુર્થવિધ કાર્યક્રમો થયા હતા. શરૂઆતમાં નર્સિંગ સ્કૂલના વિદ્યાર્થીઓનો ઓથ સેરેમની કાર્યક્રમ યોજાયો એમાં ગુજરાત રાજ્યના શ્રમ રોજગાર અને કલ્યાણ ખાતાના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા હાજર રહ્યા અને નિવૃત્ત કર્મચારીનું સન્માન કર્યું, વિદ્યાર્થીઓને ઈનામ આપ્યા અને જણાવેલ કે આ શિક્ષણ સંસ્થાનો પાયો નાખનાર બળવંતભાઈ મણવરને ધન્યવાદ છે અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારના ગરીબ બાળકોના જીવનનું ઘડતર- ગણતર- ભણતર એ એક આશીર્વાદ સમાન છે ભારત સરકાર દ્વારા પણ વિકસિત ભારત- ૨૦૪૭ ની છણાવટ કરી યુવાનોને ભાવિ દ્રષ્ટા કહ્યાં હતા. આ તકે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રાજકોટ થી પૂજ્ય અપૂર્વમુની સ્વામી એ ચાર 'ડી' નિશ્ચય, સમર્પણ, શિસ્ત અને ભક્તિ એ ચાર વ્યકિતના જીવનમાં પરિવર્તન લાવવાની શકિત ધરાવે છે આ ચાર શબ્દો માત્ર ગુણો નથી પણ જીવન જીવવાની એક પદ્ધતિ છે સ્વામીએ ધીરૂભાઈ અંબાણી, ભગતસિંહ, જીજાભાઈ, શિવાજી, બચેન્દ્રી પાલ, અરુણિમા સિંહા જેવા નો ઈતિહાસ અને તેના જેવા બનવાની હાકલ કરેલ. સતત એક કલાક ઉપર પ્રેરક પ્રવચન આપી સ્વામીએ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકોને રાષ્ટ્રમાટે ,ધર્મ માટે કાર્ય કરવા જણાવેલ પ્રવચનમાં જકડી રાખેલ હતા. કલ્યાણ મૂર્તિ સ્વામીએ



વિદ્યાર્થીઓને આશીર્વાદ વચન પાઠવેલ અને ભારતનું ભાવિ યુવાનોના હાથમાં છે તેમ જણાવેલ વિશ્વમાં વધુ યુવાનો ભારતમાં છે જે એક શકિત છે સંસ્થાના ટ્રસ્ટી ડો.સંજયભાઈ ખાનપરા, ધારાસભ્ય ડો.મહેન્દ્રભાઈ પાડલીયા, જિલ્લા ભાજપના મહામંત્રી રવિભાઈ માકડીયા એ હાજર રહી પ્રાસંગિક પ્રેરક ઉદબોધન આપેલ હતું જુદા જુદા શૈક્ષણિક વિભાગોના ૧૦૮ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓનું શીલ્ડ અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ તકે સંસ્થામાંથી ૬ કર્મચારીઓ સેવા નિવૃત થતા તેની સેવાઓની નિષ્ઠા પ્રામાણિકતા ની કદર કરી સન્માનિત કર્યા હતા. ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓના વાલીઓનું ભવ્ય વિશાળ સંમેલન અને સંવાદ યોજાયો હતો, પૂજય સ્વામીજીનું પ્રેરક પ્રવચન સાંભળવા માટે ઉપલેટા થી હરિભક્તો આવેલ હતા, સંસ્થાના સ્થાપક માતા સવિતાબેન મણવર નાદુરસ્ત તબિયત છતાં સમગ્ર કાર્યક્રમમાં હાજરી આપેલ હતી, વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ





થયેલ, ઉપલેટા નગરપાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, બાંધકામ સમિતિના ચેરમેન મનોજભાઈ નંદાણીયા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીગ્નેશભાઈ વ્યાસ, લેઉવા પટેલ સમાજના ટ્રસ્ટી ભરતભાઈ રાણપરીયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ સિન્ડિકેટ સભ્ય અને શિક્ષણવિદ ડો.વિજયભાઈ ભટાસણા, ડુમિયાણી સમાજના પ્રમુખ ગજેન્દ્રભાઈ કોટડીયા, માધ્યમિક શિક્ષણ કચેરી રાજકોટ થી ભાવનાબેન ભોજાણી, પ્રિન્સિપાલ ડો.વલ્લભભાઈ નંદાણીયા, મેહુલભાઈ ચંદ્રવાડીયા અગ્રણી ઓઈલ મિલર હસુભાઈ કંટારીયા, પ્લાસ્ટિક ઉપપ્રમુખ ભુપતભાઈ ગજેરા, માનવસેવા ટ્રસ્ટના લાલજીભાઈ રાઠોડ, અરણી ગૌસદનના મેનેજર રસિકભાઈ લાલાણી, જિલ્લા ભાજપના મંત્રી અનિતાબેન ચૌહાણ વગેરે અનેક સામાજિક ધાર્મિક આગેવાનોએ હાજરી આપેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ડો.ઉર્વશીબેન ખાનપરા ના માર્ગદર્શન નીચે 'વ્રજભૂમિ, શૈક્ષણિક સંકુલના તમામ શૈક્ષણિક તેમજ બિન શૈક્ષણિક સ્ટાફએ ખૂબ જ જહેમત ઉઠાવી અને કાર્યક્રમને સફળ બનાવેલ હતો.



# કચ્છમાં રેલવેના આધુનિકરણ થકી પરિવહનના નવા યુગની શરૂઆત

## આદીપુર – ગાંધીધામ ફોર ટ્રેક સેફટી ઈન્સ્પેકશન ટીમનું ગાંધીધામ ચેમ્બર દ્વારા કરાયું સન્માન

**અબતક, ભારતીય માખીજાણી, ગાંધીધામ**

કચ્છમાં રેલવેના આધુનિકરણથી પરિવહનમાં નવા યુગની શરુઆતને ગાંધીધામ ચેમ્બર દ્વારા આવકાર આપી ગાંધીધામ - આદીપુર ફોર ટ્રેક ઈન્સ્પેકશન ટીમનું ગાંધીધામ ચેમ્બર દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

રેલ્વે આધુનિકીકરણથી કચ્છ લોજિસ્ટિકસમાં નવા યુગની શરૂઆત આદિપુર-ગાંધીધામ રેલ્વેના ફોર ટ્રેક સેફ્ટી ઈન્સ્પેકશન અને ગોપાલપુરી રેલ્વે સ્ટેશનની આધુનિક સુવિધાઓ નિહાળ્યા બાદ ગાંધીધામ ચેમ્બર દ્વારા રેલ્વે અધિકારીઓનું સ્વાગત કરાયું હતું તેમનું ચેમ્બર ભવન ખાતે સંયુક્ત બેઠક યોજાઈ.

કચ્છ પ્રદેશ માટે રેલ્વે પરિવહન હંમેશા ઉદ્યોગ, વેપાર અને જનજીવનની રીઢ સમાન રહ્યું છે. કંડલા પોર્ટ, કાસેઝ, મીઠા ઉદ્યોગ અને નિકાસ-આયાત આધારિત વ્યવસાયોને ગતિ આપવા ગાંધીધામ-આદિપુર રેલ્વે નેટવર્ક મુખ્ય આધારસ્તંભ બની ચૂક્યું છે. આ પરિપ્રેક્ષ્યમાં પશ્ચિમ રેલ્વે દ્વારા ચાલી રહેલા આધુનિકીકરણ કાર્યોને સ્થાનિક જરૂરિયાતો સાથે સુસંગત બનાવવા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ સક્રિય ભૂમિકા નિભાવી છે. ચેમ્બરના પ્રયાસોના ભાગરૂપે રેલ્વેના ઉચ્ચ અધિકારીઓએ ગોપાલપુરી રેલ્વે સ્ટેશન ખાતે સંયુક્ત ઈન્સ્પેકશન હાથ ધર્યું હતું. જેમાં ચેમ્બરના હોદેદારો તેમની સાથે જોડાયા હતા અને સ્થળ પર જ સ્થાનિક સુવિધાઓ અંગે વિગતવાર અવગત કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ અધિકારીઓએ ગાંધીધામ ચેમ્બર ભવનની મુલાકાત લઈ ઉદ્યોગજગત તથા મુસાફર સુવિધા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરી હતી.



આદિપુર-ગાંધીધામ તથા ગોપાલપુરી રેલ્વે ફોર ટ્રેક સેફ્ટી સાઈટ ઈન્સ્પેક્શન દરમિયાન પશ્ચિમ રેલ્વેના સિનિયર ડીઆરએમ વેદપ્રકાશ, ડીસીએમ અનુ ત્યાગી, ગાંધીધામ એઆરએમ આશિષ ધનિયા સહિત અમદાવાદ તથા પશ્ચિમ રેલ્વેના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બર તરફથી પ્રમુખ તેજાભાઈ કાનગડ, માનદ મંત્રી મહેશ તીર્થાણી, પૂર્વ પ્રમુખો તથા રેલ્વે સલાહકાર સમિતિ સાથે કાર્યરત બચુભાઈ આહીર અને પારસમલ ન્હાટા, તેમજ કારોબારી સભ્ય રાકેશકુમાર જૈન સહિતના પ્રતિનિધિઓ દ્વારા સ્વાગત કરાવેલ સેફ્ટી ઈન્સ્પેક્શન બાદ બીજા દિવસે ચેમ્બર ભવન ખાતે યોજાયેલી બેઠકમાં આદિપુર- ગાંધીધામ ફોર ટ્રેક લ્ર્ક, વાય જંકશન, આદિપુર-ગોપાલપુરી સ્ટેશનોનું આધુનિકીકરણ તથા મુસાફરો માટેની બાહ્ય-આંતરિક સુવિધાઓ વધારવા અંગે વ્યાપક રજૂઆતો કરવામાં આવી હતી.


ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડે જણાવ્યું હતું કે, ગાંધીધામ દેશના મહત્વના લોજિસ્ટિક હબમાં સ્થાન ધરાવે છે. સ્ટેશનની અંદરની સુવિધાઓ જેટલી જરૂરી છે, એટલી જ બહારની વ્યવસ્થાઓ આધુનિક બનવી આવશ્યક છે. વિશાળ એપ્રોચ રોડ, પાર્કિંગ, લાઈટિંગ અને સુરક્ષિત પેડેસ્ટ્રયન મૂવમેન્ટ જેવા મુદ્દાઓ મુસાફરોના દૈનિક અનુભવ સાથે સીધા જોડાયેલા છે. મહાનગરપાલિકા અને પ્રશાસન સાથે સંકલન કરી ગાંધીધામને 'સીમલેસ મોબીલીટી સીટી' તરીકે વિકસાવવાની ખાસ જરૂર છે.''

માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું કે, રેલ્વે અને ઉદ્યોગ વચ્ચે સંવાદનો સેતુ બનવું ચેમ્બરનું ધ્યેય છે. દિવ્યાંગમિત્ર સુવિધા, મહિલાઓ માટે સુરક્ષિત ઝોન, રાત્રીકાળે પૂરતી પ્રકાશ વ્યવસ્થા અને ટ્રાફિક મેનેજમેન્ટ અંગે ચેમ્બરે વ્યવહારુ સૂચનો આપ્યા છે. આ સુધારાઓથી કાસેઝ તથા પોર્ટ આધારિત ઉદ્યોગોને સીધો લાભ મળશે.

રેલ્વે અધિકારીઓએ ચેમ્બરની રજૂઆતોને સકારાત્મક પ્રતિભાવ આપતા જણાવ્યું કે, રીડેવલપમેન્ટ યોજનાઓમાં સ્થાનિક સૂચનોને મહત્વ અપાશે અને બાહ્ય ઈન્ફ્રાસ્ટ્રકચર માટે સંકલિત આયોજન કરવામાં આવશે. ફોર ટ્રેક લાઈન અને વાય જંકશનના કાર્યથી ટ્રેન સંચાલન વધુ સુગમ બનશે અને શહેરની છબી આંતરરાષ્ટ્રીય કક્ષાની બનશે.

ચેમ્બરના પ્રમુખ તેજાભાઈ કાનગડ માનદ મંત્રી મહેશ તીર્થાણી સાથે સહમંત્રી જતિન અગ્રવાલ, ખજાનચી કૈલેશ ગોર, પૂર્વ પ્રમુખો બચુભાઈ આહિર અને પારસમલ ન્હાટા, કારોબારી સભ્યો રાકેશકુમાર જૈન, નરેન્દ્ર રામાણી, અનિમેષ મોદી, હરીશ માહેશ્વરી, હેમચંદ્ર યાદવ, રાજીવ ચાવલા સહિત પશ્ચિમ રેલ્વેના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# કંડલા બંદર પર ૧૩૩ એલપીજી જહાજમાંથી ગેસ આયાતનો રેકોર્ડ સર્જાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કંડલા બંદર પર આવેલા OJ-01 પર ઈન્ડિયન ઓઈલના એલપીજી આયાત ટર્મિનલે વધુ એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ૧૧-૦૨-૨૦૨૬ સુધીમાં કુલ ૧૩૩ એલપીજી જહાજો દ્વારા ૨.૬૧ એમએમટી એલપીજી હેન્ડલિંગ કરી,ગયા વર્ષની સરખામણીમાં નવો રેકોર્ડ બનાવ્યો છે.ગયા વર્ષે આ જ સમયગાળા દરમિયાન ૧૦૭ જહાજો દ્વારા ૨.૦૮૯ એમએમટી એલપીજી હેન્ડલિંગ થયું હતું, જેની સામે આ વર્ષે આશરે ૨૫% વાર્ષિક વૃદ્ધિ (Yo Y Growth) નોંધાઈ છે. ડીપીએ કંડલા હવે ૧૬૦ જહાજો અને ૩.૦ એમએમટી એલપીજી હેન્ડલિંગના લક્ષ્ય તરફ આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે. આ સિદ્ધિ ડીપીએની કાર્યક્ષમ કામગીરી, ઉત્તમ આયોજન અને વિવિધ એજન્સીઓ વચ્ચેની સુસંગત સંકલનનું ઉત્તમ ઉદાહરણ છે.

# ગાંધીધામના સ્થાપના દિવસ નિમિત્તે મદનસિંહજીની પ્રતિમાએ પૂષ્પાંજલિ અર્પણ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામના સ્થાપના દિવસ નિમિત્તે ગાંધીધામ મહાનગરપાલિકા, ડી.પી.એ. વગેરે સંસ્થાઓ દ્વારા સ્થાપના દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં સવારના સમયે ભાઈ પ્રતાપની સમાધિ અને મહારાવની પ્રતિમા પર પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો, તેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. દર વર્ષની જેમ મહાનગરપાલિકા દ્વારા આ વખતે પણ સ્થાપના દિવસ નિમિત્તે કાર્યક્રમ યોજાયો હતો. જોકે, આ વખતે મહાનગરપાલિકાની સાથે દીનદયાળ પોર્ટ ઓથોરિટી અને એસઆરસી વગેરેએ પણ સંયુક્ત રીતે જોડાઈને ભાગીદાર બન્યા હતા. આદિપુર ખાતે ભાઈ પ્રતાપ દિયલદાસની સમાધિ પર પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજાયો હતો, ત્યારબાદ મુન્દ્રા સર્કલ પર આવેલ મહારાવ મદનસિંહજીની પ્રતિમાએ પુષ્પાંજલિનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.





# ઉપલેટા: રમણીકભાઈ ધામી શૈક્ષણીક સંકુલમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનાર યોજાયો



**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા રમણીકભાઈ ધામી શૈક્ષણિક સંકુલ માં અભ્યાસ કરતા ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ ને કારકિર્દી અંગે માર્ગદર્શન આપવા તેમજ ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓને વિદાય સમારંભ કાર્યક્રમ યોજાયો આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે વર્ષા ફાઉન્ડેશન ચેરમેન વિનોદભાઈ દેસાઈ જાણીતા મોટીવેશન ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શિક્ષણમાં આગળ વધી જીવનમાં પોતાની કારકિર્દી બનાવવા પાંચ સુતરી મુદ્દાઓને જીવનમાં ઉતારવાના જરૂરી છે સમય શિસ્ત સંસ્કાર સંજોગો અને શિક્ષણ થી પોતાની ઉત્તમ કારકિર્દી બનાવી શકે છે અને પોતાની રોજગારી તો મેળવી શકે છે પરંતુ પોતાનું વ્યક્તિત્વ પણ બનાવી શકે છે આ પ્રસંગે ટ્રસ્ટના ચેરમેન કમલ નયન સોજીત્રાએ એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા જણાવ્યું કે વર્તમાન સમય હરીફાઈ નો છે તેમાં ટકી રહેવા સજાગ



રહેશો તો ભવિષ્યનું નિર્માણ કરવામાં કોઈ અડચણ નહીં આવે ટ્રસ્ટી મનોજભાઈ પોશિયા પરીક્ષામાં લેવાની કાળજીઓ અંગે સમજણ આપી હતી અને પરીક્ષાઓ દરમિયાન આત્મવિશ્વાસ ડગે નહીં તેનું ખાસ ધ્યાન રાખવા ભાર મૂક્યો હતો સ્વાગત પ્રવચન વડીલ ટ્રસ્ટી છગનભાઈ સોજીત્રાએ કર્યું હતું આ પ્રસંગે ટ્રસ્ટી ડાયાભાઈ ગજેરા મેનેજિંગ ટ્રસ્ટી વલ્લભભાઈ સોજીત્રા એ ઉપસ્થિત મહેમાનો વાલીગણ અને વિદ્યાર્થીઓ શિક્ષકો આગેવાનો નો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભુજ: દીનદયાળ પોર્ટ પર મેગા કન્ટેનર ટર્મિનલનું નિર્માણ કાર્ય પુરજોશમાં

## વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ કરી કામને વધુ વેગવાન બનાવવા કમરકસી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગુજરાતના ભુજ સ્થિત દીનદયાળ પોર્ટ પ્રાધિકરણ (કાંડલા) ખાતે વિકસાવવામાં આવી રહેલા મેગા કન્ટેનર ટર્મિનલના નિર્માણ કાર્યનું તા. ૧૨.૦૨.૨૦૨૬ના રોજ અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશ, પશ્ચિમ રેલવેના મુખ્ય માલ ભાડા પરિવહન પ્રબંધક નરેન્દ્ર પંવાર તથા ગાંધીધામ અને અમદાવાદ મંડળના એરિયા મેનેજર આશીષ ધાનિયા દ્વારા નિરીક્ષણ



કરવામાં આવ્યું. આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પશ્ચિમ ભારતના લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમને નવી ગતિ આપનાર એક મહત્વપૂર્ણ પહેલ છે.

નિરીક્ષણ દરમિયાન પ્રોજેક્ટની નિર્માણ પ્રગતિ, ઓપરેશનલ તૈયારીઓ અને ભવિષ્યની ક્ષમતા વિસ્તરણ અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી. આ અદ્યતન કન્ટેનર ટર્મિનલની વાર્ષિક હેન્ડલિંગ ક્ષમતા આશરે ૨.૧૯ મિલિયન ટીઈયુ રહેશે. ટર્મિનલ પર આશરે ૧૧૦૦ મીટર લાંબી બર્થ વિકસાવવામાં આવી રહી છે, જેથી મોટા અને આધુનિક કન્ટેનર જહાજોનું સંચાલન શક્ય બનશે. આ પ્રોજેક્ટ પીપીપી મોડલ હેઠળ આશરે રૂ.૪,૨૦૦ કરોડના રોકાણથી વિકસાવવામાં આવી રહ્યો છે.

આ પ્રોજેક્ટ કંડલા બંદરે એક સશક્ત મલ્ટી-મોડલ લોજિસ્ટિક્સ હબ તરીકે સ્થાપિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# અંજારમાં નવનિર્મિત સરહદ ડેરી સર્કલનું મંત્રી ત્રિકમ છાંગાના હસ્તે ઉદ્દ્ઘાટન

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**





અંજાર શહેરના એપીએમસી માર્કેટ પાસે આવેલ ત્રણ રસ્તા પર નવનિર્મિત સરહદ ડેરી સર્કલનું નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું છે અને તેનું લોકાર્પણ આજે યોજાયું હતું. આ મહત્વપૂર્ણ વિકાસકાર્યનું લોકાર્પણ સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલની અધ્યક્ષતામાં આપણાં સૌના ત્રિકમભાઈ છાંગા, મંત્રી ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ, (ગુ.રા.) ના કરકમળો દ્વારા કરવામાં આવ્યું હતું. સદર બાબતે દેવજીભાઈ વરચંદ-પ્રમુખ કચ્છ જીલ્લા ભાજપ મુખ્ય અતિથિ તરીકે અને નગરપાલિકા ના પ્રમુખ વૈભવભાઈ કોડરાણી ની ઉપસ્થિતિ માં યોજાયેલ.

કાર્યક્રમ ની શરૂઆત માં મંત્રી ત્રિકમભાઈ છાંગાનું સરહદ ડેરી ના ચેરમેન વલમજીભાઈ હુંબલ તથા વાઈસ ચેરમેન મોતીભાઈ ભરવાડ દ્વારા વિશિષ્ટ પાઘડી પહેરાવીને તથા કચ્છ જીલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદનું શાલ અને પુષ્પગુચ્છ આપીને સન્માન કરવામાં આવેલ. તથા સરહદ ડેરીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા અન્ય મહાનુભવોનું શાલ તથા પુષ્પગુચ્છ આપીને સન્માનિત કરેલ. આ લોકાર્પણ પ્રસંગે માન. મંત્રી ત્રિકમભાઈ છાંગા તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ એ જણાવેલ કે આ આધુનિક ટ્રાફિક સર્કલ વિસ્તારના ટ્રાફિક વ્યવસ્થાપનને વધુ સુગમ બનાવશે, રસ્તા પરની સુરક્ષામાં વધારો કરશે તેમજ અંજાર શહેરના સમગ્ર વિકાસમાં મહત્વનું યોગદાન આપશે.

રાજકીય સંકટો ટળ્યા ત્યાં કુદરતી સંકટ ઉભું થયું!!!

# કાલે ભારત-પાકિસ્તાન વચ્ચેના મેચમાં વરસાદ "વેરી" બનશે?

## મેચ શરૂ થાય તે પહેલા વરસાદની શક્યતા માત્ર ૯ ટકા: કાલે સાંજે ૭ વાગ્યાથી ભારત-પાકિસ્તાન વચ્ચેના હાઈવોલ્ટેજ મુકાબલા નિહાળવા ક્રિકેટ પ્રેમીઓ આતુર

## ભારત અને પાકિસ્તાન વચ્ચે અત્યાર સુધીમાં ૧૬ ટીર૦ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ, ટીમ ઈન્ડિયાએ ૧૨ મેચ જયારે પાકિસ્તાને ફક્ત ત્રણ મેચ જીતી છે




**અબતક, રાજકોટ**

ટીર૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ના બધા ચાહકો કાલે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે ભારત અને પાકિસ્તાન વચ્ચે ગ્રુપ એ મેચ રમાશે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ટીમ ઈન્ડિયાએ ટુર્નામિન્ટમાં અત્યાર સુધી બે મેચ રમી છે, જે બંનેમાં તેણે જીત મેળવી છે. આ દરમિયાન, પાકિસ્તાને નેધરલેન્ડ્સ સામે પોતાનો મુકાબલો ખૂબ જ ઓછા અંતરથી જીત્યો છે, ત્યારબાદ યુએસએ સામે પણ જીત મેળવી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ જે પણ ટીમ જીતશે તે સુપર ૮ માટે ક્વોલિફાય થશે. આ મેચ પહેલા શ્રીલંકાના હવામાન વિભાગે કાલે કોલંબોમાં હવામાન અંગે મહત્વપૂર્ણ હવામાન ચેતવણી જારી કરી છે.

શ્રીલંકાના હવામાન વિભાગે એક ખાસ હવામાન બુલેટિન જારી કરીને ચેતવણી આપી છે કે ૧૫ ફેબ્રુઆરીની આસપાસ દક્ષિણપૂર્વ બંગાળની ખાડી પર ઓછા દબાણનો વિસ્તાર બનવાની સંભાવના છે. નેચરલ હેઝાર્ડ્સ અર્લી વોર્નિંગ સેન્ટરે ૧૩ ફેબ્રુઆરીએ સવારે ૧૦:૩૦ વાગ્યે એક નોટિસ જારી કરીને લોકોને ભવિષ્યની આગાહીઓ અને બુલેટિન પર ધ્યાન આપવા વિનંતી કરી છે. આ ચેતવણી ખેલાડીઓ અને ચાહકો માટે સારા સમાચાર માનવામાં આવતી નથી. હવામાન આગાહી કરનાર એક્યુવેધરએ પણ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં વરસાદની ૯૩ ટકા શક્યતાની આગાહી કરી છે.




ભારત-પાકિસ્તાન મેચ દરમિયાન કોલંબોમાં હવામાન અંગે જે ભારતીય સમય મુજબ સાંજે ૭ વાગ્યે શરૂ થશે, એક્યુવેધર અહેવાલ આપે છે કે તે સમયે વરસાદની શક્યતા માત્ર ૯ ટકા રહેશે. જોકે, સાંજે ૬ વાગ્યે શક્યતા વધીને ૪૯ ટકા થઈ જશે, તેથી ટોસમાં વિલંબ ચોક્કસપણે થઈ શકે છે. જોકે આ સમય પછી વાદળો એકઠા થશે વરસાદનું જોખમ ઘટશે. જો આપણે આ સમય દરમિયાન તાપમાન વિશે વાત કરીએ તો તે ૨૮ થી ૨૬ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહી શકે છે.

### તારિક સામે સાવચેતીપૂર્વક રમવા હરભજનની ટીમ ઈન્ડિયાને સલાહ

પૂર્વ ભારતીય ઓફ-સ્પિનર અને ૨૦૧૧ વર્લ્ડ કપ વિજેતા હરભજન સિંહ ભારત વિરુદ્ધ પાકિસ્તાનની મેચને લઈને મહત્વની સલાહ આપી છે. આ મેચ કોલંબોમાં કાલે રમાનાર છે, જેમાં ભારતીય ટીમનું નેતૃત્વ સૂર્યકુમાર યાદવ કરી રહ્યા છે.

હરભજને કહ્યું કે, ભારત મેચ જીતશે પણ પાકિસ્તાન પાસે એક સ્પિનર છે ઉસમાન તારિક, તે ખૂબ સારો સ્પિનર છે, તેથી તેને સામે સાવચેતીપૂર્વક રમવું પડશે.

તેમણે વધુમાં ઉમેર્યું કે ભારતીય ટીમ ખૂબ જ સારી અને સંતુલિત છે. આપણે આશા રાખીએ છીએ કે ટીમ પોતાની જૂની રીતે રમશે અને કોઈ પ્રેશર વગર, આત્મવિશ્વાસ સાથે અને વિજયનું ઝંડો ફરકાવશે.




### કપિલદેવ-ધોની વાળી સુર્યકુમાર કરી શકશે?

ટીર૦ વર્લ્ડકપમાં શુક્રવારે કોલંબો ખાતે ઝિમ્બાબ્વેની ટીમ મેજર અપસેટ સર્જીને આ વર્લ્ડકપ જીતવાના દાવેદાર પૈકીના એક એવા ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. ઝિમ્બાબ્વેએ આ રીતે ઓસ્ટ્રેલિયાને વર્લ્ડકપ જેવી મેજર ઈવેન્ટમાં ત્રીજીવાર હરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે ઝિમ્બાબ્વે જ્યારે પણ ઓસ્ટ્રેલિયાને હરાવીને અપસેટ સર્જે છે, તે ઈવેન્ટમાં ભારત ચેમ્પિયન બને છે. આ વખતે પણ ભારતને ટાઈટલનું દાવેદાર માનવામાં આવે છે. અગાઉ ૨૦૦૭ના સૌપ્રથમ ટીર૦ વર્લ્ડકપમાં પહેલી જ મેચમાં ઝિમ્બાબ્વેએ ઓસ્ટ્રેલિયાને ૧૩ રનથી હરાવ્યું હતું. તે વખતે મહેન્દ્રસિંહ ધોનીની ટીમ ફાઈનલમાં પાકિસ્તાનને હરાવીને ચેમ્પિયન બની હતી. આ અગાઉ ૧૯૮૩ની નવમી જૂને ઈંગ્લેન્ડના ટ્રેન્ટબ્રિજ ખાતે રમાયેલી મેચમાં પણ ઓસ્ટ્રેલિયા સામે ઝિમ્બાબ્વેનો વિજય થયો હતો. ઝિમ્બાબ્વેની વન ડે કારકિર્દીની તે સૌ પ્રથમ મેચ હતી. અંતે ૨૫મી જૂને કપિલ દેવની ટીમે વેસ્ટ ઈન્ડિઝની ધુરંધર ટીમને હરાવીને વર્લ્ડકપ જીત્યો હતો.

### ભારત-પાકિસ્તાન મેચમાં એડ રેટ્સમાં ૨૫%નો ઉછાળો!

ક્રિકેટના સૌથી મોટા રાઈવલરી મેચ તરીકે ઓળખાતા ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ હંમેશા અભૂતપૂર્વ ઉત્સાહ અને વ્યાપારી તકો લાવે છે. કાલના મેચ માટે ૧૦ સેકન્ડના ટીવી એડ સ્લોટના દર હવે ₹૩૦ થી ₹૪૦ લાખ સુધી પહોંચી ગયા છે. સામાન્ય રીતે મોટા વર્લ્ડ કપ મેચોમાં આ દર ₹૨૦ થી ₹૨૫ લાખની આસપાસ રહેતા હોય છે. એટલે કે, છેલ્લી ઘડીએ ઉપલબ્ધ એડ સ્લોટ્સના દરમાં ઓછામાં ઓછા ૨૦% થી ૨૫%નો ઉછાળો આવ્યો છે.

સિનિયર સ્પોર્ટ્સ એનાલિસ્ટ અને કોમેન્ટેટર નીરજ ઝા કહે છે કે, લાસ્ટ મિનિટ ઈન્વેન્ટરીના દરમાં ૨૦-૨૫%નો જમ્પ આવ્યો છે. આ મેચના દરેક સેકન્ડનું એડ સ્લોટ લેવાઈ જશે. તેઓ અંદાજ મૂકે છે કે બ્રોડકાસ્ટર જીઓસ્ટાર આખા ટુર્નામેન્ટમાંથી લગભગ ₹૨,૦૦૦ કરોડની એડ રેવન્યુ કમાઈ શકે છે.

### ટીમ ઈન્ડિયા માટે વરૂણ અને પાકિસ્તાન માટે તારિક એક્સ ફેક્ટર સાબિત થશે



ભારત અને પાકિસ્તાન વચ્ચેની હાઈ-વોલ્ટેજ મેચમાં વરુણ ચક્રવર્તી અને ઉસ્માન તારિક પર ચાહકો અને નિષ્ણાતોની નજર ટકેલી છે.વરુણ ચક્રવર્તી ભારતના મુખ્ય સ્પિનર છે, જેઓ ટીર૦ આંતરરાષ્ટ્રીયમાં વર્લ્ડ નંબર-૧ બોલર તરીકે જાણીતા છે. તેણે છેલ્લા આઈપીએલ પોતાની બોલિંગમાં ફેરફાર કર્યા છે. સાઈડસ્પિનથી ઓવરસ્પિન તરફ વધુ ધ્યાન આપ્યું છે અને એન્ગલ્સ પર ફોકસ કર્યું છે. તેની બોલિંગ સ્પીડ સરેરાશ ૯. કિમિ પ્રતિકલાક આસપાસ રહે છે, જે અન્ય સ્પિનર્સ કરતાં ઝડપી છે. આ પીચ પર તેની લંબાઈ અને એન્ગલ્સ બેટ્સમેનને મુશ્કેલીમાં મૂકી શકે છે,બીજી તરફ, ઉસ્માન તારિક પાકિસ્તાનનો એક્સ-ફેક્ટર મિસ્ટરી ઓફ-સ્પિનર છે. તેની બોલિંગ એક્શન અનોખી છે તેમાં એક ખાસ પોઝ છે, જે બેટ્સમેનને અચરજમાં મૂકે છે. આ એક્શનને લઈને વિવાદ પણ થયો છે, પરંતુ નિષ્ણાતો જેમ કે એરોન ફિન્ચ કહે છે કે જો આર્મ હોરિઝોન્ટલથી ઉપર હોય તો તે લીગલ છે. ઉસ્માને પાકિસ્તાન સુપર લીગમાં બે વખત સસ્પેક્ટ એક્શન માટે રિપોર્ટ થયા હતા, પરંતુ હવે તે આંતરરાષ્ટ્રીય સ્તરે ધમાલ મચાવી રહ્યો છે.

### ઝિમ્બાબ્વે સામે હાર બાદ ઓસ્ટ્રેલિયન કેપ્ટને પીચનો વાંક કાઢ્યો!

મેચ પછી પીચની સ્થિતિ (સ્લો અને લો બાઉન્સર)ને લઈને ચર્ચા થઈ રહી છે. ઘણા લોકો માને છે કે આવી પીચ પર ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમને મુશ્કેલી પડી. જોકે, ઓસ્ટ્રેલિયન બેટ્સમેન મેટ રેન્શોએ પોસ્ટ-મેચ પ્રેસ કોન્ફરન્સમાં સ્પષ્ટ કહ્યું કે પીચને હારનું કારણ નથી ગણી શકાય. તેમણે કહ્યું કે ક્રિકેટમાં વિવિધ પીચ પર એડજસ્ટ કરવું પડે છે. સબ-કોન્ટિનેન્ટની ટીમો ઓસ્ટ્રેલિયા આવે ત્યારે બાઉન્સ અને પેસ વિશે ફરિયાદ નથી કરતી, તો અમારે પણ આવું જ કરવું જોઈએ.સ્ટેન્ડ-ઈન કેપ્ટન ટ્રેવિસ હેડે પણ કહ્યું કે ટીમે પોતાને પ્રેશરમાં મૂકી દીધી અને પાવરપ્લેમાં વિકેટ્સ ગુમાવી. તેમણે પીચને સીધી રીતે બ્લેમ ન કરી, પરંતુ ટીમના પર્ફોર્મન્સ પર ભાર મૂક્યો.હારથી ઓસ્ટ્રેલિયાની સુપર-૮માં પહોંચવાની આશા પર મોટો પ્રશ્નાર્થ ચિહ્ન લાગી ગયો છે. ઝિમ્બાબ્વે માટે આ ઐતિહાસિક જીત છે, જેણે ટુર્નામેન્ટમાં રોમાંચ વધારી દીધો છે! ક્રિકેટમાં કંઈ પણ શક્ય છે

### ભારત વિરુદ્ધ પાકિસ્તાન હેડ ટુ હેડ રેકોર્ડ

ટીર૦ ઈન્ટરનેશનલમાં ભારત અને પાકિસ્તાન ૧૬ વખત સામસામે આવ્યા છે, જેમાં ટીમ ઈન્ડિયાનું પલડું ભારે રહ્યું છે. ભારતે ૧૩ મેચ જીતી છે જ્યારે પાકિસ્તાને માત્ર ૩ મેચ જીતી છે. ચોક્કસપણે રેકોર્ડ શાનદાર છે, પરંતુ પાકિસ્તાન સામેની આગામી મેચમાં ભારત પર પણ દબાણ રહેશે. આ બંને દેશો માટે પ્રતિષ્ઠાની લડાઈ હોય છે, જેના પર આખી દુનિયાની નજર હોય છે.

### હાર્દિકની એક સલાહ અને ઈશાન કિશનની ધમાકેદાર વાપસી




ભારતીય ક્રિકેટ ટીમના બે મહત્વના ખેલાડીઓ હાર્દિક પંડ્યા અને ઈશાન કિશન વચ્ચેની ભાઈચારાની અને પ્રેરણાદાયી વાતચીત તાજેતરમાં ચર્ચામાં આવી છે. વર્લ્ડ કપ ૨૦૨૬માં નમીબિયા સામેની મેચમાં ઈશાન કિશનની ધમાકેદાર ઈનિંગ (૨૪ બોલમાં ૬૧ રન) બાદ ડ્રેસિંગ રૂમમાં તેમણે હાર્દિક પંડ્યાની આપેલી સલાહ વિશે ખુલાસો કર્યો હતો, જેણે તેમની કરિયરને નવું જીવન આપ્યું.

૨૦૨૪માં બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બહાર થયા બાદ ઈશાન કિશન માટે સમય મુશ્કેલ હતો. રેડ-બોલ અને ઘરેલુ ક્રિકેટમાં કમિટમેન્ટના અભાવના કારણે આ નિર્ણય લેવાયો હતો. આ સમયે હાર્દિક પંડ્યાએ તેમને ખૂબ સપોર્ટ કર્યો અને એક શાનદાર સલાહ આપી, જેના કારણે ઈશાને પોતાનું ફોકસ ફરીથી મેળવ્યું.ઈશાન કિશને જણાવ્યું કે, હું સામાન્ય રીતે ચૂપ રહેવાનો વ્યક્તિ નથી, પણ હાર્દિક ભાઈ સાથે વાત કરતા તેમણે કહ્યું કે, તને નકારાત્મક વિચારોમાં જવું છે કે નહીં, એ તારા હાથમાં છે. કોઈને ફરિયાદ કરવી કે નેગેટિવ થવું એ તારું કામ નથી. જે તારા હાથમાં છે એ કર એટલે ક્રિકેટ રમવું, રન બનાવવા અને જે પણ ટુર્નામેન્ટમાં તક મળે તેમાં સારું પર્ફોર્મ કરવું.

આ સલાહે ઈશાનને માનસિક રીતે મજબૂત બનાવ્યા અને તેઓ ડોમેસ્ટિક ક્રિકેટમાં શાનદાર પર્ફોર્મન્સ કરીને પાછા આવ્યા.

વસતી ગણતરી અંતર્ગત

# ગુજરાતમાં ૨૦ એપ્રીલથી ૧૯મે સુધી ઘર યાદી-મકાનોની ગણતરી કરાશે

## ગણતરીદારો ઘેર-ઘેર સર્વે કરી સ્થિતિ, કુટુંબની અસ્કયામતો અને સુવિધાની માહિતી એકત્રીત કરશે

**અબતક,રાજકોટ**

વસતી ગણતરી અંતર્ગત ગુજરાતમાં આગામી ૨૦ એપ્રીલથી ૨૯મે સુધી ઘર યાદી અને મકાનની ગણતરી હાથ ધરવામા આવશે.

જનગણના અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૪ અને જનગણના નિયમો, ૧૯૯૦ના નિયમ ૩ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકારે તાજેતરમાં રાજ્ય માટે જનગણના અધિકારીઓની નિમણૂંક અંગે એક જાહેરનામું બહાર પાડેલ છે. આ નિમણૂંકિતઓ ૨૦૨૭ની જનગણનાના સફળ સંચાલન તરફ એક મહત્વપૂર્ણ પગલું છે.

નિમણૂંક થયેલ દરેક જનગણના કર્મચારીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ રાજ્યભરમાં જનગણના ઘરયાદીની કામગીરી સરળ, સમયસર અને સચોટ રીતે હાથ ધરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે તેમની ફરજો અત્યંત નિષ્ઠા, જવાબદારી અને સાવચેતીપૂર્વક બજાવે. સરકાર દ્વારા ગુજરાતના લોકોને પણ અપીલ છે કે તેઓ જનગણના અધિકારીઓને તેમનો સંપૂર્ણ સહયોગ આપે અને રાષ્ટ્રીય મહત્વની આ મહત્વપૂર્ણ કવાયતમાં સક્રિયપણે ભાગ લે, જે દેશમાં હાથ ધરવામાં આવતી સૌથી મોટી વહીવટી અને આંકડાકીય કામગીરી છે.

જનગણના ૨૦૨૭ બે અલગ અલગ તબક્કામાં હાથ ધરવામાં આવશે. જેમાં

ઘરયાદી અને મકાનોની ગણતરી એપ્રિલ થી સપ્ટેમ્બર ૨૦૨૬ સુધી અને

વસ્તીની ગણતરી ફેબ્રુઆરી ૨૦૨૭થી હાથ ધરાશે.

ભારત સરકારના ૭ જાન્યુઆરીના ૨૦૨૬ના જાહેરનામાના સંદર્ભમાં, ગુજરાત સરકારે ઘરયાદી અને મકાનોની ગણતરીનો સમયગાળો ફરીથી સૂચિત કર્યો છે અને ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના જાહેરનામાં મુજબ રાજ્યમાં ક્ષેત્રીય કાર્ય ૨૦ એપ્રિલ થી ૧૯ મે ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે.

તાલીમ પામેલા ગણતરીદારો દરેક ઘરની મુલાકાત લઈને વ્યવસ્થિત અને ગુપ્ત રીતે જરૂરી માહિતી એકત્રિત કરશે.

આ તબક્કામાં વ્યાપક ઘર-ઘર સર્વેક્ષણ દ્વારા ઘરની સ્થિતિ, કુટુંબ પાસેની અસ્કયામતો અને સુવિધાઓ અંગેની માહિતી એકત્રિત કરવામાં આવશે.

ઘરયાદીની કામગીરી શરૂ થાય તે પહેલાં, સ્વ-ગણતરી પંદર દિવસ (૦૫ થી ૧૯ એપ્રિલ, ૨૦૨૬)ના સમયગાળા દરમિયાન હાથ ધરવામાં આવશે, જે ઘરયાદીની ક્ષેત્રીય કામગીરી પહેલા તરત જ હાથ ધરવામાં આવશે.


આ સમયગાળા દરમિયાન, લોકોને ડિજિટલ રીતે પોતાની માહિતી સબમિટ કરવાની તક મળશે, જેનાથી સહભાગિતામાં સરળતા રહેશે અને ડેટાની ચોકસાઈમાં સુધારો થશે.

સરકાર પુનરોચ્ચાર કરે છે કે જનગણના દરમિયાન એકત્રિત કરવામાં આવેલી બધી માહિતી ચુસ્તપણે ગુપ્ત રાખવામાં આવશે અને જનગણના કાયદા હેઠળ ફરજિયાત રીતે આંકડાકીય હેતુઓ માટે જ ઉપયોગમાં લેવામાં આવશે.

૨૦૨૭ ની જનગણના સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે ગુજરાતના દરેક રહેવાસીનો સહયોગ મહત્વપૂર્ણ છે. આ કવાયત દ્વારા જનરેટ થયેલ ડેટા રાજ્ય અને રાષ્ટ્રના ભાવિ વિકાસ માર્ગને આકાર આપવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### ખાલિસ્તાન" પન્નુની હત્યાકાંડમાં નિખિલ ગુપ્તાએ "કાવતરૂ" કબૂલ્યું!!!

**વિકાસ યાદવે નામ આવતા સરકારે કહ્યું કે આ કોઈ સરકારી મિશન નહોતું, અધિકારીએ પોતાની રીતે કરેલું 'રોગ ઓપરેશન' હતું**



અમેરિકામાં રહેતા ખાલિસ્તાની સમર્થક ગુરપતવંત સિંહ પન્નુની હત્યા કરવાનું કાવતરું ઘડવાના કેસમાં મોટો વળાંક આવ્યો છે. અત્યાર સુધી પોતાની જાતને નિર્દોષ ગણાવતા ભારતીય નાગરિક નિખિલ ગુપ્તાએ હવે અમેરિકાની કોર્ટમાં પોતાનો ગુનો સ્વીકારી લીધો છે. નિખિલ ગુપ્તા પર આરોપ હતો કે તેણે પન્નુને મારવા માટે એક હિટમેન (સોપારી લેનાર) સાથે ૧ લાખ ડોલરની ડીલ કરી હતી. જોકે, તે હિટમેન ખરેખર અમેરિકાનો છૂપો એજન્ટ હતો. હવે ગુનો કબૂલવાને કારણે નિખિલ ગુપ્તા લાંબી ટ્રાયલ (કોર્ટ કેસ) થી બચી જશે, પણ તેને ૨૧ થી ૨૪ વર્ષની જેલની સજા થઈ શકે તેમ છે. આ કેસમાં વિકાસ યાદવ નામના પૂર્વ ભારતીય અધિકારીનું નામ જોડાયેલું છે. અમેરિકાનો દાવો છે કે વિકાસ યાદવે જ નિખિલને આ કામ સોંપ્યું હતું. જ્યારે ભારત સરકારનું કહેવું છે કે આ કોઈ સરકારી મિશન નહોતું, પણ કોઈ અધિકારીએ પોતાની રીતે કરેલું 'રોગ ઓપરેશન' (મનસ્વી કૃત્ય) હતું.

### ૧,૦૦૦ થી વધુ પાઈલટોની એકી સાથે ભરતી કરશે ઈન્ડિગો

**કંપનીમાં ટ્રેની ઓફિસરથી લઈને સિનિયર કેપ્ટન સુધીના તમામ હોદ્દાઓ માટે જગ્યાઓ બહાર પાડવામાં આવી છે**

**અબતક દિલ્હી**

ભારતની સૌથી મોટી એરલાઈન કંપની, IndiGo, એક સાથે ૧,૦૦૦ થી વધુ પાઈલટની ભરતી કરવા જઈ રહી છે. આ ભારતીય વિમાન ક્ષેત્રની અત્યાર સુધીની સૌથી મોટી ભરતીઓમાંથી એક છે. કંપનીમાં ટ્રેની ઓફિસરથી લઈને સિનિયર કેપ્ટન સુધીના તમામ હોદ્દાઓ માટે જગ્યાઓ બહાર પાડવામાં આવી છે. નવાઈની વાત એ છે કે, જો




પાઈલટ પાસે એરબસ A૩૨૦ ચલાવવાનો અનુભવ ન હોય, તો પણ કંપની તેમને નોકરી પર રાખવા તૈયાર છે.IndiGo તેની ઓપરેશનલ સિસ્ટમને મજબૂત કરવા માંગે છે.

DGCA ની તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપની પાઈલટો પાસે વધુ કામ લેતી હતી અને તેમની પાસે પૂરતા 'બેકઅપ' પાઈલટ નહોતા. હવે કંપની ૧૫% જેટલા પાઈલટને 'સ્ટેન્ડબાય' (વધારાના) રાખશે જેથી ભવિષ્યમાં ફ્લાઈટ્સ રદ ન થાય અને મુસાફરોને હાલાકી ન ભોગવવી પડે.

#### ભરતી કેમ કરવી પડી?


ગયા વર્ષે ડિસેમ્બરમાં પાઈલટની અછતને કારણે કંપનીએ ૭ દિવસમાં ૫,૦૦૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવી પડી હતી.

સરકારએ પાઈલટના આરામ માટે નવા કડક નિયમો બનાવ્યા છે, જેના કારણે હવે એરલાઈન્સને પહેલા કરતા વધુ પાઈલટની જરૂર પડી રહી છે. IndiGo દર મહિને આશરે ૪ નવા વિમાનો પોતાના કાફલામાં ઉમેરે છે, જેની સામે પાઈલટની સંખ્યા ઓછી પડી રહી હતી.

### "ગિફ્ટ સિટી"ના ચેરમેન પદે ઉદય કોટક નિમાયા

**તેઓએ કોટક મહિન્દ્રા ગ્રુપને શૂન્યમાંથી બેન્કિંગ, વીમો અને સ્ટોક બ્રોકિંગ જેવા અનેક ક્ષેત્રોમાં ભારતની અગ્રણી કંપની બનાવી**

**અબતક, રાજકોટ**




ગુજરાતના ડ્રીમ પ્રોજેક્ટ અને ભારતના પ્રથમ ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સર્વિસ સેન્ટર, ગિફ્ટ સિટીને હવે એક નવું અને અનુભવી નેતૃત્વ મળ્યું છે. ભારતીય બેન્કિંગ ક્ષેત્રના માંધાતા અને કોટક મહિન્દ્રા બેન્કના સ્થાપક ઉદય કોટકની ગિફ્ટ સિટીના ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી છે. રાજ્ય સરકારનો આ નિર્ણય ગિફ્ટ સિટીને વૈશ્વિક આર્થિક નકશા પર વધુ મજબૂત બનાવવાની દિશામાં એક માસ્ટરસ્ટ્રોક માનવામાં આવે છે.

તેમણે કોટક મહિન્દ્રા ગ્રુપને શૂન્યમાંથી બેન્કિંગ, વીમો અને સ્ટોક બ્રોકિંગ જેવા અનેક ક્ષેત્રોમાં ભારતની અગ્રણી કંપની બનાવી છે. ૨૦૧૭માં સેબી દ્વારા રચાયેલી કોર્પોરેટ ગવર્નન્સ કમિટીના તેઓ અધ્યક્ષ હતા, જેમાં તેમણે કંપનીઓના વહીવટમાં પારદર્શિતા લાવવા માટે મોટા સુધારા સૂચવ્યા હતા. તેમણે મુંબઈની જમનાલાલ બજાજ ઈન્સ્ટિટ્યૂટમાંથી મેનેજમેન્ટનો અભ્યાસ કરેલો છે.

# હાલાર પંથકમાં જીરૂના પાક પર વાતાવરણની અસર: ધારણા કરતા અડધું ઉત્પાદન થવાની ભીતિ

## મોંઘા બિયારણ અને દવાનો ખર્ચ માથે પડ્યો; વીઘે રૂ. ૧૨,૦૦૦ના ખર્ચ સામે ૬૦ ટકા પાક નિષ્ફળ જવાનો ખેડૂતોનો દાવો

### શિયાળામાં પ્રમાણસહ ઠંડી ન પડતા જીરૂમાં ફ્લાવરિંગ જ બરાબર ન થયું: કાનજીભાઈ પટેલ



અબતક સાથેની વાતચીતમાં કાનજીભાઈ પટેલે જણાવ્યું હતું કે શિયાળામાં ઠંડી જ ન પડી, જેને કારણે જીરૂમાં ફ્લાવરિંગ જ બરાબર ન થયું. હવે કારિયો રોગ આવી ગયો છે. ૬૦ ટકા પાક તો અત્યારે જ નિષ્ફળ ગયો છે. સરકાર ખેડૂતોની સ્થિતિ સમજે અને સર્વે કરીને વળતર આપે તેવી માંગ છે.


જામનગર અને દેવભૂમિ દ્વારકા સહિતના હાલાર પંથકને જીરૂના ગઢ તરીકે ઓળખવામાં આવે છે. અહીંના ખેડૂતો માટે જીરૂ એ માત્ર પાક નથી, પરંતુ આર્થિક સમૃદ્ધિનું મુખ્ય સાધન છે. પરંતુ આ વર્ષે કુદરત ખેડૂતો સામે રૂઠી હોય તેમ વાતાવરણની પ્રતિકૂળતાએ જીરૂ પકવતા ખેડૂતોની કમર તોડી નાખી છે. શિયાળાની અણધારી પેટર્ન અને રોગચાળાને કારણે જીરૂના ઉત્પાદનમાં તોતિંગ ઘટાડો થવાની ભીતિ સેવાઈ રહી છે, જેના કારણે ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

હાલાર પંથકના ખેડૂતોના જણાવ્યા અનુસાર, આ વર્ષે શિયાળા દરમિયાન નહીવત ઠંડી પડી છે, જે જીરૂના પાક માટે અત્યંત નુકસાનકારક સાબિત થઈ છે. જીરૂના પાકને યોગ્ય પ્રમાણમાં ઠંડી અને ઝાકળની જરૂર હોય છે, જે આ વર્ષે મળ્યું નથી. તેની સામે, હાલ જયારે પાક તૈયાર થવાની અણી પર છે, ત્યારે બપોરના સમયે કાળઝાળ તડકો પડી રહ્યો છે. વળી, અમુક સમયે વાદળછાયું વાતાવરણ અને ઝાકળ વર્ષાને કારણે જીરૂના છોડનો ધાર્યો વિકાસ થયો નથી.

વાતાવરણમાં આવતા સતત બદલાવને લઈ જીરૂના પાકમાં 'સુકારો' અને 'કારિયો' નામના ગંભીર રોગોએ દેખા દીધી છે. ખેડૂતો જણાવી રહ્યા છે કે, આ રોગચાળાને કારણે જીરૂના છોડ જમીન પર ઢળી પડ્યા છે અને તેની ગુણવત્તામાં પણ મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે. ગુણવત્તા નબળી હોવાને કારણે બજારમાં જીરૂના ભાવમાં પણ મોટો ઘટાડો નોંધાઈ રહ્યો છે, જે ખેડૂતો માટે બેવડો ફટકો છે.



### 'સુકારો' અને 'કારિયો' નામના ગંભીર રોગોથી જીરૂના પાકને નુકસાન ખેડૂત: પ્રવીણભાઈ



અબતક સાથેની વાતચીતમાં ખેડૂત પ્રવીણભાઈ એ જણાવ્યું હતું કેઅમે એક વીઘે ૧૨ થી ૧૫ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે. જીરૂની ગુણવત્તા એટલી ખરાબ થઈ ગઈ છે કે . ધાર્યું હતું કે આ વખતે પાક સારો થશે, પણજીરૂના પાકમાં 'સુકારો' અને 'કારિયો' નામના ગંભીર રોગોએ દેખા દીધી છે. કુદરતે બધું બગાડી નાખ્યું છે. હવે તો ખર્ચ પણ નીકળે તેમ લાગતું નથી.

ખેડૂતોએ એક વીઘામાં જીરૂના વાવેતર માટે મોંઘા બિયારણ, ખાતર, દવાઓ અને મજૂરી પાછળ આશરે ૧૨,૦૦૦ રૂપિયા જેટલો તોતિંગ ખર્ચ કર્યો હતો. ખેડૂતોએ આ પાકને જીવની જેમ સાચવીને તૈયાર કર્યો હતો, પરંતુ અંતની ઘડીએ વાતાવરણની માર અને રોગચાળાને કારણે ૬૦ ટકા જેટલો પાક નિષ્ફળ ગયો હોવાની સ્થિતિ સર્જાઈ છે. ખર્ચ પણ નીકળવો મુશ્કેલ હોવાથી ખેડૂતોને માથે ઓઢીને રોવાનો વારો આવ્યો છે.

# બ્રહ્મસમાજ દ્વારા ૧૨ જ્યોતિર્લિંગ પર એક સાથે ૧૦૮ કુંડી 'કોટિ રૂદ્ર મહાયાગ'નું આયોજન



કળિયુગમાં પ્રથમ વખત, જામનગરના સમસ્ત બ્રહ્મસમાજ સંગઠન દ્વારા એક અત્યંત ઐતિહાસિક અને અભૂતપૂર્વ ધાર્મિક આયોજન કરવામાં આવી રહ્યું છે. જામનગરના બ્રહ્મસમાજ સંગઠન દ્વારા લાખો વર્ષો પછી કળિયુગમાં સર્વપ્રથમ વખત આયોજિત થનારા ''દ્વાદશ જ્યોતિર્લિંગ કોટી રૂદ્ર મહાયાગ યજ્ઞમાળા'' ની અદભૂત ઘટના બનવા જઈ રહી છે. આગામી ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી, ભારતના તમામ પાવનતીર્થ ગણાતા બારેય જ્યોતિર્લિંગોના સ્થળે સમાંતર રીતે આ મહાયજ્ઞ યોજાશે.

આ ભગીરથ આયોજનમાં બારેય જ્યોતિર્લિંગો ખાતે કુલ મળીને ૧૦૮ કુંડી યજ્ઞમાળા રચવામાં આવી છે, જેમાં પસંદગી પામેલા બ્રાહ્મણ દંપતીઓ યજમાનપદે જોડાશે. યજ્ઞમાળાના તમામ નવેય દિવસ દરમિયાન કર્મકાંડી ભૂદેવોના રૂદ્રાષ્ટક્મ ના પાઠ સાથે સવારે ૯ થી ૧ અને બપોરે ૩ થી ૭ એમ દરરોજ આઠ કલાક યજ્ઞમાં આહૂતિ અપાશે. આ મહાયજ્ઞનું કેન્દ્રીય સ્થાન દેવભૂમિ દ્વારકા પાસેનું નાગેશ્વર જ્યોતિર્લિંગ રહેશે, જ્યાંથી અન્ય તમામ જ્યોતિર્લિંગના સ્થાનિક આચાર્યોને જીવંત માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

આ ભગીરથ કાર્યના મુખ્ય આયોજક અને સંગઠનના પ્રમુખ હર્ષદભાઈ જી. વ્યાસ છે. નોંધનીય છે કે, છેલ્લા એક દાયકાથી પોતાની બંને આંખની દ્રષ્ટિ ગુમાવી ચૂકેલા હર્ષદભાઈએ આ મહાયજ્ઞને સફળ બનાવવા માટે પરિવારજનોની મદદથી તમામ જ્યોતિર્લિંગોની બે વખત રૂબરૂ મુલાકાત લીધી છે અને છેલ્લા છ મહિનાથી તડામાર તૈયારીઓ આરંભી હતી.

આ યજ્ઞમાં બ્રાહ્મણ દંપતીઓ યજમાન તરીકે જોડાશે, પરંતુ અન્ય શિવભક્તો પણ પરંપરાગત વસ્ત્રો પહેરીને કોઈપણ નજીકના જ્યોતિર્લિંગ પર જઈને આહુતિ આપી શકશે. આ ઉપરાંત, આયોજકો દ્વારા ગામડે-ગામડે શિવાલયોમાં સમાંતર યજ્ઞ યોજવાનો પણ અનુરોધ કરવામાં આવ્યો છે. સમગ્ર કાર્યક્રમનું 'બ્રહ્મવિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ-જામનગર' ની યુ-ટ્યુબ ચેનલ પર જીવંત પ્રસારણ કરવામાં આવશે.

# દ્વારકાના પૌરાણિક ભડકેશ્વર મહાદેવ મંદિરે મહાશિવરાત્રીએ લોકમેળો



**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા:** દ્વારકામાં રવિવારે મહાશિવરાત્રિના પાવન પર્વે સમુદ્રની જળરાશિ વચ્ચે ઘેરાયેલા શ્રી ભડકેશ્વર મહાદેવના પૌરાણિક શિવાલયે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય લોકમેળો યોજાશે. રવિવારે વહેલી સવારના ચાર વાગ્યાથી ભાવિકો મંદિરે પહોંચી દૂગ્ધાભિષેક, જળાભિષેક, તીર્થજલ અર્પણ કરી ધન્યતા અનુભવશે. આ ઉપરાંત સવારથી રાત્રિ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો તથા શિવરાત્રિ વિશેષ મહાઆરતી તેમજ લોકમેળા સહિતના આયોજનો થયેલ છે. મંદિર સામેના પટાંગણમાં યોજાનાર લોકમેળામાં વિવિધ પ્રકારની રાઈડસ ગોઠવાઈ ચુકી છે.

# ઈન્ડિયન લાયોનેસ ક્લબનું પ્રેરક સ્નેહમિલન યોજાયું



જામનગરમાં સામાજીક સેવા અને સંગઠનક્ષેત્રે અગ્રણી ઈન્ડિયન લાયોનેસ - જામનગરે પોતાની સ્નેહમિલન ડિનર પાર્ટી હોટેલ પ્લેટ ખાતે સફળતાપૂર્વક યોજી. કાર્યક્રમનું આયોજન કલબના પ્રેસિડેન્ટ હંસાબેન રાવલ, સેક્રેટરી વર્ષાબેન ખીરા, ટ્રેઝરર નયનાબેન દવે અને પાસ્ટ પ્રેસિડેન્ટ અલકાબેન વિઠલાણીના માર્ગદર્શન હેઠળ થયું.

આ પ્રસંગમાં કિરણબેન સુવા દ્વારા પ્રાણાયામ અને મેડિટેશનની તકનીકો વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું, તેમજ સભ્યોને પ્રાણાયામ કરાવવાનું તાલીમપ્રદ સત્ર યોજાયું. સાથે જ કલબના સભ્ય નિકીતાબેનને ભાજપ મહિલા મોરચાના મહામંત્રી પદે નિમણૂક મળતાં તેમના સન્માન માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમ દરમિયાન સભ્યો વચ્ચે સ્નેહ અને સંગઠનના મહત્વની ભાવના વધારતા, એક પોઝિટિવ અને પ્રેરણાદાયી વાતાવરણ સર્જાયું, જે કલબના સામાજીક કાર્યો અને સભ્યોની જોડાણશક્તિને ઉજાગર કરે છે.

# ત્રણ મામલતદાર અને બે તાલુકા વિકાસ અધિકારીની બઢતી

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ દ્રારા જામનગર સહિત રાજ્યમાં ૨૪ મામલતદારોને બઢતી સાથે નિમણુંકનો આદેશ કરવામાં આવ્યો છે. જેમાં જામનગર જિલ્લાના ૩ મામલતદારોને બઢતી સાથે નિમણૂક કરવામાં આવી છે.

ગાંધીનગર મહેસુલ વિભાગ દ્વારા સીધી બઢતી સાથે નિમણુંકનો આદેશ કરવામાં આવ્યો છે. જેમાં જામનગર જિલ્લાના ૩ સહિત કુલ ૨૪ મામલતદારને બઢતી આપવામાં આવી છે. જેમાં જોડિયા મામલતદાર તરીકે જીનેશ મહેતા, કાલાવડ મામલતદાર તરીકે. ભાવેશ ત્રિવેદી અને જામનગર સીટી મામલતદાર તરીકે સિદ્ધાર્થ ત્રિવેદીને બઢતી સાથે નિમણુંકનો આદેશ કરવામાં આવ્યો છે.

જામનગર સહિત રાજ્યમાં જુદી જુદી તાલુકા પંચાયત કચેરીમાં ૨૩ તાલુકા વિકાસ અધિકરી તરીકે બઢતી સાથે નિમણુંકનો આદેશ રાજ્યના પંચાયત વિભાગ દ્રારા કરવામાં આવી છે. જેમાં જામનગર જિલ્લામાં બે તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીનો સમાવેશ થાય છે. જેમાં જોડીયા તાલુકા પંચાયતમાં ટીડીઓ તરીકે બ્રિજેશ સોજીત્રા અને જામનગર તાલુકા પંચાયતમાં અલ્પેશ જોશીને તાલુકા વિકાસ અધિકારી તરીકે બઢતી સાથે નિમણૂક કરવાનો આદેશ કર્યો છે.

# ગેરકાયદેસર લગાવેલા ૫૭ બોર્ડ ઉતારીને જપ્ત કરાયા

જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાની ટીમ દ્વારા શહેરમાં આડેધડ મંજુરી લીધા વગર જાહેરાતના બિયોસ્ક બોર્ડ, બેનરો દુર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. છેલ્લા બે-ત્રણ દિવસમાં ૧૫૭ જેટલા કિયોસ્ક બોર્ડ ઉતારીને જપ્ત કરવામાં આવ્યા હતા.

શહેરમાં ધંધાર્થીઓ દ્વારા જાહેર માર્ગ પર મહાનગરપાલિકાની મિલકતોમાં આડેધડ મુકાયેલા જાહેરાતના બોર્ડ અને બેનરોને જપ્ત કરવાની જામ્યુકોની દબાણ હટાવ શાખાએ કામગીરી હાથ ધરી છે. છેલ્લા ત્રણ-ચાર દિવસથી શહેરના રણજીતસાગર રોડ, એસ.ટી.ડેપો રોડ, ખંભાળિયા નાકાના બહારના રોડ, તેમજ લાલ બંગલાથી ટાઉન હોલ, સાત રસ્તા સુધીના જુદા જુદા વિસ્તારોમાં ગેરકાયદે જાહેરાતના બોર્ડ, બેનરો હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં આજે રણજીતસાગર રોડ પર કામગીરી હાથ ધરીને અંદાજે ૪૮ જેટલા કિયોસ્ક બોર્ડ, બેનરો જપ્ત કરવામાં આવ્યા હતા. છેલ્લા ત્રણેક દિવસમાં ૧૫૭ જેટલા બોર્ડ અને બેનરો દુર કરવામાં આવ્યા હતા.

# જોડિયાના નેસડા ગામમાં મળી માધ્યમિક શાળાની મંજુરી

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના નેસડા ગામ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારો માટે શિક્ષણ ક્ષેત્રે એક ખૂબ જ મોટા અને આનંદના સમાચાર સામે આવ્યા છે. લાંબા સમયની રજૂઆતો અને સ્થાનિકોની સતત મહેનત બાદ આખરે રાજ્ય સરકાર દ્વારા નેસડા ગામમાં માધ્યમિક શાળાને મંજૂરી આપી દેવામાં આવી છે.શિક્ષણ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે મંજૂર કરવામાં આવેલી RMSA (રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન) શાળાઓની યાદીમાં નેસડા પ્રાથમિક શાળાનો સમાવેશ થતા હવે આ વિસ્તારના બાળકોને પોતાના જ ગામમાં માધ્યમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ થશે. આગામી જૂન-૨૦૨૬થી શાળામાં ધોરણ ૯ અને ૧૦ ના વર્ગો વિધિવત રીતે શરૂ કરી દેવામાં આવશે, જેનો સીધો લાભ નેસડા સહિત આસપાસના ગામોના ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોના બાળકોને મળશે.

અત્યાર સુધી માધ્યમિક શિક્ષણ મેળવવા માટે વિદ્યાર્થીઓએ અન્ય મોટા ગામો કે શહેરો સુધી લાંબુ અંતર કાપવું પડતું હતું, જેના કારણે ખાસ કરીને દીકરીઓના અભ્યાસમાં મુશ્કેલી પડતી હતી, જે સમસ્યાનો હવે કાયમી ઉકેલ આવ્યો છે.આ મહત્વપૂર્ણ સિદ્ધિ બદલ નેસડા ગામના સરપંચ રાજુભાઈ મકવાણાએ હર્ષની લાગણી વ્યક્ત કરતા સરકાર અને શિક્ષણ વિભાગનો હૃદયપૂર્વક આભાર માન્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ''આ માધ્યમિક શાળા ગામના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પાયાનો પથ્થર સાબિત થશે.'' આ સફળતા બદલ ગામના આચાર્ય , શિક્ષકો અને સમગ્ર ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને સૌએ એકબીજાને અભિનંદન પાઠવ્યા છે.

# કાલાવડના નાના વડાળામાં ધારાસભ્ય મેઘજી ચાવડાના હસ્તે આયુર્વેદિક હોસ્પિટલનું ખાતમુહુર્ત

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**



રાજ્ય સરકાર દ્વારા છેવાડાના ગામડાઓ સુધી આરોગ્ય સુવિધાઓ પહોંચાડવાના અભિગમ હેઠળ કાલાવડ તાલુકાના નાના વડાળા ગામે નવી આયુર્વેદિક હોસ્પિટલનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. આ હોસ્પિટલનું નિર્માણ થવાથી નાના વડાળા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકોને આયુર્વેદિક સારવારનો સીધો લાભ ઘરઆંગણે મળી રહેશે. આ હોસ્પિટલનું ખાતમુહુર્ત કાલાવડ-ધ્રોલ વિસ્તારના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાના હસ્તે શાસ્ત્રોકત વિધિ સાથે કરવામાં આવ્યું હતું. આ તકે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, સરકાર ગ્રામીણ જનતાના સ્વાસ્થ્ય માટે કટિબદ્ધ છે અને આ આયુર્વેદિક હોસ્પિટલ આ વિસ્તાર માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ કાર્યક્રમમાં કાલાવડ તાલુકા ભાજપ પ્રમુખ સંજયભાઈ ડાંગરીયા, મહામંત્રી ભાવેશભાઈ વિરડીયા, અંબાલાલસિંહ જાડેજા, જિલ્લા પંચાયત શાસક પક્ષના નેતા શ્રી જગદીશભાઈ સાંગાણી, જીલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા જે પી મારવિયા, જીલ્લા કોંગ્રેસ અગ્રણી જે ટી પટેલ , તાલુકા પંચાયત જીજ્ઞેશભાઈ સાવલિયા, નાના વડાળા ગામના સરપંચ સુરેશભાઈ ગોલતર અને ઉપસરપંચ કિશોરભાઈ મારકણા, જિલ્લા બક્ષીપંચ મોરચાના મહામંત્રી લાલજીભાઈ ટોયટા, જિલ્લા ભાજપના યુવા મોરચાના પૂર્વ પ્રમુખ ભૂમિતભાઈ ડોબરીયા, તાલુકા પંચાયતના પ્રમુખના પ્રતિનિધિ જેન્તીભાઈ પાનસુરીયા સહિતના ભાજપ અગ્રણીઓ અને ગ્રામ પંચાયતના સદસ્યો હાજર રહ્યા હતા. આરોગ્ય વિભાગ તરફથી આયુર્વેદ મેડિકલ ઓફિસર શ્રી દર્શનાબા જાડેજા અને આયુર્વેદ અધિકારી હિરેનભાઈ ઠક્કર દ્વારા હોસ્પિટલની કાર્યપદ્ધતિ અંગે વિગતો આપવામાં આવી હતી.

# શ્રીમાળી બ્રાહ્મણ યજુર્વેદી માધ્યાંદિની શાખા દ્વારા કાલે રૂદ્રીપાઠ અને શિવવિવાહ

જામનગરમાં શ્રીમાળી બ્રાહ્મણ યજુર્વેદી માધ્યાંદિની શાખા દ્વારા ભક્તિ અને પરંપરાના માર્ગે શિવરાત્રિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૫ ફેબ્રુઆરીના દિવસે આ કાર્યક્રમની શરૂઆત સવારે ૮.૩૦ કલાકે ૩૧ દંપતિઓ (યજમાનો) દ્વારા રુદ્રીપાઠથી થશે. ત્યારબાદ સાંજે ૪.૩૦ કલાકે શિવવિવાહનો ઐતિહાસિક અને ધાર્મિક કાર્યક્રમ યોજાશે.

રૂદ્રીપાઠના ખર્ચ માટે સ્વ. જસવંતરાય ઈશ્વરલાલ શુક્લ અને સ્વ. મનસુખલાલ ઈશ્વરલાલ શુક્લ પરિવારના સહયોગ મળ્યા છે, જ્યારે શિવવિવાહનો ખર્ચ સ્વ. શાંતિલાલ વિશ્વનાથ ભટ્ટ પરિવારના સહયોગથી પુરો કરવામાં આવ્યો છે.

આ ઉત્સવમાં તમામ જ્ઞાતિજનોને ઉપસ્થિત રહેવા પ્રમુખ દીપકભાઈ દવે દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ભક્તો માટે આ પવિત્ર તહેવાર ભક્તિભાવ સાથે ઉજવવાનો અનોખો અવસર છે.

# આરએસપીએલ ગ્રુપના સોકા પ્લાન્ટમાં સોડા એશની ઉત્પાદન ક્ષમતા ૧૦ લાખ ટન સુધી વધારવાનો લક્ષ્યાંક





**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

આરએસપીએલ ગૃપની ઔદ્યોગિક અને કેમીકલ યુનિટ સોકા (એસઓકેએ) ને પર્યાવરણ મંજુરી મળ્યા બાદ ગુજરાતના દરિયાકાંઠે સ્થિત તેના પ્લાન્ટમાં સોડા એશ ઉત્પાદન ક્ષમતા ડબલ કરીને વાર્ષિક ૧૦ લાખ ટન સુધી પહોંચાડવાનો માર્ગ મોકળો થયો છે. હાલની ૫ લાખ ટન ક્ષમતાને વધારીને પ્રથમ તબ્બકામાં આગામી બે વર્ષમાં ૭.૫ લાખ ટન સુધી પહોંચાડવાની યોજના છે તેમજ સોડીયમ બાયકાર્બોનેટ (એસબીસી) ઉત્પાદન પણ શરૂ કરાશે. અંદાજ મુજબ સોકા (એસઓકેએ) નજીકના ભવિષ્યમાં ૧(એક) મીલીયન ટન ઉત્પાદન ક્ષમતાના તેના વિઝનને સંપૂર્ણ રીતે સાકાર કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ વિસ્તરણથી આશરે ૨૦૦૦ નવી રોજગારીઓનું સર્જન થવાનું અનુમાન છે અને ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ મળશે. સોકા દ્વારા ઉત્પાદિત સોડા એશનો ઉપયોગ ડીટર્જન્ટ, ગ્લાસ, સોલર ગ્લાસ, ટેક્ષટાઈલ, કેમીકલ અને અન્ય ઉદ્યોગોમાં થાય છે જે દેશના ઔદ્યોગિક ઈકોસિસ્ટમને મજબૂત બનાવશે. સોકા ૨૦૧૯ થી દ્વારકા જિલ્લામાં કાર્યરત છે અને આજના સમયમાં લગભગ ૫૦ દેશોમાં નિકાસ કરીને વૈશ્વિક બજારમાં પોતાની મજબૂત હાજરી દર્શાવે છે. આ વિસ્તરણ મેક ઈન ઈન્ડીયા દ્રષ્ટિકોણને આગળ વધારશે અને સ્વનિર્ભરતા તેમજ ટકાઉ ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપશે.

# “ગ્રેઈન એટીએમ”: માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો સુધી અનાજ મળશે

## જાહેર વિતરણ વ્યવસ્થામાં સબસીડી અંતર્ગત લાભાર્થીઓના ડિજિટલ વોલેટમાં ટોકન મળશેઃ જેનાથી માલ ખરીદી શકાશે

**અબતક, રાજકોટ**


ગરીબોના હકનું અનાજ બારોબાર પગ કરી જતુ અટકશે સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી આધારિત જાહેર વિતરણ વ્યવસ્થાનો આવતીકાલે શુભારંભ કરવામાં આવશે.

ગુજરાત સરકારના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા રાજ્યની જાહેર વિતરણ વ્યવસ્થાને સંપૂર્ણપણે ડિજિટલ અને પારદર્શક બનાવવા માટે અનેક લોકકલ્યાણકારી પ્રકલ્પોનો શુભારંભ કરવામાં આવશે. કાલે રવિવારે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના હસ્તે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી આ વિવિધ નવતર પ્રકલ્પોનો પ્રારંભ થશે.

સીબીડીસી આધારિત પારદર્શક વિતરણ વ્યવસ્થા તેમજ ૧ કિ.ગ્રા પેકિંગમાં કઠોળ વિતરણ યોજના, ’સુપોષિત ગરુડેશ્વર તાલુકો’ અભિયાન તથા અન્નપૂર્તિ ગ્રેઈન એટીએમ જેવા વિવિધ પ્રકલ્પોનો મહાનુભાવોના હસ્તે પ્રારંભ થશે. વધુમાં, ગ્રાહકોના હિતોના રક્ષણ અને પારદર્શિતા વધારવા માટે Care Rating અને કન્ઝ્યુમર એજ્યુકેશન એન્ડ રિસર્ચ સેન્ટર સાથે ઐતિહાસિક સમજૂતી કરાર કરવામાં આવશે, જેના દ્વારા રાજ્યમાં ’કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ’ અને વિવાદોના ઝડપી નિરાકરણ માટેની નવી વ્યવસ્થા અમલમાં આવશે.

સીબીડીસી આધારિત પારદર્શક વિતરણ વ્યવસ્થા, “ ભારતીય રિઝર્વ બેંક દ્વારા અધિકૃત સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સીનો ઉપયોગ કરી જાહેર વિતરણ વ્યવસ્થામાં સબસિડી ટ્રાન્સફર કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બનશે.

પંજાબ નેશનલ બેંક દ્વારા વિકસિત આ સિસ્ટમાં



આધાર બેઝડ પ્રણાલીથી લાભાર્થીને તેમના ડિજિટલ વોલેટમાં ટોકન મળશે, જેમાં વસ્તુનું નામ, વજન અને કિંમતની જાણકારી હશે. સ્માર્ટફોન ધારકો ક્યુઆર કોડથી અને ફીચર ફોન ધારકો ઓટીપી દ્વારા અત્યાધુનિક પદ્ધતિથી અનાજ મેળવી શકશે.

આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ અમદાવાદ શહેરનો સાબરમતી ઝોન, સુરત, આણંદ અને વલસાડના ૨૬,૩૩૩ પરિવારોને આવરી લેવાયા છે.

રાજ્યના એનએફસીએ પરિવારોને પ્રોટીનયુક્ત આહાર પૂરો પાડવા માટે હવેથી તુવેરદાળ અને ચણાનું વિતરણ છૂટકને બદલે ૧ કિલોના સ્ટાન્ડર્ડ સીલ પેકિંગમાં કરાશે. જેનાથી શુદ્ધતા અને ગુણવત્તા જળવાઈ રહેશે.

બેંક એટીએમની જેમ જ ૨૪ કલાક અનાજ ઉપલબ્ધ કરાવવા માટે સાબરમતી ઝોન, અમદાવાદ ખાતે ’ગ્રેઈન એટીએમ’ શરૂ કરાશે. માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો સુધીનું અનાજ મેળવી શકાશે, જેનાથી વિતરણ વ્યવસ્થામાં સચોટતા અને ઉચ્ચ ગુણવત્તાના ધોરણો પ્રસ્થાપિત થશે.

ગ્રાહક સુરક્ષા અને પારદર્શિતા માટે એમઓયુ થશે

ગ્રાહક હિતોના રક્ષણ માટે બે મહત્વના કરાર થશે. જેમાં કેર રેટીંગ અને સાથે મળીને કંપનીઓના રેટિંગ માટે ’કન્ઝ્યુમર રિસ્પોન્સિબિલિટી ઈન્ડેક્સ’ તૈયાર કરાશે.

ખાદ્ય સુરક્ષાથી પોષણ સુરક્ષા તરફ ડગલું માંડતા, ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા લિમિટેડના સીએસઆર ફંડમાંથી રૂ.૧.૬૫ કરોડના ખર્ચે નર્મદાના ગરુડેશ્વર તાલુકાને કુપોષણ મુક્ત કરવાનું અભિયાન શરૂ કરાશે.

આ પ્રોજેક્ટ હેઠળ બે મોડેલ (અનુ. આઠમા પાને)

**તુવેરદાળ અને ચણા લુઝ આપવાના બદલેએક કિલોના સ્ટાંડર્ડ સીલ પેકમાં મળશેઃ કાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે સીબીડીસી આધારીત વિતરણ વ્યવસ્થાનો આરંભ**

# વિધાનસભાના બજેટ સત્રનો સોમવારથી આરંભઃ ૨૫ માર્ચ સુધી ચાલશે

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રત ગૃહમાં સંબોધન કરશેઃ બુધવારે નાણામંત્રી કનુભાઈ દેસાઈ અંદાજપત્ર રજૂ કરશે

### સીએમ અને ડે. સીએમ હસ્તકના વિભાગોને લગતા જવાબો અન્ય મંત્રી આપશે

વિધાનસભાના બજેટ સત્રમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી વતી કયાં મંત્રીઓ જવાબ આપશે તે નકકી કરી લેવામાં આવ્યું છે. સીએમ હસ્તકના વિભાગોનાં જવાબ મંત્રી જીતુભાઈ વાઘાણી, ઋષિકેશભાઈ પટેલ, અર્જુનભાઈ મોઢવાડિયા, ઈશ્વરસિંહ પટેલ અને સંજયભાઈ મહિડા જવાબ આપશે. જયારે નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના પ્રશ્નોના જવાબ મંત્રી કમલેશભાઈ પટેલ, પ્રવિણભાઈ માળી, કૌશિકભાઈ વેકરીયા અને જયરામભાઈ ગામીત આપશે.

**અબતક, રાજકોટ**

ગુજરાત વિધાનસભામાં આગામી સોમવારથી બજેટ સત્રનો આરંભ થશે. જે ૨૫મી માર્ચ સુધી ચાલશે. બજેટ સત્રના આરંભ બાદ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ગૃહમાં સંબોધન કરશે. નાણામંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા બુધવારે વર્ષ-૨૦૨૬/૨૦૨૭નું અંદાજપત્ર રજૂ કરવામાં આવશે.

પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં ગુજરાત રાજ્યના પૂર્વ મંત્રી સ્વ.મનસુખભાઈ છગનલાલ જોષી, પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વ.મોહંમદભાઈ ગુલામમોહયુદીન સુરતી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યો સ્વ.ધીરજલાલ કુલાભાઈ રીબડીયા, સ્વ.અમરસિંહ રામસિંહ વસાવા, સ્વ.વજુભાઈ પરમાભાઈ ડોડિયા અને સ્વ.બાવનજીભાઈ હંસરાજભાઈ મેતલિયાના અવસાનનો શોક ઠરાવ પ્રસાર કરી શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવશે.

વિવિધ વિધેયકો મેજ પર મૂકવાની કામગીરી પૂર્ણ થયા બાદ ઉપાધ્યક્ષની ચૂંટણી યોજવામાં આવશે. જેમાં ધારાસભ્ય દિનેશભાઈ ઠાકોરે આ સભાગૃહના સભ્ય શૈલેષ પરમારને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે જયારે જીતુભાઈ વાઘાણી એવો ઠરાવ કરશે કે આ સભાગૃહના સભ્ય પૂર્ણેશ મોદીને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે. કામકાજ સલાહકાર સમિતિના અગિયારમાં અહેવાલની રજૂઆત કરાશે.

નાણામંત્રી દ્વારા તા.૧૮મી ફેબ્રુઆરીના રોજ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર (બજેટ) રજૂ કરવામાં આવશે. વધારાના ખર્ચના પત્રકોઃ અંદાજપત્રની સાથે વર્ષ ૨૦૧૧-૧૨, ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬ અને ૨૦૧૮-૧૯ ના વધારાના ખર્ચના પત્રકો તેમજ વર્ષ ૨૦૨૫-૨૬ના પૂરક પત્રકો પણ રજૂ કરવામાં આવશે.



આ સત્ર તા.૧૬ થી તા.૨૫/૦૩ સુધી કામકાજના કુલ ૨૩ દિવસ ચાલશે. જેમાં કુલ ૨૬ બેઠકો યોજાશે. વિધાનસભાના કામકાજની વહેંચણી કરવામાં આવી છે. રાજ્યપાલના સંબોધન પર ચર્ચાઃ ૩ બેઠકો, સરકારી કામકાજ અને વિધેયકોઃ ૪ બેઠકો, નાણાકીય કામકાજઃ કુલ ૧૮ બેઠકો રહેશે. જેમાં અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા માટે ૪ બેઠકો, વિભાગવાર માંગણીઓ ઉપર ચર્ચા અને મતદાન માટે ૧૨ બેઠકો અને પૂરક માંગણી પર ચર્ચા અને મતદાન માટે ૨ બેઠકો રહેશે. બિનસરકારી કામકાજઃ ૬ બેઠકમાં બિનસરકારી કામકાજ નિયમો મુજબ હાથ ધરવામાં આવશે. પ્રશ્નોત્તરી અને ટેકનોલોજીનો ઉપયોગ આ સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નોનું કામકાજ હાથ ધરવામાં આવશે. જેના માટે અધ્યક્ષ દ્વારા મંત્રીઓના પાંચ જૂથોની રચના કરવામાં આવી છે અને તારાંકિત પ્રશ્નોની સૂચના માટે વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

સભ્યોની સુવિધા માટે પ્રશ્નોની સૂચના ઓનલાઈન અથવા ઓફલાઈન એમ બંને માધ્યમથી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

### વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે પૂર્ણેશ મોદી ચૂંટાઇ આવશે

**કોંગ્રેસ શૈલેષ પરમારને ફોર્મ ભરાવ્યું હોય પૂર્ણેશ મોદીની બિન હરિફ વરણી નહી થાય**

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ભાજપના ધારાસભ્ય અને પુર્વ મંત્રી પૂર્ણેશભાઈ મોદી ચૂંટાય આવશે કોંગ્રેસ શૈલેષભાઈ પરમારને ઉપાધ્યક્ષની ચૂંટણી માટે ફોર્મ ભરાવ્યું હોય પૂર્ણેશભાઈની બિન હરિફ વરણી થશે નહી ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. કોંગ્રેસના ધારાસભ્ય દિનેશભાઈ ઠાકોર વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે શૈલેષભાઈ પરમારની નિયુકતી કરવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરશે જેની સામે કેબીનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી ગૃહના ઉપાધ્યક્ષ તરીકે પુર્ણેશભાઈ મોદીના નામનો પ્રસ્તાવ મૂકશે. ભાજપ પાસે તોતીંગ બહુમતી હોય પૂર્ણેશ મોદી વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવશે.

# સૌરાષ્ટ્ર - કચ્છના ૧૫ મામલતદારોની બદલીઃ ૪૨ ના. મામલતદારોના પ્રમોશન

## જસદણ, રાજકોટ (વેસ્ટ)ખંભાળીયા, ભાણવડ, અમરેલી (રૂરલ), રાણાવાવ, ચુડા, મુળી, બોટાદ, થાન, તાલાલા, ગીર સોમનાથ અને હળવદના મામલતદારની બદલી

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છના ૧૫ મામલતદારોની બદલી કરવામાં આવી છે. જયારે ૪૨ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળીયાના મામલતદાર સુરેશ દેસાઈની, સાવરકુંડલામાં, ભાણવડના મામલતદાર વાય.પી.ગઢવીની ખંભાળીયામાં, અમરેલી (રૂરલ) ના વિક્રમ વરૂની ભાણવડ ખાતે, રાણાવાવના જીતેન્દ્ર ડાભીની જુનાગઢમાં, પોરબંદરના ઈલેકશન મામલતદાર એચ.એન. પરમારની રાણાવાવમાં ચુડાના એસ.સી. બેન્જામીનની ગાંધીનગરમાં, બોટાદના મુકેશકુમારની અમદાવાદમાં, થાનના નીલેશકુમાર પટેલની પાટણમાં, તાલાલાના સી.જી. ચુડાસમાની અમરેલીમાં, ગીર સોમનાથના સંજયકુમાર બારિયાની વેરાવળ (રૂરલ) ખાતે, જસદણના આઈ.જી. ઝાલાની પોરબંદર ખાતે, સુરેન્દ્રનગરના ચીટનીસ મયંકકુમાર દવેની મોરબી ખાતે રાજકોટ (વેસ્ટ)ના મામલતદાર અજીતકુમાર જોશીની જુનાગઢમાં જાડા ખાતે મુળીના પારૂલબેન શાહની મોરબી ખાતે અને મોરબી જિલ્લાના હળવદના મામલતદાર અલકેશકુમાર ભટ્ટની

જેસરના મામલતદાર તરીકે બદલી કરાય છે. જયારે જે ૧૬૫ નાયબ મામલતદારને મામલતદાર તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે. તેમાં સૌરાષ્ટ્ર-કચ્છના ૨૨ નાયબ મામલતદારોનો સમાવેશ થાય છે.

રાજય સરકારના મહેસુલ વિભાગ દ્વારા ૩૭ મામલતદારોની બદલી કરવામાં આવી છે જયારે ૧૬૫ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે પ્રમોશન આપવામાં આવી છે.

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે વહીવટી તંત્રમાં મહત્વપૂર્ણ ફેરફારો કરતાં રાજ્યભરમાં ૩૭ મામલતદારોની બદલીના આદેશ જાહેર કર્યા છે. સાથે જ ૧૬૫ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે બઢતી આપવામાં આવી છે. આ અંગે સચિવાલય, ગાંધીનગરથી સત્તાવાર આદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.માહિતી અનુસાર, બદલાતા વહીવટી જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને જિલ્લાઓમાં કામગીરી વધુ અસરકારક બને તે હેતુથી આ ફેરફારો કરવામાં આવ્યા છે. વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા મામલતદારોને અન્ય તાલુકા તથા જિલ્લામાં બદલી આપવામાં આવી છે. ખાસ કરીને વહીવટી કામગીરી, આપત્તિ વ્યવસ્થાપન, ચૂંટણી શાખા અને અર્બન ડેવલપમેન્ટ સંબંધિત કચેરીઓમાં પણ નિયુકિતઓ કરવામાં આવી છે.૧૬૫ નાયબ મામલતદારોને મામલતદાર તરીકે (અનુ. આઠમા પાને)








મહાશિવરાત્રી નો પર્વ ચાલી રહીયુ છે મારાં પૂજ્ય પિતાશ્રી ભક્ત ભુરાભાઈ પરસાણા સદગુરુ દેવીદાસ બાપુ અમર માઁ ની કૃપા થી છેલ્લા 50 વરસ થી દેશ દુનિયા નો પ્રવાસ 20 વરસ થી 365 દિવસ ગામડા નો પ્રવાસ પ્રાકૃતિક ખેતી ગાય આધારિત ખેતી આજે આપણા મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલ નાં અથાક પ્રયાસ થી આપણને આઝાદી મળી પણઃ આપણને સાચી આઝાદી નથી મળી છેલ્લા 60 વરસ થી દુનિયા ની મલ્ટીનેશનલ કમ્પની ભારત માં ઝહેર નો ધન્ધો ધમધોકાર ચાલી રહીયો છે ભારત દેશ તેમજ દુનિયા નાં લોકો ને બીમાર કરી નાખ્યાં આજે કેન્સર ડાયાબિટીસ હાર્ટ એટેક નું પ્રમાણ વધી ગયું છે ઘરે ઘરે લોકો બીમાર છે હજી આવનાર સમય માં બીમારી વધશે તેની સામે મેં મલ્ટીનેશનલ દવા બનાવતી કમ્પની સામે ચેલેન્જ ફેંકી છે જે આજે વિશ્વ નાં ઈતિહાસ માં કોઈએ ન ફેંકી હોઈ અમારા કચ્છ નાં કિશાન સંઘ નાં પ્રમુખ શ્રી વેલજીભાઈ ભુડિયા નો પ્રયોગ 250 મિલી દૂધ 100 ગ્રામ ગોળ વધુ પરિણામ માટે 250 મિલી ગૌમૂત્ર 250 મિલી ગોબર નું પાણી 2 ચમચી હળદર 1 ગ્લાસ હિંગ નું પાણી આ પ્રયોગ અમારો દેશ દુનિયા માં જોરદાર સફળ થયો છે તમારો કોઈ પણ પાક હોઈ ફ્લાવારિંગ આવે ત્યારે બે થી ત્રણ વાર છટકાવ કરી દર 15 દિવસે કરી દેવો આના થી તમારું 25 % ઉત્પાદન વધે 25% ખર્ચ ઘટે આનાથી છોડ ને બધા પોષકતત્વ મળી જાઈ અને ખાસ કરીને મધમાંખી આવે એટલે ફ્લીનીકરણ થાઈ આના માટે મેં છેલ્લા બે વરસ થી ઈનામ બહાર પાડેલ છે આ પ્રયોગ માં 20 રૂપિયા ની નુકશાની જાઈ તો 1 કરોડ રૂપિયા નું ઈનામ દર 15 દિવસે કરી દેવો જે આજ સુધીમાં કોઈ લેવા નથી આવ્યું આ પ્રયોગ અમેરિકા નાં પ્રખ્યાત વૈજ્ઞાનિક વિષ્ણુ પટેલ અમેરિકા માં સંશોધન કર્યું છે અને ભારત માં બરોડા ની લેબોરેટરી માં સંશોધન થયું આજે આપણા દેશ માં આપણા યસ્સવી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાજ્યપાલ દેવરત આચાર્યા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ નાયબમુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી અથાક પ્રયત્ન કરી રહિયા છે આ પ્રયોગ ભારત અમેરિકા યુરોપ આફ્રિકા થાઈલેન્ડ માં થઈ રહીયો છે મારાં અભિયાન માં ભારત ની ધાર્મિક સંસ્થા નામાંકિન્ત કમ્પની તેમજ સામાજિક સંસ્થા જોડાયેલ છે ટાટા સન્સ રિલાયન્સ ફાઉન્ડેશન અંબુજા ફાઉન્ડેશન ફેવિકોલ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કોડીનાર સત દેવીદાસ અમર દેવીદાસ આશ્રમ માધવરાયજી મંદિર માધવપુર ઘેડ ભારતિય કિશાન સંઘ દિલ્હી RSS ક્રીશી જાગરણ દિલ્હી એસિઅન ટાઈમ્સ લન્ડન અને ન્યૂયોર્ક ગુજરાત સમાચાર લન્ડન અકિલા સાંજ સમાચાર તમામ સ્વામિનારાયણ મંદિર.

શ્રી ભરત પરસાણા (ગૌ ભકત)

સંપર્ક / પ્રચારકઃ
હોદોઃ પ્રચારક - રાજકોટ, ગુજરાત
મોબાઈલઃ ૯૭૨૬૩ ૯૯૯૯૯



